RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત


ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 11-07-2026 I VOL : 12 I Issue : 116 I Page : 8 I Price : 1.00/-


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**

સાચો માર્ગ હંમેશા સરળ નથી હોતો. સારા કર્મો જીવનને સુંદર બનાવે છે.

3  ગુજરાતના શહેરી વિકાસનો સુવર્ણ યુગ: મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો ઐતિહાસિક નિર્ણય,..

4  સુરત પૂરનો અસલી ખેલ: કુમાર કાનાણીની 'માનવસર્જિત આફત'ની...

6  ₹1.68 લાખની સાડીમાં રશ્મિકા મંદાનાનો રોયલ લુક

7  પહેલીવાર ચેક રિપબ્લિક 2 ખેલાડીઓ વચ્ચે વિમ્બલડન ફાઇનલ

## એક નજર...

### બ્લૂ લહેંગામાં સરગુન મહેતાએ કરાવ્યું ગ્લેમરસ ફોટોશૂટ



સરગુન મહેતાએ વર્ષ 2009માં ટીવી સિરિયલ '12/24 કરોલ બાગ'થી અભિનયની દુનિયામાં પ્રવેશ કર્યો હતો. સરગુન આ સિરિયલમાં સપોર્ટિંગ રોલમાં જોવા મળી હતી અને પહેલી જ સિરિયલથી જ તેણે દર્શકોના દિલમાં પોતાની એક ખાસ જગ્યા બનાવી લીધી હતી. રવિ દુબેએ 'નચ બલિયે' દરમિયાન નેશનલ ટીવી પર બધાની સામે અભિનેત્રીને લગ્ન માટે પ્રપોઝ કર્યું હતું.

## NEWS TRACK

### 36 ઇંચ વરસાદની આગાહી! આખેઆખા શહેર થંભી ગયા: 'બાવી' વાવાઝોડાના કારણે ફફડાટ

એક તરફ દુનિયાના ઘણા ભાગો ભારે ગરમીનો સામનો કરી રહ્યા છે, ત્યારે બીજી તરફ પૂર્વ એશિયામાં કુદરતે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. પ્રશાંત મહાસાગરમાંથી ઉદ્ભવેલું ટાયફૂન 'બાવી' (Typhoon Bavi) અત્યંત આક્રમક ગતિએ તાઈવાન, જાપાન અને દક્ષિણ-પૂર્વ ચીન તરફ આગળ વધી રહ્યું છે. આ આપત્તિ એવા સમયે આવી છે જ્યારે ચીનના અન્ય ભાગોમાં આ અઠવાડિયે આવેલા જીવલેણ વાવાઝોડાના કારણે ઓછામાં ઓછા 50 લોકો પોતાના જીવ ગુમાવી ચૂક્યા છે. બાવી વાવાઝોડાના કારણે પૂર અને ભૂસ્ખલનની શક્યતા જાપાનના દક્ષિણ-પશ્ચિમમાં આવેલા અંતરિયાળ ટાપુઓ પર હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. હવામાન વિભાગે ચેતવણી આપી છે કે આ વાવાઝોડું આ વિસ્તારમાં છેલ્લા ઘણા વર્ષોનું સૌથી વિનાશક તોફાન સાબિત થઈ શકે છે, જેના કારણે ભારે પૂર, ભૂસ્ખલન અને ભયાનક પવન ફૂંકાવાની શક્યતા છે. આ વાવાઝોડામાં પવનની મહત્તમ ગતિ 162 કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી ગઈ છે.

### ટ્રમ્પને જાનથી મારવાનું 'નવું કાવતરું'? ઈઝરાયલના એક સિક્રેટ ઇનપુટે સળગાવી યુદ્ધની આગ: રિપોર્ટ

અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલું યુદ્ધ ખૂબ જ આક્રમક બની ગયું છે. ઈરાનના ઘણા શહેરોમાં તાજેતરમાં જ ધડાકા થયા. તેહરાને દાવો કર્યો કે, તેના 8 જવાનોના મોત થયા છે. આ દરમિયાન એક મહત્ત્વની માહિતી સામે આવી છે. ઈઝરાયલે અમેરિકાને ઈનપુટ આપ્યા છે કે, ઈરાને તેમની હત્યાનો પ્લાન બનાવ્યો છે. એવું પણ માનવામાં આવી રહ્યું છે કે, આ ગુપ્ત ઈન્ટેલ (ઈન્ટેલિજન્સ)ના કારણે જ અમેરિકાએ ઈરાન પર ફરીથી એટેક કર્યો. રિપોર્ટ્સ અનુસાર, ઈઝરાયલે વોશિંગ્ટન સાથે ઈન્ટેલિજન્સ શેર કરી છે, જેનાથી ખબર પડે છે કે, ઈરાને તાજેતરમાં જ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની હત્યાનો પ્લાન બનાવ્યો છે. વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ આ ઈન્ટેલનો સહારો લઈને ટ્રમ્પને ફરીથી હુમલો કરવા માટે ઉશ્કેરી દીધા. અમેરિકા-ઈરાન વચ્ચે સીઝફાયર થઈ ચૂક્યું હતું, પરંતુ આ એક ઈનપુટે, બંને દેશો વચ્ચે ફરીથી યુદ્ધ શરૂ કરાવી દીધું. ઈઝરાયલનું આ ઈન્ટેલ સાચું હતું કે નહીં, તે કહી શકાતું નથી, પરંતુ કેટલાક અમેરિકન અધિકારીઓ આ વાતને લઈને ચિંતિત છે કે, ઈઝરાયલની ગુપ્ત માહિતી માત્ર ટ્રમ્પને ઉશ્કેરવાનો એક પ્રયાસ હતો.

### કેન્દ્ર સરકારે નવી સૂચનાઓ જારી કરી

# પહેલા વંદે માતરમ્ પછી જન-ગણ-મન થશે

**નવી દિલ્હી**

કેન્દ્ર સરકારે રાષ્ટ્રગાન જન-ગણ-મન અને રાષ્ટ્રગીત વંદે માતરમ્ અંગે તમામ રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો અને કેન્દ્રીય મંત્રાલયોને નવી સૂચનાઓ જારી કરી છે. મંત્રાલયે જણાવ્યું છે કે નિયમોમાં પહેલેથી જ નક્કી છે કે કયા કાર્યક્રમોમાં બંનેને ગાવા કે વગાડવા જરૂરી છે. મંત્રાલયે જણાવ્યું કે જો બંનેની એકસાથે રજૂઆત થાય તો પહેલા વંદે અને પછી જન-ગણ-મન હશે. જે રાજ્યોમાં રાજ્ય ગીત પણ હોય છે, ત્યાં પણ નિર્ધારિત ક્રમનું પાલન કરવું પડશે. 9 જુલાઈએ તમામ રાજ્યો અને મંત્રાલયોને પત્ર મોકલવામાં આવ્યો હતો, જેની માહિતી શુક્રવારે સામે આવી છે. તમામ રાજ્યોને નિર્દેશ આપવામાં આવ્યો છે કે રાષ્ટ્રગાન અને રાષ્ટ્રગીતના મૂળ શબ્દો, સાચા ઉચ્ચારણ અને નિર્ધારિત રજૂઆતનું સંપૂર્ણ પાલન થાય. બંનેનો અધિકૃત પાઠ અને સાચો ઉચ્ચારણ મંત્રાલયની વેબસાઈટ પર ઉપલબ્ધ કરાવવામાં આવ્યો




છે, જેથી કોઈ ભૂલ ન થાય. આ પહેલા 28 જાન્યુઆરીએ પણ સરકારે તમામ રાજ્યોને આ જ આદેશ આપ્યો હતો. તે મુજબ, તમામ શાળાઓમાં દિવસની શરૂઆતમાં રાષ્ટ્રગીત વગાડવામાં આવશે. વંદે માતરમના સમયે દરેક વ્યક્તિએ ઊભા રહેવું પડશે. રાષ્ટ્રગીતના તમામ 6 અંતરા ગવાશે.

## સુપ્રીમ કોર્ટમાં વકીલની ડાગળી ચસકી, CJIને ગાળો ભાંડી

**નવી દિલ્હી**

શુક્રવારે સુપ્રીમ કોર્ટમાં એક અરજદાર વકીલે સુનાવણી દરમિયાન અભદ્ર વર્તન કર્યું. અલાહાબાદ હાઈકોર્ટના નિર્ણયને પડકારતી અરજી પર સુનાવણી ચાલી રહી હતી. આ અરજી વકીલે જ કરી હતી. સુનાવણીની શરૂઆતથી જ વકીલે ખૂબ જ આક્રમક વલણ અપનાવ્યું હતું. થોડી જ વારમાં તેણે કોર્ટમાં ગાળો બોલવાનું શરૂ કરી દીધું. એટલું જ નહીં, કેસ સંબંધિત કાગળો હવામાં ઉછાળતા કહ્યું... 'તે @★$&% CJIને આપી દેજો....' અરજદાર વકીલના આ વર્તનથી કોર્ટ રૂમમાં થોડા સમય માટે સન્નાટો છવાઈ ગયો. પરંતુ તરત જ સિક્યોરિટીએ તેને કોર્ટ રૂમમાંથી બહાર કાઢી મૂક્યો. આ કેસની સુનાવણી જસ્ટિસ કે.વી. વિશ્વનાથન અને જસ્ટિસ આલોક આરાધેની બેન્ચ કરી રહી હતી. જોકે, કોર્ટે વકીલ વિરુદ્ધ અવમાનનાની કાર્યવાહી ન કરવાનો નિર્ણય લીધો, પરંતુ તેની અરજી ફગાવી દીધી. સુનાવણી શરૂ થતાં જ અરજદારે કહ્યું, 'ન્યાયિક અધિકારી મહોદય, હું તમને આદેશ આપું છું કે તમે લખનઉના ACP વિરુદ્ધ FIR નોંધવાનો આદેશ આપો.' આના પર જસ્ટિસ કે.વી. વિશ્વનાથને આશ્ચર્ય વ્યક્ત કરતા પૂછ્યું, 'તમે મને આદેશ આપી રહ્યા છો?

### મેડિકલ સ્ટોર્સે દર્દી-ડોક્ટરના નામ સાથેનો 3 વર્ષનો રેકોર્ડ રાખવો પડશે

# 12%થી વધુ આલ્કોહોલવાળી દવા પ્રિસ્ક્રિપ્શન વિના નહીં મળે

**કડપ્પા**

કેન્દ્ર સરકારે 12%થી વધુ આલ્કોહોલ મિશ્રિત દવાઓના ખુલ્લા વેચાણ પર પ્રતિબંધ મૂક્યો છે. હવે આ દવાઓ ડોક્ટરના માન્ય પ્રિસ્ક્રિપ્શન વિના વેચી શકાશે નહીં. દવાઓના દુરુપયોગને રોકવા માટે સરકારે ડ્રગ્સ રૂલ્સ, 1945માં આ ફેરફાર કર્યો છે. નવા નિયમ હેઠળ, તે તમામ પીવાની દવાઓને 'શેડ્યુલ H1' ની કેટેગરીમાં સામેલ કરવામાં આવી છે, જેમાં ઈથાઈલ આલ્કોહોલનું પ્રમાણ 12%થી વધુ હોય છે અને જે 30 મિલીલીટરથી મોટી બોટલમાં વેચાય છે.

આ ફેરફાર પછી, હવે આ દવાઓનું ખુલ્લેઆમ વેચાણ થઈ શકશે નહીં અને મેડિકલ સ્ટોર્સ માટે તેમને વેચવાના નિયમો ઘણા કડક થઈ જશે. કેન્દ્ર સરકારે દેશના રાજપત્ર (Gazette of India) માં એક નોટિફિકેશન બહાર પાડ્યું છે. આ મુજબ, એવી તમામ પીવાની દવાઓ–જેમ કે કફ સિરપ કે ટોનિક–




જેમાં ઈથાઈલ આલ્કોહોલ (Ethyl Alcohol) નું પ્રમાણ 12%થી વધુ છે અને તે 30 ml થી મોટી બોટલમાં આવે છે, તેમને હવે 'શેડ્યૂલ H1' (Schedule H1) કેટેગરીમાં મૂકવામાં આવી છે. આ દવાઓ મેડિકલ સ્ટોર્સ પર ડોક્ટરના માન્ય પ્રિસ્ક્રિપ્શન (Prescription) વગર વેચી શકાશે નહીં. આ ઉપરાંત, દવા વેચનારાઓએ આ દવાઓના વેચાણનો સંપૂર્ણ રેકોર્ડ એક અલગ રજિસ્ટરમાં રાખવો પડશે.

# વડોદરામાં સત્તાધારી પક્ષના નેતાઓનો આંધળો આતંક

## નર્મદા મૈયાનું ખુલ્લેઆમ ચીરહરણ અને ડેરીમાં લાખોની લૂંટ છતાં કલેક્ટર, એસપી અને ખાણ ખનીજ વિભાગ કેમ નેતાઓના પગ પંપાળે છે? મુખ્યમંત્રીના ઝીરો ટોલરન્સના દાવાના ધજાગરા!

**વડોદરા/કરજણ, પાક્કો ગુજરાત ન્યૂઝ બ્યુરો**

ગુજરાત સરકાર ગાંધીનગરની ગાદી પરથી ભલે 'ના ખાઉંગા, ના ખાને દૂંગા' અને 'ભ્રષ્ટાચાર મુક્ત શાસન' ના મસમોટા ભોપાળા છોડતી હોય, પણ વાસ્તવિકતા એ છે કે વડોદરા જિલ્લામાં સત્તાધારી ભાજપના નેતાઓએ કાયદો, વ્યવસ્થા અને નૈતિકતાના લીરેલીરા ઉડાડી દીધા છે. જિલ્લામાં સરપંચની ખુરશીથી લઈને જિલ્લા પંચાયતના પ્રમુખ સુધી ભ્રષ્ટાચારનો એવો ખદબદતો કાદવ કીચડ જામ્યો છે, જ્યાં કરોડો રૂપિયાનો કાળો વહીવટ ખુલ્લેઆમ ચાલી રહ્યો છે. વડોદરા જિલ્લા પંચાયતના પ્રમુખ જ્યોત્સનાબેન વસંતભાઈ રબારીના પતિ વસંત રબારી સામે ગેરકાયદેસર રેતી ખનન, ખંડણી અને કરોડોની રોયલ્ટી ચોરીના જે આક્ષેપો પુરાવા સાથે ઉઠ્યા છે, તેણે સમગ્ર રાજ્યના રાજકારણમાં ભૂકંપ લાવી દીધો છે. સવાલ એ છે કે જનતાના વોટ લઈને બેઠેલા આ સફેદપોશ લૂંટારુઓ સામે એક્શન લેવાની તંત્રની ઓકાત કેમ નથી?

### ખોદાઈ રહી છે કાળી કમાણી: નારેશ્વર-પાલેજ હાઇવે પર રોયલ્ટી વગર રેતીના પહાડો ખડકાયા

સૂત્રો પાસેથી મળતી અત્યંત સનસનાટીભરી વિગતો મુજબ, નારેશ્વરથી પાલેજ તરફ જતા મુખ્ય માર્ગ પર કોઈ પણ પ્રકારની સરકારી મંજૂરી કે રોયલ્ટી પાસ વગર ગેરકાયદેસર રેતીનો અધધ જથ્થો ખડકી દેવામાં આવ્યો છે. પવિત્ર નર્મદા નદીની છાતી ચીરીને, રાત-દિવસ જેસીબી અને ડમ્પરો દોડાવીને કુદરતી સંપત્તિની આંધળી લૂંટ ચલાવવામાં આવી રહી છે. સત્તાના જોરે આ ખનન માફિયાઓ નર્મદા નદીનું અસ્તિત્વ જોખમમાં મૂકી રહ્યા છે. સૌથી મોટો અને શરમજનક સવાલ એ છે કે આટલું મોટું કૌભાંડ રોડ પર ખુલ્લેઆમ દેખાતું હોવા છતાં, કરજણના એસડીએમ શિવમ બારિયા, વડોદરા કલેક્ટર, જિલ્લા પોલીસ વડા (SP), સ્થાનિક મામલતદાર અને ખાણ ખનીજ વિભાગના અધિકારીઓ આંખ આડા કાન કરીને કેમ બેઠા છે? કરોડો રૂપિયાના હપ્તા કઈ-કઈ કચેરીઓમાં પહોંચે છે કે આખું તંત્ર આ નેતાના પગની જૂતી બનીને રહ્યું છે? આ તે કેવો વહીવટ જ્યાં કાયદો માત્ર સામાન્ય જનતા માટે છે અને નેતાઓ માટે લાલ જાજમ?

### બરોડા ડેરીમાં પણ ધોળા દિવસે ધાડ: સબડોળ ચિલિંગ સેન્ટરમાં 60 લાખનો મોટો ઘોટાળો

બીજેપીના આ હોદ્દેદારોની ભૂખ એટલી હદે વકરી છે કે તેઓ પશુપાલકો અને ગરીબ દૂધ ઉત્પાદકોને પણ છોડવા તૈયાર નથી. બરોડા ડેરીના સત્તાવાર ઓડિટ રિપોર્ટમાં એક એવો ભયાનક વિસ્ફોટ થયો છે જેણે સહકારી ક્ષેત્રના પાયા હલાવી દીધા છે. ડેરીના સબડોળ ગામે આવેલા ચિલિંગ સેન્ટરમાં અંદાજે ૫૦ થી ૬૦ લાખ રૂપિયાનો મોટો આર્થિક ઘોટાળો આચરવામાં આવ્યો હોવાનું સત્તાવાર ચોપડે સાબિત થયું છે. ગરીબ ખેડૂતોના પરસેવાના પૈસા પોતાના અંગત સ્વાર્થ માટે વાપરી નાખનારા આ નેતાઓ સામે ગુનો દાખલ કરવાની હિંમત ડેરીના સત્તાધીશો કેમ બતાવી શકતા નથી? સરપંચથી લઈને જિલ્લા પંચાયત સુધીની આખી ભ્રષ્ટાચારની સાંકળ વડોદરા જિલ્લાને ઉધઈની જેમ કોરી ખા રહી છે.

### મુખ્યમંત્રી સુધી ફરિયાદ છતાં કાગળો ડસ્ટબિનમાં: આખરે આ પૈસાનો ખેલ ક્યાં જઈને અટકશે?

આ સમગ્ર લૂંટફાટ અને ભ્રષ્ટાચાર અંગે ખુદ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને તમામ પુરાવા અને કાગળો સાથે લેખિત ફરિયાદ કરવામાં આવી હતી. પરંતુ અફસોસ કે મુખ્યમંત્રી કાર્યાલય (CMO) માંથી પણ વડોદરાના આ માફિયાઓ સામે કોઈ જ કડક પગલાં લેવાયા નથી. વડોદરાનું આખું વહીવટી અને પોલીસ તંત્ર કાં તો સત્તાના દબાણ હેઠળ નપુંસક બની ગયું છે અથવા તો અબજો રૂપિયાના આ ખેલમાં ભાગીદાર બની ગયું છે. 'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપર સરકારની છાતી પર પગ મૂકીને સીધો સવાલ પૂછે છે કે, ચૂંટણીઓમાં ઈમાનદારીની વાતો કરનારા મુખ્યમંત્રી પોતાના જ પક્ષના આ ભ્રષ્ટ નેતાઓ પર બુલડોઝર ક્યારે ચલાવશે? શું નેતાઓનો ભ્રષ્ટાચાર આમ જ પોસાતો રહેશે કે પછી જનતા રસ્તા પર ઉતરીને આ નબળી સિસ્ટમના પાયા હલાવી નાખશે?




ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

# પોરબંદર એલ.સી.બી.એ આસામના અપહરણ કેસના આરોપી અને સગીરાને નરવાઈ મંદિર પાસેથી શોધી કાઢ્યા

ગોસા (ઘેડ), વિરમભાઈ કે. આગઠ

આસામ રાજ્યના બક્સા જિલ્લાના બરામા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા અપહરણ અને ગેરકાયદેસર અટકાયતના ગુનામાં વોન્ટેડ આરોપી તથા ગુનાના ભોગ બનેલી સગીરવયની દિકરીને પોરબંદર એલ.સી.બી.એ સફળ કામગીરી દરમિયાન શોધી કાઢી હતી. જુનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તથા પોરબંદર પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ ગુમ થયેલા અને અપહરણના ભોગ બનેલા વ્યક્તિઓ તથા આરોપીઓને શોધી કાઢવા માટે વિશેષ સૂચનાઓ આપવામાં આવી હતી. આ અનુસંધાને એલ.સી.બી. ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર આર.કે. કાંબરીયાના માર્ગદર્શન હેઠળ ટીમે તપાસ હાથ ધરી હતી. એ.એસ.આઈ. બટુકભાઈ વિંઝુડા, રણજીતસિંહ દયાતર તથા હેડ કોન્સ્ટેબલ વિરેન્દ્રસિંહ પરમારને ખાનગી બાતમી મળી હતી કે આસામ રાજ્યના બક્સા જિલ્લાના બરામા પોલીસ સ્ટેશનમાં ગુનો રજિસ્ટર નં. ૦૦૩૯/૨૦૨૬, બી.એન.એસ. કલમ ૧૨૭(૩) અને ૧૩૭(૨) હેઠળ નોંધાયેલા કેસનો આરોપી સૌરવ ઉર્ફે રીયાન નબજીત ગોગોઇ અને ભોગ બનનાર સગીરવયની દિકરી પોરબંદર-સોમનાથ નેશનલ હાઈવે પર નરવાઈ મંદિર સામે આવેલી 'અક્ષ ફીશ મીલ એન્ડ ઓઈલ' ફેક્ટરીમાં રોકાયેલા છે. બાતમીના આધારે એલ.સી.બી.ની ટીમે સ્થળ પર પહોંચી તપાસ કરતાં આરોપી સૌરવ ઉર્ફે રીયાન ગંગાધર ગોગોઇ (ઉ.વ. ૨૬), રહેવાસી પદમબારા ગામ, આનંદબજાર, તમુલપુર-દોમદોમા રોડ, જિલ્લો તામુલપુર (આસામ) તથા સગીરવયની ભોગ બનનાર દિકરી મળી આવ્યા હતા.

# દ્વારકાધીશ હોટલના સંચાલક પર તલવાર-ધારીયાથી જીવલેણ હુમલો કરનાર આરોપીને પકડી પાડી પોલીસે કર્યું રિકન્સ્ટ્રક્શન

ગોસા (ઘેડ), વિરમભાઈ કે.આગઠ

પોરબંદર જિલ્લાના ઉદ્યોગનગર પોલીસ મથક વિસ્તારમાં આવેલ ધ ગ્રાન્ડ દ્વારકાધીશ હોટલના સંચાલક પર તલવાર, ધારીયો અને લાકડી વડે જીવલેણ હુમલો કરવામાં આવ્યાની ઘટના સામે આવી છે. હુમલામાં હોટલ સંચાલકને માથામાં ગંભીર ઈજા પહોંચતા સાત જેટલા ટાંકા લેવા પડ્યા હતા, જ્યારે તેમની સાથે રહેલા કર્મચારીને પણ માથામાં ઈજા પહોંચી હતી. પોલીસે ત્રણ આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. ફરિયાદ મુજબ, કોલીખડા વિસ્તારમાં રહેતા અને ધ ગ્રાન્ડ દ્વારકાધીશ હોટલ ચલાવતા હરીશ ઉર્ફે હેરી મેરામણભાઈ બાપોદરા ગત રાત્રે તેમના કર્મચારી રાજુ મોઢવાડિયા સાથે ફોરવ્હીલ વાહનમાં ઘરે જઈ રહ્યા હતા. રાત્રે આશરે ૨.૧૫ વાગ્યે પ્રતાપ ઉર્ફે ચોટલી માલદેભાઈ મોઢવાડિયાની વાડી પાસે પહોંચતા ત્રણ શખ્સો પ્રાણઘાતક હથિયારો સાથે ઉભેલા જોવા મળ્યા હતા. આરોપીઓએ હરીશ બાપોદરાને "નિલેશને હોટલે કેમ આવવા દે છે?" તે બાબતે તકરાર શરૂ કરી હતી. વાતચીત ઉગ્ર બનતાં આરોપી પ્રતાપ ઉર્ફે ચોટલીએ તલવાર વડે હરીશના માથાના ડાબા ભાગે હુમલો કર્યો હતો, જેના કારણે ગંભીર ઈજા થઈ અને લોહી વહેવા લાગ્યું હતું. ત્યારબાદ રાજશી ઘેલાભાઈ ઓડેદરાએ ધારીયાના ઊંધા ઘા વડે તેમના ડાબા હાથના કાંડા પર ઈજા પહોંચાડી હતી. બચાવ માટે વચ્ચે પડેલા રાજુ મોઢવાડિયાને માલદે રાજશીભાઈ મોઢવાડિયાએ લાકડી વડે માથામાં ફટકો માર્યો હતો. હુમલાખોરોએ બંનેને આડેધડ માર માર્યો હતો તેમજ ભુંડી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા.

# વિધવાના આસૂં વેચીને લાંચ ખાનારો નરાધમ ACBના સકંજામાં: ચણસ્મા મામલતદાર કચેરીનો કમ્પ્યુટર ઓપરેટર રંગેહાથ ઝડપાયો!

પાટણ/ચણસ્મા

ભ્રષ્ટાચારના કાદવમાં ડૂબેલી સરકારી કચેરીઓમાંથી વધુ એક કાળી કરતૂત સામે આવી છે, જેને સાંભળીને કોઈપણ સંવેદનશીલ માણસનું લોહી ઉકળી ઊઠે. સરકાર ગરીબો અને અસહાય મહિલાઓ માટે યોજનાઓ બહાર પાડે છે, પણ કચેરીઓમાં બેઠેલા કેટલાક વચેટિયાઓ અને બાબુઓ આવા લાચાર લોકોના હક પર પણ ત્રાપ મારતા અચકાતા નથી. ચણસ્મા મામલતદાર કચેરી ખાતે ફરજ બજાવતા કમ્પ્યુટર ઓપરેટર પ્રકાશ પરમારને એન્ટી કરપ્શન બ્યુરો (ACB) એ લાંચ લેતા રંગેહાથ દબોચી લીધો છે. વિધવા સહાયના દાખલા જેવા સંવેદનશીલ કામમાં પણ લાંચિયા દેવતાએ પોતાની દાનત બગાડી હતી.

મળતી વિગતો મુજબ, એક અત્યંત ગરીબ અને નિરાધાર વિધવા મહિલા સરકારની 'વિધવા સહાય યોજના'નો લાભ લેવા માટે ચણસ્મા મામલતદાર કચેરીના ધક્કા ખાઈ રહી હતી. આ યોજનાનો લાભ મેળવવા માટે 'વિધવા સહાયનો દાખલો' કઢાવવો અનિવાર્ય હતો. વિધવાની લાચારીનો ફાયદો ઉઠાવીને કચેરીના આઉટસોર્સિંગ કમ્પ્યુટર ઓપરેટર પ્રકાશ પરમારે મફતમાં થતા આ કામ માટે લાંચની માંગણી કરી હતી. 'જો પૈસા નહીં આપો તો દાખલો નહીં નીકળે' તેવી ધમકી આપીને આ નરાધમે એક વિધવાના આસૂંનો પણ સોદો કરી નાખ્યો હતો. મહિલા કે તેના સગા આ ભ્રષ્ટાચારી સામે નમવા નહોતા માંગતા. તેઓએ તાત્કાલિક એન્ટી કરપ્શન બ્યુરો (ACB) નો સંપર્ક સાધ્યો અને સમગ્ર હકીકત જણાવી. એસીબીના કડક અધિકારીઓએ ફરિયાદના આધારે તાબડતોબ ચણસ્મા મામલતદાર કચેરી ખાતે જ લાંચનું છટકું ગોઠવ્યું હતું. જેવો જ પ્રકાશ પરમારે મહિલા પાસેથી લાંચના રૂપિયા હાથમાં લીધા, કે તરત જ સંતાઈને બેઠેલી એસીબીની ટીમે તેના પર ત્રાટકીને તેને રંગેહાથ પકડી પાડ્યો હતો. એસીબીની ટીમે કેમિકલયુક્ત નોટો સાથે પ્રકાશ પરમારના હાથ ધોવડાવતા જ તેના પાપના આંકડા ખૂલી ગયા હતા. એસીબીએ ભ્રષ્ટાચારી ઓપરેટરની અટકાયત કરીને ગુનો દાખલ કર્યો છે અને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ભરૂચના નબીપુર હાઈવે પર ટેમ્પો ચાલકનો મૃતદેહ મળ્યો:પાર્ક કરેલા ટેમ્પા સાથે દોરીથી ગળે ફાંસો ખાધેલી હાલતમાં લાશ મળતા પોલીસ તપાસ શરૂ કરી

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ જિલ્લાના નબીપુર નજીક નેશનલ હાઈવે નંબર 48 પર એક ટેમ્પો ચાલકનો મૃતદેહ ગળે ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો છે. આ ઘટનાની જાણ થતાં નબીપુર પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી.

પ્રાથમિક માહિતી અનુસાર, હાઈવે પર પાર્ક કરાયેલા એક ટેમ્પાની બાજુમાં દોરી વડે લટકેલી હાલતમાં અરબાઝ નામના વ્યક્તિનો મૃતદેહ મળ્યો હતો. સ્થાનિક લોકોએ આ અંગે પોલીસને જાણ કરી હતી. પોલીસે મૃતદેહને નીચે ઉતારી પોસ્ટમોર્ટમ માટે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો. ઘટનાસ્થળેથી જરૂરી પુરાવાઓ પણ એકત્રિત કરવામાં આવ્યા છે. હાલ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ બનાવ આત્મહત્યાનો છે કે અન્ય કોઈ કારણસર મોત થયું છે તે દિશામાં તપાસ ચાલી રહી છે. યુવકે કયા સંજોગોમાં આ પગલું ભર્યું? તેની પાછળ કોઈ વ્યક્તિગત કે અન્ય કારણ જવાબદાર છે કે કેમ તે અંગે પોલીસ પરિવારજનોના નિવેદનો અને અન્ય પાસાઓને આધારે ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે.

## જેલ રિટર્ન વહીવટદાર હનુભા કામડિયાના ઇશારે આખું પોલીસ તંત્ર નતમસ્તક, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીને ખુલ્લી ચેલેન્જ!

# કરજણ તાલુકો બુટલેગરોના બાનમાં : દેશી-વિદેશી દારૂ અને જુગારધામોની વણઝાર છતાં SP સુશીલ અગ્રવાલ અને PI પટેલ મૌન





કરજણ/વડોદરા

ગુજરાત સરકાર અને ગૃહ વિભાગ ભલે રાજ્યમાં સખત દારૂબંધીના ગગનભેદી દાવા કરતું હોય, પરંતુ વડોદરા જિલ્લાના કરજણ તાલુકામાંથી જે ચોંકાવનારી હકીકતો સામે આવી છે તેણે ગાંધીનગર બેઠેલા આકાઓની ઊંઘ હરામ કરી દીધી છે. કરજણમાં કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડી રહ્યા છે અને આખો તાલુકો જાણે બુટલેગરો અને જુગારીઓ માટે સ્વર્ગ બની ગયો છે. સરકારી નિયમોની ઐસીતૈસી કરીને કરજણ પોલીસ મથકની નાકની નીચે જ અબજો રૂપિયાનું ગેરકાયદેસર નેટવર્ક ધમધમી રહ્યું છે. સૌથી શરમજનક બાબત એ છે કે આ આખા કાળા સામ્રાજ્યને ચલાવનારો બીજો કોઈ નહીં, પરંતુ ખુદ પોલીસનો જ વહીવટદાર છે જે અગાઉ દારૂના કેસમાં જેલની હવા ખાઈ ચૂક્યો છે.

### ગામડે-ગામડે દારૂની નદીઓ અને વરલી-મટકાના અડ્ડા: લોકેશન સાથે ખુલાસો

સૂત્રો પાસેથી મળેલી અત્યંત સનસનાટીભરી અને પાકી માહિતી મુજબ, કરજણ પોલીસ મથકથી માત્ર ૨ કિલોમીટર દૂર આવેલા કરમડી ગામમાં અંદાજે ૧૫થી વધુ દેશી દારૂની ભઠ્ઠીઓ ધમધમી રહી છે, જ્યાંથી આખા પંથકમાં દારૂ સપ્લાય થાય છે. આ ઉપરાંત, કુલારી ગામમાં નવી નગરી પાણીની ટાંકી પાસે નગીન નામનો બુટલેગર કોઈ પણ ડર વગર જાહેરમાં વરલી મટકાનો જુગાર રમાડી રહ્યો છે. સાપા ગામની નવી વસાહતમાં પણ આ વરલી મટકાનો સટ્ટો ગરમાગરમ ચાલી રહ્યો છે. એટલું જ નહીં, રાણપુર ગામનો સરપંચ અને બીજેપી યુવા મોરચાનો પ્રમુખ પાર્થ શાહ પોતે આખા કરજણ તાલુકામાં વિદેશી (ઇંગ્લિશ) દારૂનો મોટો ધંધો ચલાવી રહ્યો છે અને સીમડી ગામથી રાણપુર



વહીવટદાર હનુભા કામડિયા

ગામ જવાના રસ્તે દારૂનો જંગી જથ્થો છુપાવીને રાખ્યો હોવાની પાકી કડીઓ મળી છે. કંડારી ગામમાં ૨ નંબર સોસાયટી ટાવર પાસે વેમરડી રોડ પર અમિત વસાવા નામનો બુટલેગર અંગ્રેજી દારૂનું વેચાણ કરે છે, જ્યારે બારીયાવાસ અને બારીયા વગો વિસ્તારમાં પરેશ ચુનાવાડા નામનો શખ્સ ખુલ્લેઆમ ઇંગ્લિશ દારૂ વેચી રહ્યો છે.

### જેલ રિટર્ન વહીવટદાર હનુભા કામડિયાનો આતંક: કરોડોની મિલકત વસાવી

આ આખા ગેરકાયદેસર વેપાર પાછળ કરજણ પોલીસ સ્ટેશનના પીઆઈ પટેલનો અતિ લાડલો અને ખાસ વહીવટદાર હનુભા કામડિયા ઉર્ફે હનુ બુટલેગર મુખ્ય સૂત્રધાર છે. આ હનુભા અગાઉ દારૂના જ મોટા કેસમાં ઝડપાયો હતો, પોલીસ સસ્પેન્ડ થયો હતો અને જેલમાં પણ જઈ આવ્યો છે. આવા રીઢા ગુનેગાર અને બુટલેગરે આજે આખા કરજણ તાલુકાની પોલીસને પોતાના ખિસ્સામાં રાખીને બાનમાં લીધો છે. દારૂ અને જુગારના અડ્ડાઓમાંથી થતી કરોડો રૂપિયાની કાળી કમાણીમાંથી આ વહીવટદારે ભ્રષ્ટાચારના તમામ રેકોર્ડ તોડીને કરોડો રૂપિયાની બેનામી મિલકતો વસાવી લીધી છે. વડોદરા જિલ્લાના પોલીસ વડા (SP) સુશીલ અગ્રવાલ, વડોદરા એલસીબી (LCB) અને કરજણ પોલીસના તમામ અધિકારીઓનું મોઢું આ કથિત વહીવટદાર હનુભાએ પૈસાની તાકાત પર બંધ કરી દીધું છે.

### ગૃહમંત્રી હર્ષ સંઘવીને ખુલ્લી ચેલેન્જ: LCBને માત્ર હપ્તાખોરીમાં જ રસ?

આ મામલે સૌથી મોટો વિસ્ફોટ એ છે કે જ્યારે કોઈ જાગૃત નાગરિક સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) માં આ અડ્ડાઓની ઓનલાઈન ફરિયાદ કરે છે, ત્યારે ગાંધીનગરથી રેડ પડે તે પહેલા જ વડોદરા એલસીબીના ભ્રષ્ટ અધિકારીઓ હનુભાને અને કરજણ પીઆઈ પટેલને વોટ્સએપ પર લોકેશન શેર કરીને કહી દે છે કે 'ગાડી નીકળી ગઈ છે, અડ્ડા બંધ કરી દો!' વડોદરા એલસીબીને અત્યારે માત્ર અને માત્ર લાખો રૂપિયાના હપ્તા ઉઘરાવવામાં જ રસ હોય તેવું ચિત્ર સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. આ ભ્રષ્ટ ટોળકી રાજ્યના મુખ્યમંત્રીની સ્વચ્છ છબીને ખરડી રહી છે અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના ડ્રગ્સ અને દારૂ મુક્ત ગુજરાતના અભિયાનને ખુલ્લી ચેલેન્જ આપી રહી છે. 'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપર સીધો સવાલ પૂછે છે કે, બુટલેગરોના ટુકડા પર પળતા આવા પોલીસ અધિકારીઓ સામે ગાંધીનગરથી ક્યારે કડક હથોડો ઝીંકાશે? શું કરજણની જનતાને આ દારૂ-જુગારના દૂષણમાંથી મુક્તિ મળશે ખરી?

## સેક્સ પાવર વધારવાના નામે આખા ગુજરાતમાં બ્લેકમેલિંગનું મોટું નેટવર્ક

# 5000થી વધુ લોકોને ફસાવનાર હાઈટેક કોલ સેન્ટર પર સીઆઈડી ક્રાઈમ ત્રાટકી

અમદાવાદ

શાહરૂખ ખાનની 'જવાન' ફિલ્મ જેવી સ્ક્રિપ્ટ બનાવીને અમદાવાદની અંદર જ લોકોની લાચારી અને ગુપ્ત રોગોની મજબૂરીનો ફાયદો ઉઠાવતું એક અત્યંત ખતરનાક અને શરમજનક બ્લેકમેલિંગ રેકેટ ઝડપાયું છે. ગાંધીનગર સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચે (CID Crime) અમદાવાદમાં ધમધમતા એક એવા હાઈટેક કોલ સેન્ટર પર દરોડા પાડ્યા છે, જે 'સેક્સ પાવર' વધારવાની આયુર્વેદિક દવાની સોશિયલ મીડિયા પર જાહેરાત આપીને નિર્દોષ લોકોને પોતાના સકંજામાં ફસાવતું હતું. આ ટોળકીએ અત્યાર સુધીમાં ગુજરાતના ૫૦૦૦થી વધુ લોકોને બ્લેકમેલ કરીને લાખો રૂપિયા પડાવ્યા હોવાનો સનસનાટીભર્યો ખુલાસો થયો છે. સીઆઈડી ક્રાઈમે આ મામલે એક યુવતી સહિત કુલ ૭ આરોપીઓની ધરપકડ કરી છે. આ શાતિર ગેંગની મોડસ ઓપરેન્ડી એટલી ખતરનાક હતી કે સામાન્ય માણસ આસાનીથી તેમાં ફસાઈ જતો. ગેંગના સાગરીતો સૌપ્રથમ ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર 'પુરુષોની ગુપ્ત સમસ્યાઓ' અને 'સેક્સ પાવર વધારવાની ૧૦૦% આયુર્વેદિક દવા'ના મોટા-મોટા હોર્ડિંગ્સ અને ડિજિટલ એડ મૂકતા હતા. જેવો કોઈ ગ્રાહક શરમના માર્યા કે ઉત્સુકતા વશ થઈને ત્યાં આપેલા નંબર પર ફોન કરતો, એટલે કોલ સેન્ટરમાં બેઠેલી યુવતીઓ મીઠી-મીઠી વાતો કરીને તેની પર્સનલ વિગતો, સરનામું અને મોબાઈલ નંબર મેળવી લેતી હતી. એકવાર ઓર્ડર બુક થયા પછી અસલી ખેલ શરૂ થતો હતો. જો કોઈ ગ્રાહક પાછળથી ઓર્ડર કેન્સલ કરવાની કે દવા પાછી મોકલવાની વાત કરે, તો કોલ સેન્ટરમાંથી સીધા ધમકીભર્યા ફોન આવવાના શરૂ થઈ જતા હતા. કોલ સેન્ટરના સાગરીતો કાયદાના નામે ડરાવીને કહેતા કે, 'તમે ઓર્ડર કેન્સલ કરીને કંપનીને મોટું નુકસાન કર્યું છે, જો હવે ૧ લાખ રૂપિયા નહીં આપો તો લીગલ નોટિસ મોકલીશું, પોલીસ કેસ કરીશું અને સોસાયટી તથા પરિવારમાં તમારી આ ગુપ્ત બીમારીની વાત જાહેર કરી દઈશું.' બદનામીના ડરથી પીડાતા મધ્યમવર્ગીય પુરુષો આ ધમકીઓથી ફફડી જતા અને વ્યાજે રૂપિયા લાવીને પણ આ કોલ સેન્ટરના ખાતામાં ૧૦ હજારથી લઈને ૧ લાખ રૂપિયા સુધીની ખંડણી જમા કરાવી દેતા હતા.

# અંકલેશ્વર હેરોઈન કેસનો ફરાર આરોપી ઝડપાયો : SOGએ ₹11.72 લાખના મુદ્દામાલ સાથે આરોપીને પકડ્યો



ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ જિલ્લા સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG)એ અંકલેશ્વર શહેર 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા 11.72 લાખના હેરોઈન કેસના ફરાર આરોપીને ઝડપી પાડ્યો છે. NDPS એક્ટ હેઠળ નોંધાયેલા આ ગુનામાં પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. SOGના પોલીસે બાતમીના આધારે કાર્યવાહી કરી હતી. ટીમે ભોલાવ એસ.ટી. ડેપો નજીક રોડ પરથી ફરાર આરોપી સંતોષ જોગેશ્વર યાદવને ઝડપી પાડ્યો હતો. આરોપી સંતોષ જોગેશ્વર યાદવ અંકલેશ્વરના લક્ષ્મણનગર, મારુતિધામ-2 પાસેનો રહેવાસી છે.

## રાજકોટના પોલીસ કોન્સ્ટેબલે સિસ્ટમ સામે બગાવત કરી ફાડી નાખ્યું રાજીનામું!

# ખાખીને રામ-રામ! 'ખેડૂતો પર અત્યાચાર થાય છે, મારે આવી નોકરી નથી કરવી..'

રાજકોટ

રાજકોટ પોલીસ બેડામાંથી એક એવો સનસનાટીભર્યો કિસ્સો સામે આવ્યો છે, જેને સરકારી તંત્ર અને પોલીસ પ્રશાસનની ઊંઘ હરામ કરી દીધી છે. કાયદો અને વ્યવસ્થાની રક્ષા કરતી ખાખી વર્દી પાછળ છુપાયેલી આંતરિક ગૂંગળામણ હવે જાહેરમાં આવી ગઈ છે. રાજકોટના એક પોલીસ કોન્સ્ટેબલે 'ખેડૂતો પર અત્યાચાર થાય છે, એટલે મારે આવી નોકરી નથી કરવી' તેમ કહીને પોલીસ સેવામાંથી રાજીનામું ધરી દેતા સમગ્ર રાજ્યમાં ખળભળાટ મચી ગયો છે. એટલું જ નહીં, આ કોન્સ્ટેબલે ઉચ્ચ અધિકારીઓ પર ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું છે કે, છેલ્લા 7 મહિનાથી તેમનું રાજીનામું મંજૂર કરવાને બદલે તેમને ધમકીઓ આપવામાં આવી રહી છે!

મળતી વિગતો મુજબ, રાજકોટ પોલીસમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલે સિસ્ટમની ક્રૂરતા અને અન્નદાતા ગણાતા ખેડૂતો પર થતા અન્યાયથી કંટાળીને આ મોટું પગલું ભર્યું છે. કોન્સ્ટેબલનું કહેવું છે કે, જે પોલીસનું કામ જનતાની રક્ષા કરવાનું છે, તે જ પોલીસનો ઉપયોગ ઘણીવાર સિસ્ટમ દ્વારા ગરીબ ખેડૂતો અને સામાન્ય જનતાનો અવાજ દબાવવા માટે કરવામાં આવે છે. અંતરાત્માના અવાજને માન આપીને આ જાંબાઝ કોન્સ્ટેબલે હવે સરકારી ગુલામી છોડીને ખુલ્લેઆમ સમાજ સેવા અને ખેડૂતોના અધિકારો માટે મેદાને ઉતરવાનો મક્કમ નિર્ધાર કર્યો છે.

આ મામલામાં સૌથી મોટો વિસ્ફોટ એ થયો છે કે, કોન્સ્ટેબલે સ્વેચ્છાએ નોકરી છોડવા માટે ગત 7 મહિનાથી રાજીનામું આપેલું છે. પરંતુ પોલીસના ઉચ્ચ અધિકારીઓ આ રાજીનામું સ્વીકારવાને બદલે તેમને માનસિક રીતે ટોર્ચર કરી રહ્યા છે અને કાનૂની પગલાં ભરવાની ધમકીઓ આપી રહ્યા છે. કોન્સ્ટેબલે જાહેરમાં આક્રોશ ઠાલવતા કહ્યું કે, 'જ્યારે કોઈ કર્મચારી સ્વેચ્છાએ નોકરી છોડવા માંગતો હોય, ત્યારે તેને આ રીતે દબાણમાં રાખવો એ પણ એક પ્રકારનો અત્યાચાર છે.' ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયા પર આ પોલીસ કોન્સ્ટેબલનો આક્રોશ વાયરલ થતાં જ જનતામાં પણ સિસ્ટમ સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

## ₹70.40 લાખનો મુદ્દામાલ જપ્ત

# અંકલેશ્વરમાં 200 કિલો કેમિકલ પાઉડર ઝડપાયો : ક્રાઈમ બ્રાન્ચે બેની ધરપકડ કરી

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ ક્રાઈમ બ્રાન્ચે અંકલેશ્વર જીઆઈડીસીમાંથી 200 કિલો શંકાસ્પદ મોન્ટેલું કાસ્ટ સોડિયમ પાઉડરના જથ્થા સાથે બે ઈસમોની ધરપકડ કરી છે. આ કાર્યવાહીમાં કુલ 70.40 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે અંકલેશ્વર જીઆઈડીસીમાં એશિયન પેઈન્ટ ચોકડી નજીક આવેલા જીવનદીપ કોમ્પ્લેક્સના ત્રીજા માળે, દુકાન નંબર ટી-18માં શંકાસ્પદ પાઉડરનો જથ્થો રાખવામાં આવ્યો છે. આ બાતમીના આધારે ભરૂચ એલસીબીના પી.એસ.આઈ. એ.વી. શિયાળીયા અને તેમના સ્ટાફે દરોડા પાડ્યા હતા. પોલીસે દુકાનમાંથી આઠ ડ્રમમાં ભરેલો 200 કિલો મોન્ટેલું કાસ્ટ સોડિયમ પાઉડરનો જથ્થો શોધી કાઢ્યો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આ પાઉડરનો ઉપયોગ અસ્થમાની દવા બનાવવા માટે થાય છે. પોલીસે 70 લાખનો પાઉડર અને ચાર મોબાઈલ ફોન સહિત કુલ 70.40 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે દિવા રોડ પરની મંગલમૂર્તિ સોસાયટીમાં રહેતા જેમિશ અશોક મોદી અને ધૃવિક મિતેષકુમાર મોદીની અટકાયત કરી હતી. પૂછપરછ દરમિયાન, બંને આરોપીઓએ કબૂલ્યું હતું કે આ જથ્થો તેમનો મિત્ર અનુજ જયસ્વાલ ત્યાં મૂકી ગયો હતો.

## ભરૂચમાં મહિલા વધુ ઓનલાઇન ઠગાઈનો ભોગ બનતાં બચી

# મહિલાએ આત્મહત્યાની ધમકી આપતાં ભાંડો ફૂટ્યો; 181 અભયમ ટીમે સમયસર મદદ કરી

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ જિલ્લામાં લંડનથી સોનું લાવવાના બહાને એક અજાણી મહિલા અને નકલી પોલીસ અધિકારીની જાળમાં ફસાઈને 60,000 ગુમાવનારી પીડિત મહિલાને 181 અભયમ હેલ્પલાઈનની ટીમે સમયસર કાઉન્સેલિંગ અને કાયદાકીય માર્ગદર્શન પૂરું પાડીને વધુ આર્થિક નુકસાન તથા આત્મહત્યા જેવા ગંભીર પગલાંથી બચાવી લીધી છે. લાલચ અને અવેરનેસના અભાવે દાગીના ગીરવે મૂકી ચૂકેલી આ મહિલા જ્યારે વધુ 30,000ની વ્યવસ્થા ન કરી શકી ત્યારે તેણે પરિવાર સામે આત્મહત્યાની ધમકી આપી હતી, જેના આધારે પરિવારે અભયમનો સંપર્ક સાધતા સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો હતો. ગયા અઠવાડિયે ભરૂચ જિલ્લાની એક મહિલા સતત તેના ભાઈ પાસે નાણાંની માંગણી કરી રહી હતી, પરંતુ પૈસા ક્યાં વપરાય છે તેની કોઈ સ્પષ્ટ વિગત આપતી નહોતી. ભાઈએ જ્યારે પૈસા આપવાનો ઈનકાર કર્યો ત્યારે બહેને આત્મહત્યા કરવાની ધમકી આપતા પરિવાર ચોંકી ઉઠ્યો હતો. બહેનની આવી અસામાન્ય વર્તણૂક પાછળ કોઈ મોટી છેતરપિંડી હોવાની શંકા જતા જ ભાઈએ તાત્કાલિક '181 અભયમ મહિલા હેલ્પલાઈન'નો સંપર્ક કર્યો હતો. માહિતી મળતાની સાથે જ અભયમની રેસ્ક્યૂ ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. અભયમ ટીમે ભારે કુનેહપૂર્વક મહિલાનું કાઉન્સેલિંગ કર્યું અને તેને સંપૂર્ણ વિશ્વાસમાં લઈને પૂછપરછ કરી ત્યારે ચોંકાવનારી હકીકત સામે આવી હતી. મહિલાએ જણાવ્યું કે જ્યારે તે પોતાના બાળકને સ્કૂલે મૂકવા જતી હતી, ત્યારે રસ્તામાં એક અજાણી મહિલાએ તેની સાથે મિત્રતા કેળવી હતી. આ અજાણી મહિલાએ એવી વાર્તા ઘડી હતી કે તેનો ભાઈ લંડનથી સોનું અને ડોલર લઈને આવ્યો છે પરંતુ મુંબઈ એરપોર્ટ પર પોલીસે તેને પકડી લીધો છે. ભાઈને છોડાવવામાં મદદ કરવાના બદલામાં 5,00,000 આપવાની મોટી લાલચ આપતા પીડિત મહિલા આ માયાવી જાળમાં ફસાઈ ગઈ હતી. પ્રાથમિક લાલચ આપ્યા બાદ પીડિત મહિલાને એક અજાણ્યો મોબાઈલ નંબર આપવામાં આવ્યો હતો. આ નંબર ધારકે પોતાની ઓળખ ઉચ્ચ પોલીસ અધિકારી તરીકે આપી હતી અને તે માત્ર 'WhatsApp કોલ' દ્વારા જ સંપર્ક કરતો હતો. એરપોર્ટના અલગ-અલગ ક્લિયરન્સ અને કાનૂની ગૂંચવણો બતાવીને આ નકલી પોલીસે મહિલા પાસેથી તબક્કાવાર 60,000 પડાવી લીધા હતા. આ રકમની વ્યવસ્થા કરવા માટે મહિલાએ પોતાના સોનાના દાગીના પણ ગીરવે મૂકી દીધા હતા. બાદમાં જ્યારે વધુ 30,000ની માંગણી થઈ, ત્યારે લાચાર બનેલી મહિલાએ ભાઈ સામે હાથ ફેલાવ્યા હતા.

ઘટનાની ગંભીરતા સમજીને 181 અભયમની ટીમે પીડિત મહિલાની હાજરીમાં જ કથિત પોલીસ અધિકારીના નંબર પર સંપર્ક સાધ્યો હતો. ટીમે જ્યારે એરપોર્ટ, કેસની વિગતો અને કાનૂની કલમો અંગે પ્રોફેશનલ પૂછપરછ શરૂ કરી ત્યારે સામેવાળો શખ્સ ગભરાઈ ગયો હતો અને તેણે તુરંત જ ફોન કાપી નાખ્યો હતો.

**નવી ૯ મહાનગરપાલિકાઓને કરોડોની સરકારી જમીન મળશે બિલકુલ વિનામૂલ્યે!**

# ગુજરાતના શહેરી વિકાસનો સુવર્ણ યુગ CM ભૂપેન્દ્ર પટેલનો ઐતિહાસિક નિર્ણય


## બાળકો માટે બાલવાડી (આંગણવાડી) તેમજ જાહેર કાર્યક્રમો માટે ટાઉન હૉલ, કોમ્યુનિટી હૉલ અને કન્વેન્શન સેન્ટર બનશે

ગાંધીનગર

ગુજરાતના શહેરી વિસ્તારોના આધુનિકીકરણ અને નાગરિકોની સુખાકારી માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે એક અત્યંત મોટો અને દૂરંદેશીભર્યો ઐતિહાસિક નિર્ણય લીધો છે. રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં જ જાહેર કરાયેલી નવી ૯ મહાનગરપાલિકાઓના સર્વાંગી અને ઝડપી વિકાસને વેગ આપવા માટે મુખ્યમંત્રીએ માસ્ટર પ્લાન જાહેર કર્યો છે. આ ઐતિહાસિક નિર્ણય અનુસાર, રાજ્યની નવી નવ મહાનગરપાલિકાઓને આગામી પાંચ વર્ષ સુધી જાહેર હિતના જુદા-જુદા ૧૧ જેટલા મહત્વના પ્રોજેક્ટ્સ અને નાગરિક સુવિધાઓ ઊભી કરવા માટે જરૂરી સરકારી જમીન કોઈપણ કિંમત લીધા વિના એટલે કે તદ્દન વિનામૂલ્યે ફાળવવામાં આવશે. સરકારના આ અભિગમથી સ્થાનિક સ્તરે વિકાસ કાર્યોને બુસ્ટર ડોઝ મળશે.

રાજ્ય સરકારના આ કલ્યાણકારી નિર્ણયનો સીધો લાભ ગુજરાતના અલગ-અલગ ઝોનમાં આવેલી નીચે મુજબની નવી બનેલી મહાનગરપાલિકાઓને મળશે: ૧. વાપી, ૨. મહેસાણા, ૩. પોરબંદર, ૪. મોરબી, ૫. ગાંધીધામ, ૬. નડિયાદ, ૭. આણંદ, ૮. નવસારી, ૯. સુરેન્દ્રનગર કયા ૧૧ મહત્વના જાહેર પ્રોજેક્ટ્સ માટે મફત જમીન મળશે? મુખ્યમંત્રીશ્રીએ નાગરિકોની પાયાની જરૂરિયાતો અને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ધ્યાનમાં રાખીને જે ૧૧ અતિ આવશ્યક સુવિધાઓ માટે વિનામૂલ્યે જમીન આપવાની મંજૂરી આપી છે, તેમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે: નગર સેવા સદન: મહાનગરપાલિકાનું અદ્યતન કચેરી મકાન. ઈમરજન્સી સેવાઓ: અત્યાધુનિક સુવિધા ધરાવતું ફાયર સ્ટેશન. પાણી અને ગટર વ્યવસ્થા: સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (STP), વૉટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ (WTP), ભૂગર્ભ ગટર ડ્રેનેજ, પમ્પિંગ સ્ટેશન અને વૉટર સપ્લાય પ્રોજેક્ટ (પાણી પુરવઠાના કામો).

સ્વચ્છતા અને પર્યાવરણ: સૉલિડ/લિક્વિડ વેસ્ટ મેનેજમેન્ટ પ્લાન્ટ તેમજ વરસાદી પાણીના નિકાલ માટે સ્ટોર્મ વૉટર ડ્રેનેજની કામગીરી. સામાજિક અને સાંસ્કૃતિક વિકાસ: બાળકો માટે બાલવાડી (આંગણવાડી) તેમજ જાહેર કાર્યક્રમો માટે ટાઉન હૉલ, કોમ્યુનિટી હૉલ અને કન્વેન્શન સેન્ટર. સામાન્ય રીતે કોઈપણ મોટા સરકારી પ્રોજેક્ટ માટે જમીન સંપાદન કરવી એ સૌથી અઘરી અને ખર્ચાળ પ્રક્રિયા હોય છે. ઘણીવાર જમીન ખરીદવામાં જ કરોડો રૂપિયા વપરાઈ જતા હોય છે અને બજેટ ખોરવાઈ જતું હોય છે.



## હજુ તો ચોમાસાની શરૂઆત છે ત્યાં વડોદરા 'ભુવાનગરી' બન્યું

### તાંદલજામાં કિસ્મત ચોકડી પાસે પડ્યો પાતાળકૂવો જેવડો વિશાળ ભુવો, તંત્રના પ્રી-મોન્સૂન પ્લાનની નીકળી ગઈ હવા!

વડોદરા

વડોદરા કોર્પોરેશનના ભ્રષ્ટ એન્જિનિયરો અને કોન્ટ્રાક્ટરોની પોલ ખોલતો વધુ એક જીવતો જાગતો પુરાવો સામે આવ્યો છે. હજુ તો ચોમાસાની બરાબર શરૂઆત થઈ છે, ત્યાં સંસ્કારી નગરી વડોદરા હવે 'ભુવાનગરી' માં તબદીલ થઈ ચૂકી છે. શહેરના અલગ-અલગ વિસ્તારોમાં નાના-મોટા ભુવા પડવાનો સિલસિલો તો ચાલુ જ હતો, પણ આજે વડોદરાના તાંદલજા વિસ્તારમાં કિસ્મત ચોકડીથી વાસણા જવાના મુખ્ય માર્ગ ઉપર એક કાળમુખો અને વિશાળકાય ભુવો પડતાં વાહનચાલકોના જીવ તાળવે ચોંટી ગયા છે. આ ભુવો એટલો ઊંડો છે કે જાણે રસ્તા પર પાતાળકૂવો ખોદાયો હોય તેવા દ્રશ્યો સર્જાયા છે! સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, જ્યાં આ આખો રસ્તો બેસી ગયો છે તેની બરાબર નીચેથી કોર્પોરેશનની મુખ્ય ડ્રેનેજ લાઈન પસાર થઈ રહી છે. ચોમાસાના પહેલા જ વરસાદમાં ડ્રેનેજ લાઈનમાં ભંગાણ પડવાને કારણે અથવા તો માટીના ધોવાણને લીધે આ આખો હાઈવે બેસી ગયો છે. કરોડો રૂપિયાના ખર્ચે બનતા રસ્તાઓ વરસાદના પહેલા જ ઝાપટામાં પત્તાના મહેલની જેમ કેમ તૂટી જાય છે? સ્માર્ટ સિટીના નામે ટેક્સ વસૂલતું વડોદરા કોર્પોરેશન જનતાને મોતના મોંમાં કેમ ધકેલી રહ્યું છે? તેવા અનેક તીખા સવાલો સ્થાનિકો ઉઠાવી રહ્યા છે. આ આખો માર્ગ અત્યંત વ્યસ્ત હોવાથી ગમે ત્યારે કોઈ મોટો અકસ્માત થઈ શકે છે અને કોઈ નિર્દોષ વાહનચાલક આ મોતના કૂવામાં ગરકાવ થઈ શકે છે. નવાઈની વાત એ છે કે, આટલો મોટો ભુવો પડ્યો હોવા છતાં વડોદરા કોર્પોરેશનનું આળસુ તંત્ર રાબેતા મુજબ ઘોર નિંદ્રામાં હતું. છેવટે કોઈ મોટી હોનારત ન સર્જાય તે માટે તાંદલજાના જાગૃત રહીશોએ પોતે જ જવાબદારી સ્વીકારીને આ વિશાળ ભુવાની આસપાસ પથ્થરો અને આડાશ મૂકીને રસ્તાને કોર્ડન કર્યો હતો, જેથી દૂરથી આવતા વાહનચાલકો બચી શકે.

પાક્કો ગુજરાતનો સવાલ: ક્યાં સુધી જનતાના પૈસાનું પાણી થતું રહેશે?

હજુ તો આખું ચોમાસું બાકી છે, ત્યારે વડોદરાના રસ્તાઓ અત્યારથી જ ધોવાઈ રહ્યા છે. પ્રી-મોન્સૂન કામગીરીના નામે દર વર્ષે કાગળ પર જે કરોડો રૂપિયાના આંકડા બતાવવામાં આવે છે, તે વાસ્તવમાં કોના ખિસ્સામાં જાય છે?

**આતંકવાદના આકાઓ સામે પાલનપુરમાં જ્વાળામુખી ફાટ્યો**

## જૈશે-એ-મોહમ્મદના આતંકીઓ વિરૂદ્ધ વિશ્વ હિન્દુ પરિષદ-બજરંગ દળની ભવ્ય આક્રોશ રેલી, ફાંસીની માંગ!

પાલનપુર/બનાસકાંઠા

બનાસકાંઠાની શાંતિપ્રિય ધરાને આતંકવાદના કાળા ઓછાયાથી બચાવવા અને દેશદ્રોહીઓને નેસ્તનાબૂદ કરવા માટે પાલનપુરની ધરતી પર પ્રચંડ આક્રોશ જોવા મળ્યો છે. ગુજરાત એટીએસ (ATS) દ્વારા તાજેતરમાં પાલનપુરના ભાગળ સહિત રાજ્યભરમાંથી આંતરરાષ્ટ્રીય પ્રતિબંધિત આતંકી સંગઠન 'જૈશે-એ-મોહમ્મદ' સાથે સંકળાયેલા ૮ આતંકીઓને દબોચી લેવાયા બાદ હિન્દુ સંગઠનો લાલઘૂમ થયા છે. આ દેશદ્રોહીઓ સામે કડક પગલાં ભરી રાષ્ટ્રીય સુરક્ષા સુનિશ્ચિત કરવાની માંગ સાથે વિશ્વ હિન્દુ પરિષદ (VHP) અને બજરંગ દળ




દ્વારા પાલનપુર ખાતે એક વિશાળ 'આક્રોશ રેલી' યોજવામાં આવી હતી. દેશવિરોધી તત્વો સામે આકરા પ્રહારો કરી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. સમગ્ર પંથકમાં ચર્ચા છે કે પાલનપુર તાલુકો હંમેશાથી શાંતિપ્રિય રહ્યો છે, પરંતુ અહીંના ભાગળ ગામે ચાર અસામાજિક તત્વો પાકિસ્તાન પ્રેરિત આતંકી સંગઠન જૈશે-એ-મોહમ્મદના ઈશારે દેશને ધમરોળવાનું મોટું કાવતરું ઘડી રહ્યા હતા. ગુજરાત એટીએસની ટીમે ઓપરેશન પાર પાડીને આ આતંકીઓને ઝડપી લીધા હતા. એટલું જ નહીં, આ દેશદ્રોહીઓને સાથે રાખીને જ્યારે તેમના મકાનોની તલાશી લેવામાં આવી, ત્યારે મોટા પ્રમાણમાં દેશવિરોધી અને વાંધાજનક દસ્તાવેજો મળી આવ્યા હતા. આ ઘટના સામે આવતા જ પાલનપુર સહિત સમગ્ર બનાસકાંઠામાં ભારે રોષ અને સનાતની આક્રોશ ફાટી નીકળ્યો હતો. આક્રોશ રેલી દરમિયાન સંગઠનોએ ગંભીર ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આ આતંકીઓ જિલ્લામાં ઘણું મોટું નેટવર્ક ઊભું કરી કોઈ મોટી આતંકી ઘટનાને અંજામ આપવાની ફિરાકમાં હતા. રેલીના માધ્યમથી માંગ કરવામાં આવી છે કે: આ આતંકીઓ સ્થાનિક સ્તરે કોના કોના સંપર્કમાં હતા?

સરહદી જિલ્લામાં તેમને રહેવા અને નાણાકીય મદદ કરનારા ગદ્દારો કોણ છે?

આસપાસના ગામોમાં આવેલી શંકાસ્પદ મદ્રેસાઓ તેમજ મુસ્લિમ વિસ્તારોમાં ભાડે રહેતા શંકાસ્પદ લોકોની તાત્કાલિક કડક તપાસ કરવામાં આવે.

ફાસ્ટ ટ્રેક કોર્ટમાં કેસ ચલાવી વહેલી તકે ફાંસી આપો!

**છેલ્લા 10 વર્ષનો આ આંકડો સરકારની 'મોટી સફળતા' છે કે શિક્ષણ વ્યવસ્થાનું સરેઆમ મરણ?**

## દેશની 94,000 સરકારી શાળાઓને લાગ્યા 'ખંભાતી તાળા'

ગાંધીનગર

'દેશની ૯૪,૦૦૦ શાળાઓને કાયમી તાળા લાગી ગયા... વિચારો!' સોશિયલ મીડિયાના પ્લેટફોર્મ પર પીએમઓ ઈન્ડિયા, સીએમઓ ગુજરાત અને રિવાબા જાડેજા જેવા હાઈપ્રોફાઈલ હેન્ડલ્સને ટેગ કરીને વાયરલ થયેલી આ એક લાઈનની સ્ક્રિપ્ટે દેશના રાજકારણ અને શિક્ષણ જગતમાં ભારે હડકંપ મચાવી દીધો છે. વિકાસના મસમોટા દાવાઓ વચ્ચે છેલ્લા ૧૦ વર્ષમાં દેશભરમાંથી હજારો સરકારી શાળાઓ બંધ થઈ હોવાના આંકડા જ્યારે આ રીતે સપાટી પર આવે છે, ત્યારે તે તંત્રની 'સફળતા' પર બહુ મોટો અને ઘાતક કટાક્ષ બની જાય છે.

જાણકારો અને સોશિયલ મીડિયા પર સવાલ ઉઠાવનારાઓ પૂછી રહ્યા છે કે, સ્માર્ટ ક્લાસરૂમ, ડિજિટલ એજ્યુકેશન અને 'બેટી બચાવો, બેટી પઢાવો'ના ગગનભેદી નારાઓ વચ્ચે દેશના અંતરિયાળ અને ગ્રામીણ વિસ્તારોની સરકારી શાળાઓ કેમ એક પછી એક



બંધ થઈ રહી છે? છેલ્લા એક દાયકામાં ૯૪,૦૦૦ જેટલી શાળાઓ બંધ થવી કે અન્ય શાળાઓમાં મર્જ કરી દેવી એ કોઈ સામાન્ય ઘટના નથી. આ આંકડો દર્શાવે છે કે ગરીબ અને મધ્યમ વર્ગના બાળકો માટે મફત અને ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવવાનો માર્ગ વધુ મુશ્કેલ બની રહ્યો છે.

'મર્જ' કરવાના નામે તાળાબંધી: અસલી ચિત્ર શું છે?

સૂત્રો અને શિક્ષણ વિભાગના અહેવાલો મુજબ, સરકાર ઘણીવાર ઓછા વિદ્યાર્થીઓ ધરાવતી શાળાઓને નજીકની અન્ય શાળાઓ સાથે 'મર્જ' (ભેગી) કરવાનો તર્ક આપે છે. વહીવટી સરળતા અને સંસાધનોના યોગ્ય ઉપયોગના નામે આ પ્રક્રિયા થાય છે. પરંતુ જમીની વાસ્તવિકતા એ છે કે જ્યારે ગામડાની એકમાત્ર સરકારી શાળા બંધ થાય છે, ત્યારે ગરીબ વિદ્યાર્થીઓએ ભણવા માટે કિલોમીટરો દૂર જવું પડે છે. પરિણામે, ખાસ કરીને દીકરીઓનું ડ્રોપ-આઉટ રેશિયો (ભણવાનું અધવચ્ચે છોડી દેવાનું પ્રમાણ) વધી જાય છે.

એક તરફ ખાનગી શાળાઓના મોંઘા ફીના માળખા સામાન્ય વાલીઓની કમર તોડી રહ્યા છે, ત્યારે બીજી તરફ સરકારી શાળાઓનું આ પ્રકારે ગાયબ થવું એ ચિંતાજનક બાબત છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલી આ વિગતોએ દેશ અને રાજ્યના મોનિટરિંગ સેલ (CMO અને PMO) ને પણ આ વિષય પર ગંભીરતાથી વિચારવા મજબૂર કર્યા છે.

## વરાછાને ડૂબાડવાનું ફુલપ્રૂફ પ્લાનિંગ? ભ્રષ્ટ અધિકારીઓના પાપે સુરતીઓ અધ્ધરશ્વાસે.!

સુરત/વરાછા

સુરતમાં આવેલા ભયાનક પૂર અને તંત્રની લાપરવાહી સામે વરાછાવાસીઓનો આક્રોશ હવે સાતમા આસમાને પહોંચ્યો છે. જે રીતે પૂરના સમયે વરાછા અને તેની આસપાસના વિસ્તારો પાણીમાં ગરકાવ થયા, તેને જોઈને હવે સામાન્ય નાગરિકો પણ સવાલ ઉઠાવી રહ્યા છે કે, શું આ કોઈ કુદરતી આફત હતી કે પછી ભ્રષ્ટ અધિકારીઓએ ફુલ પ્રૂફ પ્લાનિંગ સાથે વરાછાવાસીઓને ડૂબાડવાનો કોઈ ગર્ભિત કારસો ઘડ્યો હતો? આ આફતના સમયે પાલિકા અને તંત્રના પાપના ઘડા એક પછી એક ફૂટી રહ્યા છે. પૂરના સમયે બચાવ કામગીરી માટે કરોડોના ખર્ચે વસાવવામાં આવેલી બોટો જ્યારે મેદાનમાં ઉતારવાની આવી, ત્યારે જે ચોંકાવનારો ખુલાસો થયો તેણે સુરતીઓના હોશ ઉડાવી દીધા છે. આપત્તિના સમયે જે બોટો લોકોના જીવ બચાવવા માટે દોડવી જોઈતી હતી, તેમાંથી મોંઘાદાટ એન્જિનો જ ગાયબ હતા! જનતા હવે તીખા વેણ સાથે પૂછી રહી છે કે, આ એન્જિન વગરની બોટો માત્ર શો-રૂમમાં સજાવવા માટે અને કાગળ પર લખાણ કરવા માટે મંગાવી હતી કે શું?? પ્રી-મોન્સૂન કામગીરી અને ડિઝાસ્ટર મેનેજમેન્ટના નામે દર વર્ષે કરોડો રૂપિયાનું બજેટ પાણીની જેમ વહાવવામાં આવે છે. વિપત્તિના સમયે પ્રજાને મદદ મળી રહે તે માટે આધુનિક બોટો અને સાધનો ખરીદાય છે. પરંતુ વરાછાની જનતા આજે પૂછી રહી છે કે જે બોટોમાં એન્જિન જ નથી, તે પૂરના ધસમસતા પ્રવાહમાં લોકોના જીવ કેવી રીતે બચાવે? આ મોંઘાદાટ અને કિંમતી એન્જિનો ક્યાં ગયા? કયા ભ્રષ્ટ અધિકારી કે કોન્ટ્રાક્ટરની મિલીભગતથી આ એન્જિનો બારોબાર વેચીને ખાઈ જવામાં આવ્યા? આ આખા કૌભાંડની ઉચ્ચ સ્તરીય તપાસ થવી અનિવાર્ય છે. જ્યારે સામાન્ય માણસના ઘરોમાં કમર સડસડાટ પાણી ભરાયા હતા, લાખોનું નુકસાન થઈ રહ્યું હતું, ત્યારે આ ભ્રષ્ટ બાબુઓ પોતાની એરકન્ડિશન્ડ કેબિનોમાં બેસીને કાગળ પર બધું 'ઓલ રાઈટ' બતાવી રહ્યા હતા. વરાછા જેવો ધમધમતો અને જાગૃત વિસ્તાર તંત્રની આવી ઘોર બેદરકારીના કારણે દિવસો સુધી બંધ રહ્યો.

### હાંસોટ નજીક નહેર નજીકથી નવજાત શિશુ મળ્યું : પોલીસે અજાણ્યા માતા-પિતા વિરુદ્ધ તપાસ શરૂ કરી

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચના હાંસોટ તાલુકાના રાયમા ગામ નજીક નહેર પાસેથી આશરે એક મહિનાનું નવજાત શિશુ ત્યજી દેવાયેલી હાલતમાં મળી આવ્યું છે. આ ઘટના વરસાદી વાતાવરણમાં ખુલ્લા આકાશ નીચે બની હતી. સ્થાનિક લોકોએ બાળકને જોતાં તરત જ 108 એમ્બ્યુલન્સને જાણ કરી હતી. બાળકને સારવાર માટે કુડાદરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખસેડવામાં આવ્યું હતું, જ્યાંથી તેને વધુ સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયું છે. આ ઘટનાની જાણ થતાં હાંસોટ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે બાળકને ત્યજી દેનાર અજાણ્યા વ્યક્તિઓ વિરુદ્ધ તપાસ શરૂ કરી છે.

## નેતાઓ પર અવિશ્વાસ કે ગુપ્તતા જાળવવાનો નવો પેંતરો? ભાજપની હાઈપ્રોફાઈલ બેઠકોમાંથી મોબાઈલ ફોનની આઉટિંગ!

ગાંધીનગર

ગુજરાત ભાજપના પ્રદેશ મુખ્ય મથક 'શ્રી કમલમ્' ખાતેથી એક એવા સમાચાર સામે આવી રહ્યા છે, જેણે પક્ષના આંતરિક વર્તુળોમાં ભારે ચર્ચા જગાવી દીધી છે. શિસ્ત અને હાઈટેક ડિજિટલ પ્રચારના બણગાં ફૂંકતી ભાજપમાં હવે પોતાના જ નેતાઓ અને કાર્યકરો પરથી વિશ્વાસ ઉઠી રહ્યો હોય તેમ, મહત્વની બેઠકોમાં મોબાઈલ ફોન લઈ જવા પર સંપૂર્ણ પ્રતિબંધ (નો એન્ટ્રી) લાદી દેવામાં આવ્યો છે! ગાંધીનગરના રાજકીય ગલિયારાઓમાં આ નિર્ણયને પગલે ભારે ગણગણાટ અને અંદરોઅંદર ફફડાટ શરૂ થઈ ગયો છે. મળતી વિગતો મુજબ, તાજેતરમાં કમલમ્ ખાતે યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકોમાં તમામ મંત્રીઓ, ધારાસભ્યો અને સંગઠનના હોદ્દેદારોના મોબાઈલ ફોન બેઠક હોલની બહાર જ જમા કરાવી લેવામાં આવ્યા હતા.

પક્ષના ઈતિહાસમાં આ પ્રકારનો કડક નિર્ણય પહેલીવાર જોવા મળી રહ્યો છે. અત્યાર સુધી જે નેતાઓ પોતાના ખિસ્સામાં કે હાથમાં આઈફોન ફેરવીને વટ મારતા હતા, તે તમામ નેતાઓને બેઠક પૂર્વે પોતાના કિંમતી મોબાઈલ ફોન બહાર ટેબલ પર મૂકી દેવા માટે ફરજ પાડવામાં આવી હતી.

રાજકીય વિશ્લેષકો અને કમલમ્ ના અંદરના સૂત્રોના જણાવ્યા અનુસાર, આ નિર્ણય પાછળ પક્ષની આંતરિક જૂથબંધી અને સતત લીક થતી વિગતો જવાબદાર છે. છેલ્લા કેટલાક સમયથી ભાજપની બંધ બારણે યોજાતી બેઠકોની સંવેદનશીલ વિગતો, વ્યૂહરચનાઓ અને નેતાઓ વચ્ચેની ઉગ્ર ચર્ચાઓની વિગતો મીડિયા સુધી પહોંચી જતી હતી. એટલું જ નહીં, અંદરખાને એવી પણ આશંકા સેવાઈ રહી છે કે કોઈ નેતા બેઠકની અંદર ગુપ્ત રીતે ઓડિયો કે વિડિયો રેકોર્ડિંગ કરીને હાઈકમાન્ડને અથવા વિપક્ષને નુકસાન પહોંચાડવા માટે લીક ન કરી દે! આ ડિજિટલ જાસૂસી અને બગાવતના ડરથી બચવા માટે હવે સંગઠને 'ના રહેગા બાંસ, ના બજેગી બાંસુરી' જેવો ઘાતક કોરડો વીંઝ્યો છે.

## મહેસાણા એસીબીનો સપાટો: લાંઘણજનો કેસ પતાવવા 80 હજારની લાંચ લેતો કડીનો પોલીસ કોન્સ્ટેબલ રંગેહાથ ઝડપાયો!

કડી/મહેસાણા

મહેસાણા જિલ્લામાં લાંચિયા સરકારી બાબુઓ અને કર્મચારીઓ સામે એસીબી (એન્ટી કરપ્શન બ્યુરો) દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. જિલ્લાના કડી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતો એક લાંચિયો પોલીસ કોન્સ્ટેબલ લાંઘણજ પોલીસ મથકના એક કેસની પતાવટ કરવાના બહાને ૮૦,૦૦૦ની મસમોટી લાંચ લેતા મહેસાણા એસીબીના સકંજામાં આબાદ ઝડપાઈ ગયો છે. એસીબીએ કોન્સ્ટેબલ અમીનહુસેન મંજુરહુસેનને લાંચની રકમ સાથે દબોચી લઈને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મળતી વિગતો મુજબ, લાંઘણજ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એક ગુનાના કેસની પતાવટ કરવા અને અરજદારને મદદ કરવાના અવેજ પેટે કડી પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ અમીનહુસેન મંજુરહુસેન દ્વારા ૮૦,૦૦૦ની લાંચની માંગણી કરવામાં આવી હતી. જોકે, જાગૃત નાગરિક લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે આ અંગે મહેસાણા એસીબી કચેરીનો સંપર્ક કરીને ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે એસીબીની ટીમે પૂર્વ આયોજિત પ્લાન મુજબ




કડી વિસ્તારમાં લાંચનું છટકું (ટ્રેપ) ગોઠવ્યું હતું. આ દરમિયાન કડી પોલીસ સ્ટેશનનો કોન્સ્ટેબલ અમીનહુસેન મંજુરહુસેન જેવો જ ફરિયાદી પાસેથી ૮૦,૦૦૦ની રોકડા લાંચ સ્વીકારવા ગયો, કે તરત જ છુપાઈને બેઠેલી એસીબીની ટીમે તેને રંગેહાથ ઝડપી લીધો હતો. એસીબીએ લાંચના નાણાં જપ્ત કરી આરોપી કોન્સ્ટેબલ વિરુદ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ (પ્રિવેન્શન ઓફ કરપ્શન એક્ટ) હેઠળ ગુનો નોંધી તેની અટકાયત કરી છે. પોલીસ બેડામાં જ કાયદાના રક્ષક દ્વારા આ રીતે લાંચ લેવાની ઘટના સામે આવતા ચકચાર મચી ગઈ છે, જ્યારે મહેસાણા એસીબીની આ સફળ કામગીરીથી અન્ય ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

**મહેસાણામાં ભેળસેળિયાઓ પર તંત્રનો મોટો પ્રહાર**

## ઉનાવામાંથી કેમિકલ કલરવાળી 26 ટન શંકાસ્પદ વરિયાળી જપ્ત, 19.6 લાખનો મુદ્દામાલ સીઝ, લાઈસન્સ વગર ચાલતું હતું કૌભાંડ

મહેસાણા/ઊંઝા

ગુજરાત સરકાર દ્વારા રાજ્યના નાગરિકોના જાહેર આરોગ્યની સુખાકારી માટે ભેળસેળિયા તત્વો સામે લાલ આંખ કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાના નેતૃત્વ હેઠળ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર (Food and Drugs Department) દ્વારા 'ઝીરો ટોલરન્સ'ની નીતિ સાથે કડક ઝુંબેશ શરૂ કરાઈ છે. જેના ભાગરૂપે મહેસાણા જિલ્લાના ઊંઝા નજીક આવેલા ઉનાવા ખાતેથી કેમિકલ કલરની ભેળસેળવાળો શંકાસ્પદ અંદાજે ૧૯.૬ લાખની કિંમતનો ૨૬ ટનથી વધુ વરિયાળીનો મોટો જથ્થો ઝડપી પાડીને કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ સફળ કામગીરી અંગે વિગતો આપતા આરોગ્ય



રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, ખોરાક અને ઔષધ નિયમન તંત્રની ફ્લાઈંગ સ્કોડે બાતમીના આધારે ઉનાવા ખાતે બે સ્થળોએ અચાનક દરોડા પાડ્યા હતા. જેમાં ગેરકાયદે પ્રવૃત્તિ કરતી પેઢીઓ આબાદ ઝડપાઈ ગઈ હતી. તંત્રની પ્રાથમિક તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે, સામાન્ય વરિયાળીને ગ્રાહકોની આંખે વળગે તેવી વધુ પડતી લીલી અને આકર્ષક બતાવવા માટે તેમાં કેમિકલયુક્ત અખાદ્ય કલરની ભેળસેળ કરવામાં આવતી હતી. આ કેમિકલ સ્વાસ્થ્ય માટે અત્યંત જોખમી સાબિત થઈ શકે છે. આટલું જ નહીં, તપાસ દરમિયાન એ પણ સામે આવ્યું કે આ બંને આસામીઓ પાસે ખાદ્ય પદાર્થોના ઉત્પાદન કે સંગ્રહ માટે જરૂરી એવું અનિવાર્ય ફૂડ સેફ્ટી લાઈસન્સ (FSSAI License) પણ નહોતું. દરોડા દરમિયાન ફૂડ સેફ્ટી ઓફિસરો દ્વારા અખાદ્ય કલરની પ્રબળ શંકાના આધારે વરિયાળીના ત્રણ કાયદેસરના નમૂના (Samples) લઈને લેબોરેટરીમાં વિશ્લેષણ માટે મોકલી આપવામાં આવ્યા છે. રિપોર્ટ આવ્યા બાદ કાયદાકીય સકંજો વધુ મજબૂત કરાશે. આરોગ્ય મંત્રીએ ઉમેર્યું કે, તપાસ ટીમે સ્થળ પરથી ૧૯.૬ લાખથી વધુની અંદાજિત કિંમતનો ૨૬ ટન જેટલો વરિયાળીનો તમામ લુઝ જથ્થો કાયદેસર રીતે સીઝ (જપ્ત) કરી લીધો છે.

**નવનિયુક્ત હોદ્દેદારોનું સન્માન કરાયું**

## નવીન કદવાલ તાલુકા પંચાયતની વિવિધ સમિતિઓના પદાધિકારીઓની સર્વાનુમતે વરણી

કદવાલ, ઈરફાન મકરાણી

નવીન કદવાલ તાલુકા પંચાયત ખાતે વિવિધ સમિતિઓના પદાધિકારીઓની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

નવનિયુક્ત હોદ્દેદારોને પુષ્પહાર પહેરાવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે તાલુકા પંચાયતના સભ્યો, આગેવાનો, કાર્યકરો તથા શુભેચ્છકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

વરણી દરમિયાન નીચે મુજબ પદાધિકારીઓની પસંદગી કરવામાં આવી હતી:

કારોબારી સમિતિના ચેરમેન: રાઠવા રમીલાબેન રાજુભાઈ, સામાજિક ન્યાય સમિતિના ચેરમેન: સુમીબેન દિવ્યેશભાઈ, કો-ઓપ્ટ સભ્ય: હરિજન અશોકભાઈ અરવિંદભાઈ, નવનિયુક્ત તમામ હોદ્દેદારોએ પોતાના પર મૂકવામાં આવેલા વિશ્વાસ બદલ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો અને તાલુકાના સર્વાંગી વિકાસ, પારદર્શક વહીવટ તથા જનહિતના કાર્યોને પ્રાથમિકતા આપીને નિષ્ઠાપૂર્વક



કામગીરી કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત આગેવાનો અને કાર્યકરોએ જણાવ્યું હતું કે નવી ટીમના નેતૃત્વ હેઠળ તાલુકામાં વિકાસલક્ષી યોજનાઓને વધુ ગતિ મળશે તેમજ સામાન્ય નાગરિકોના પ્રશ્નોના સમયસર અને અસરકારક નિરાકરણ માટે સતત પ્રયાસો કરવામાં આવશે.

અંતે તમામ નવનિયુક્ત પદાધિકારીઓને શુભેચ્છાઓ પાઠવી તેમના સફળ કાર્યકાળ માટે શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવી હતી.


જીત બદલ તમામ નવનિયુક્ત પદાધિકારીઓને ખૂબ ખૂબ અભિનંદન અને હાર્દિક શુભેચ્છાઓ...

## તંત્રી લેખ...

# ખુરશીના લોભીઓ મખમલ, સત્તા મળતાં જ કંતાન: દર ચોમાસે તૂટતી જનતાની કમર અને નેતાઓની શરમના નામે મીંડુ!

### ટેક્સના કરોડો રૂપિયા ખાડામાં હોમાયા કે નેતાઓ-કોન્ટ્રાક્ટરોના ખિસ્સામાં? આઝાદીના દાયકાઓ પછી પણ પ્રજા નસીબના વાંક કાઢીને ક્યાં સુધી મરતી રહેશે?

ચોમાસું એ કુદરતની આશીર્વાદરૂપ ઋતુ છે, પરંતુ ગુજરાતની જનતા માટે હવે એ એક ભયાનક શારીરિક, માનસિક અને આર્થિક ટોર્ચર બની ચૂક્યું છે. આકાશમાંથી કાળાડિબાંગ વાદળો




ઘેરાય એટલે સામાન્ય અને મધ્યમવર્ગીય માણસના કાળજા ધડકવા માંડે છે. કારણ કે તેને ખબર છે કે હવે પછીના ચાર મહિના તેણે મોત સાથે રમત રમવાની છે.

આપણી આખી સિસ્ટમનો એક ફિક્સ અને ક્રૂર મિકેનિઝમ બની ગયો છે: વરસાદ પડે છે રસ્તા પર ખાડા પડે છે એ ખાડામાં સામાન્ય માણસ પટકાય છે માણસની કમર અને હાડકાં તૂટે છે હોસ્પિટલોના ખર્ચામાં એ આર્થિક રીતે તૂટે છે અને છેલ્લે આ ભ્રષ્ટ તંત્રની બલિવેદી પર એ માણસ મરી જાય છે!

પણ આ આખીય પ્રક્રિયામાં એક સવાલ વર્ષોથી અનુત્તરિત છે - તમે ક્યારેય કોઈ નેતા, કોઈ મંત્રી, કોઈ ધારાસભ્ય કે કોઈ કોર્પોરેટરને આવા મસમોટા ખાડામાં બાઈક લઈને પટકતા જોયા છે? કોઈ નેતાની કમર તૂટી હોય અને તે સિવિલ હોસ્પિટલના ખાટલે મહિનાઓ સુધી રીબાતો હોય તેવું સાંભળ્યું છે? શું કોઈ નેતાના આલીશાન એરકન્ડિશન્ડ બંગલામાં પૂરના ગંદા અને ગટરના પાણી ભરાયા છે? કોઈ નેતા સામાન્ય જનતાની જેમ વરસાદમાં, કાદવ-કીચડમાં કલાકો સુધી ઊભો રહીને સરકારી સહાયની કીટ કે અનાજ માટે લાઈનમાં લાગેલો જોયો છે? ના, ક્યારેય નહીં! કારણ કે નેતાઓ માટે આપત્તિ એ પ્રજાને લૂંટવાનો અને પોતાના રોટલા શેકવાનો વધુ એક નવો 'અવસર' હોય છે, જ્યારે જનતા માટે એ અસ્તિત્વ ટકાવી રાખવાનો આજીવન સંઘર્ષ છે.

### ઋતુઓનો વાંક કાઢતી ભોળી જનતા અને બેફામ બનેલા શાસકો

દર ચોમાસે એક જ સ્ક્રિપ્ટ વારંવાર દોહરાવવામાં આવે છે. આપણી ભોળી અને સહનશીલ જનતા પણ ઋતુઓનો વાંક કાઢ્યા કરે છે કે, 'આ વખતે વરસાદ બહુ પડ્યો એટલે રોડ ધોવાઈ ગયા, કુદરત આગળ કોનું ચાલે?' પણ જરા આંખો ખોલીને જુઓ, અસલી વાંક કુદરતનો કે ઋતુઓનો નથી. અસલી વાંક ભ્રષ્ટાચારની ઉધઈથી ખદબદતી આખી સિસ્ટમનો અને જનતાના મતો પર મલાઈ ખાતા નેતાઓનો છે.

આજકાલના નેતાઓ ક્યાં ભરોસાપાત્ર રહ્યા છે? ચૂંટણી નજીક હોય ત્યારે આ લોકો તમારા પગમાં આળોટવા પણ તૈયાર થઈ જાય છે. મતલબની વાત હોય ત્યારે આ નેતાઓ મખમલથી પણ વધુ મુલાયમ બની જાય છે. ગરીબોની ઝૂંપડીએ જઈને બેસી જશે, બાળકોને રમાડશે, હાથ જોડીને 'માય-બાપ' કહીને મતોની ભીખ માંગશે. તે સમયે એમના જેવો નમ્ર અને સેવક માણસ દુનિયામાં કોઈ નથી હોતો.

પરંતુ, જેવી ચૂંટણી પતી, ઈવીએમ મશીન સીલ થયા અને સત્તાની મખમલી ખુરશી મળી, એટલે એ જ નેતાઓ કંતાનની જેમ કરડવા દોડે છે! જે પ્રજાએ તેમને પલકો પર બેસાડ્યા, તે જ પ્રજા જ્યારે પૂરના પાણીમાં ડૂબતી હોય, ગંદકીથી ફેલાતા રોગચાળાનો ભોગ બનીને દમ તોડતી હોય, ત્યારે આ નેતાઓ પોતાની કરોડોની એરકન્ડિશન્ડ ગાડીઓના કાળા કાચ ચડાવીને ગાયબ થઈ જાય છે. ત્યારે તેમને સામાન્ય જનતાના કાયદેસરના સવાલો પણ 'કરડવા' સમાન લાગે છે.

### પ્રામાણિક કરદાતાની કિંમત માત્ર એક 'વોટ' જ કેમ?

એક સામાન્ય માણસ દૂધની કોથળીથી લઈને ગાડી ખરીદવા સુધી બધે જ કમરતોડ ટેક્સ (GST) ચૂકવે છે. તે દર વર્ષે રોડ ટેક્સ ભરે છે એ આશાએ કે તેને સરળ, સલામત અને સુવિધાજનક રસ્તાઓ મળશે. પણ બદલામાં તેને શું મળે છે?

હાડકાં તોડી નાખતા ખાડા

ભ્રષ્ટ ઈજનેરોની મિલીભગતથી બનેલા મગરમચ્છની પીઠ જેવા રોડ

ઘરો અને દુકાનોમાં ભરાતા પૂરના પાણી

હોસ્પિટલોના મોંઘા બિલ અને આર્થિક બરબાદી

આ દેશની સૌથી મોટી કરુણતા એ છે કે પ્રજાના ટેક્સના અબજો-ખરોડો રૂપિયા દર વર્ષે પ્રી-મોન્સૂન કામગીરીના નામે કાગળ પર વાપરી નાખવામાં આવે છે. ચોમાસાના પહેલા જ વરસાદમાં કરોડોના ખર્ચે બનેલા બ્રિજોમાં તિરાડો પડી જાય છે અને રસ્તાઓ ધોવાઈ જાય છે. આ બજેટના રૂપિયા આખરે જાય છે ક્યાં? નેતાઓ, અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોના ગજવાં ગરમ કરવામાં! પ્રજા આ બધું જ જુએ છે, ભોગવે છે અને નસીબનો વાંક કાઢીને ફરી પાછી સવારે મજૂરીએ વળગી જાય છે.

### હવે જાગવાનો અને હિસાબ માંગવાનો સમય પાકી ગયો છે

ક્યાં સુધી આપણે આ ગુલામી માનસિકતામાં જીવતા રહીશું? લોકશાહીની વ્યાખ્યામાં લખ્યું છે કે 'પ્રજા એ રાજા છે અને નેતાઓ એ પ્રજાના સેવક છે.' પરંતુ આજે વાસ્તવિકતા તદ્દન ઉલટી છે. સેવકો મહેલોમાં મોજ કરી રહ્યા છે, ફાઈવ સ્ટાર હોસ્પિટલોમાં સરકારી ખર્ચે સારવાર કરાવી રહ્યા છે અને આ દેશનો અસલી રાજા (સામાન્ય નાગરિક) રોડ પર ખાડામાં પડીને કૂતરાના મોતે મરી રહ્યો છે.

હવે સમય આવી ગયો છે કે જનતા પોતાની તાકાત ઓળખે. નેતાઓની આ દોરંગી નીતિ, ચૂંટણી ટાણે મખમલ બનવાની અને જીત્યા પછી કંતાન બનીને કરડવાની આ ચાલને ખુલ્લી પાડવી જ પડશે. જ્યારે પણ કોઈ નેતા તમારા વિસ્તારમાં મત માંગવા કે કોઈ ઉદ્ઘાટન કરવા આવે, ત્યારે પક્ષની પટ્ટીઓ બાજુ પર મૂકીને તેમને આકરા સવાલો પૂછો. પૂછો તેમને કે અમારા ટેક્સના પૈસા ક્યાં ગયા? અમને ખાડા વગરના રોડ કેમ નથી મળતા?

જો લોકશાહીમાં પ્રજા રાજા છે, તો રાજા રસ્તા પર કેમ મરે છે? આ સવાલ જ્યાં સુધી ગુજરાતનો અને દેશનો દરેક નાગરિક ગર્જીને નહીં પૂછે, ત્યાં સુધી દર ચોમાસે પ્રજાની કમર તૂટતી રહેશે અને નેતાઓ મખમલી ગાદીઓ પર આરામ ફરમાવતા રહેશે. જાગો જનતા જાગો, નહીંતર આ સિસ્ટમ તમને ખાડામાં જ હોમી દેશે!

**- ગ્રુપ એડિટર પવન માકન**

# જ્ઞાનનું મંદિર કે નોટો છાપવાની ફેક્ટરી?

## શિક્ષણ હવે સેવા નહીં, સૌથી મોટો આંધળો કારોબાર: મોંઘી ફી અને કોચિંગ માફિયાઓએ વાલીઓને કર્યા પાયમાલ!

જે દેશમાં શિક્ષણને 'જ્ઞાનનું પવિત્ર મંદિર' માનવામાં આવતું હતું, જ્યાં ગુરુ-શિષ્યની પરંપરા પૂજાતી હતી, આજે એ જ ભારતમાં શિક્ષણ અબજો રૂપિયાનું ટર્નઓવર ધરાવતો સૌથી ક્રૂર વ્યાપાર બની ચૂક્યું છે! એક જમાનો હતો જ્યારે શિક્ષણનો એકમાત્ર ઉદ્દેશ્ય શ્રેષ્ઠ ચારિત્ર્ય, સશક્ત વ્યક્તિત્વ અને ક્રાંતિકારી વિચારોનું નિર્માણ કરવાનો હતો, લોહી ઉકાળી નાખતો વેપાર કરવાનો નહીં. પરંતુ આજે આસમાને આંબતી સ્કૂલ-કોલેજોની ડોનેશન પ્રથા, ગલીએ-ગલીએ ફૂટી નીકળેલું કોચિંગ માફિયાઓનું અબજોનું સામ્રાજ્ય અને 'ડિગ્રી એટલે માત્ર એક માર્કેટેબલ પ્રોડક્ટ'ની બજારુ સોચે પવિત્ર શિક્ષણ વ્યવસ્થાના ધજાગરા ઉડાવી દીધા છે. જ્યારે વિદ્યાના ધામમાં સરસ્વતીને બદલે લક્ષ્મી (નફો અને કમાણી) જ એકમાત્ર પ્રાથમિકતા બની જાય, ત્યારે સાચું જ્ઞાન, સંસ્કાર અને શીખવાની પ્રક્રિયા ક્યાંક પાછળ છૂટી જાય છે અને માત્ર 'નફાખોરી' આગળ આવી જાય છે.

### લાખોની ફી અને ડિગ્રી વેચવાની ગંદી સંસ્કૃતિ: આપણે ભણી રહ્યા છીએ કે મોંઘા ભાવે કાગળના ટુકડા ખરીદી રહ્યા છીએ?

આજે ગરીબ અને મધ્યમ વર્ગના વાલીઓ પોતાના સંતાનોના ઉજ્જવળ ભવિષ્ય માટે રાત-દિવસ લોહી-પાણી એક કરી રહ્યા છે. પેટે પાટા બાંધીને, મકાન ગીરો મૂકીને કે વ્યાજે રૂપિયા લાવીને વાલીઓ ફી ભરે છે, જ્યારે બીજી તરફ શિક્ષણના નામે ચાલતી આ કાળી બજાર જ્ઞાનને બજારમાં વેચાતી કોઈ સામાન્ય વસ્તુ બનાવી ચૂકી છે. મોંઘીદાટ એરકન્ડિશન્ડ સ્કૂલો, મસમોટી બ્રાન્ડેડ કોલેજો અને વાલીઓની મજબૂરી તેમજ ડરનો ફાયદો ઉઠાવતા કોચિંગ માફિયાઓએ ભેગા મળીને એક એવું માયાવી ચક્રવ્યૂહ રચ્યું છે, જેમાં સામાન્ય માણસ દેવાના અસહ્ય બોજ નીચે કચડાઈને આત્મહત્યા કરવા મજબૂર બને છે. અહીં ગંભીર સવાલ એ ઊભો થાય છે કે, શું આપણા બાળકો ખરેખર શિક્ષિત થઈ રહ્યા છે? કે પછી લાખો-કરોડો રૂપિયા ખર્ચીને કોર્પોરેટ સંસ્થાઓ પાસેથી માત્ર કાગળના ટુકડા જેવી મોંઘી ડિગ્રીઓ ખરીદી રહ્યા છીએ?

### એડમિશનથી લઈને પ્લેસમેન્ટ સુધી માત્ર પેકેજનો ખેલ: વિદ્યાર્થી હવે જ્ઞાની નહીં, 'પ્રોડક્ટ' છે

આજના આધુનિક શિક્ષણ ઉદ્યોગે વિદ્યાર્થીઓને જીવતા જાગતા માણસ મટાવીને માત્ર એક 'રોલ નંબર' અને 'પ્રોડક્ટ' બનાવી દીધા છે. કોચિંગ ક્લાસોના મોટા-મોટા હોર્ડિંગ્સ પર વિદ્યાર્થીઓના હસતા ચહેરા નથી હોતા, પરંતુ કરોડો રૂપિયાના પેકેજ અને રેન્કના આંકડા છાપીને વાલીઓને આકર્ષવાનું ગંદુ માર્કેટિંગ ચાલે છે. જે બાળકની ક્ષમતા કળા, સાહિત્ય કે રમતગમતમાં છે, તેને પણ આ કોચિંગ માફિયાઓ જબરદસ્તી એન્જિનિયરિંગ અને મેડિકલના ઘેટા-બકરાના ટોળામાં ધકેલી દે છે. જો જોતજોતામાં લાખો રૂપિયા ફી વસૂલ્યા પછી પણ દેશનો યુવાન બેરોજગાર ભટકતો હોય, ડિપ્રેશનનો શિકાર બનતો હોય અથવા તેનામાં નૈતિક મૂલ્યો અને સંવેદનશીલતાનો સદંતર અભાવ હોય, તો સમજવું રહ્યું કે આ દેશની પ્રગતિ નથી, પરંતુ વાસ્તવિક અને સાચા શિક્ષણનો ધીમો અને દર્દનાક અંત છે!

### સમય પાકી ગયો છે આ ભ્રષ્ટ સિસ્ટમ સામે અવાજ ઉઠાવવાનો!

સરકારી તંત્ર, નીતિ-નિયમો અને ફી રેગ્યુલેશન કમિટીઓની નજર સામે જ શિક્ષણ હવે 'સેવા' મટીને સૌથી મોટો અને સુરક્ષિત 'બિઝનેસ' બની ગયો છે, જેમાં કોઈ ટેક્સ કે જોખમ નથી. 'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપર દેશ અને રાજ્યના ભવિષ્યને અંધકાર તરફ ધકેલતી આ આંધળી નફાખોરી સામે સીધા તીખા સવાલો ઉઠાવે છે. જો આજે આ કોચિંગ માફિયાઓ, ભ્રષ્ટ એડમિશન સિસ્ટમ અને શિક્ષણના આંધાધૂંધ વ્યાપારીકરણ સામે સમાજ અને સરકારે મળીને અવાજ નહીં ઉઠાવ્યો, તો આવનારી પેઢી માત્ર ડિગ્રીધારી સંવેદનહીન રોબોટ બનીને રહી જશે, રાષ્ટ્રનું નિર્માણ કરનારા જ્ઞાની નાગરિક નહીં! શિક્ષણ બચાવો, દેશનું ભવિષ્ય બચાવો!

## અમેરિકા જવાનું સપનું જોતા ભારતીયો માટે મોટા સમાચાર

# H-1B વિઝા અને ગ્રીન કાર્ડના નિયમો બદલવાની તૈયારીમાં બાઈડન પ્રશાસન, ટ્રમ્પ નીતિઓ પર પણ નજર!

નવી દિલ્હી/વોશિંગ્ટન, પાક્કો ગુજરાત ન્યૂઝ બ્યુરો

યુએસએ (USA) જઈને સ્થાયી થવાનું અને ત્યાં ડોલર કમાવવાનું સપનું જોતા લાખો ભારતીય આઈટી પ્રોફેશનલ્સ અને વિદ્યાર્થીઓ માટે એક ખૂબ જ મહત્વના સમાચાર સામે આવી રહ્યા છે. અમેરિકાની સરકાર H-1B વિઝા તેમજ ગ્રીન કાર્ડ (કાયમી વસવાટ) સંબંધિત કાયદાઓ અને નિયમોમાં મોટા પાયે ફેરફાર કરવાની તડામાર તૈયારીઓ કરી રહી છે. વ્હાઈટ હાઉસ અને ઈમિગ્રેશન વિભાગ દ્વારા આ અંગેના નવા પ્રસ્તાવોના મુસદ્દા તૈયાર કરવામાં આવી રહ્યા છે, જેની સીધી અને મોટી અસર અમેરિકામાં નોકરી કરતા અને ત્યાં જવા ઈચ્છતા ભારતીયો પર પડશે.

### શા માટે બદલાઈ રહ્યા છે નિયમો?

અમેરિકન પ્રશાસનનું માનવું છે કે વર્તમાન એચ-૧બી વિઝા સિસ્ટમમાં કેટલીક ખામીઓ છે, જેના કારણે સ્થાનિક સ્તરે અમેરિકનોની નોકરીઓ પર અસર પડે છે અને વિઝા લોટરી સિસ્ટમમાં પણ ગેરરીતિઓ થતી હોવાની ફરિયાદો ઉઠતી રહી છે. આ સિસ્ટમને વધુ પારદર્શક, લાયકાત આધારિત (Merit-based) અને સચોટ બનાવવા માટે આ નવા નિયમો લાવવામાં આવી રહ્યા છે.

### નવી નીતિઓથી ભારતીયોને શું થશે અસર?

ભારતમાંથી દર વર્ષે હજારો ટેકીઝ H-1B વિઝાના સહારે અમેરિકા જાય છે. નવા નિયમો અંતર્ગત નીચે મુજબના મોટા ફેરફારો થવાની સંભાવના સેવાઈ રહી છે:




લાયકાત અને વેતનને પ્રાથમિકતા: નવી નીતિમાં માત્ર નસીબ (લોટરી) નહીં, પરંતુ ઉચ્ચ ડિગ્રી અને જેમને વધુ પગાર મળી રહ્યો છે તેવા પ્રોફેશનલ્સને વિઝા આપવામાં પ્રાથમિકતા મળી શકે છે.

ગ્રીન કાર્ડની પ્રક્રિયા સરળ બનશે?: ગ્રીન કાર્ડ માટે લાખો ભારતીયો દાયકાઓથી રાહ જોઈ રહ્યા છે. નવા નિયમોમાં કન્ટ્રી-કેપ (દરેક દેશ માટેનો નિર્ધારિત ક્વોટા) હટાવવા અથવા તેમાં રાહત આપવા અંગે વિચારણા ચાલી રહી છે, જો આવું થશે તો ભારતીયોનો વેઈટિંગ પિરિયડ ઘટશે.

દુરુપયોગ પર કડક લગામ: શેલ કંપનીઓ કે જે ખોટા ડોક્યુમેન્ટ્સ ઊભા કરીને વિઝા સ્પોન્સર કરે છે, તેમના પર કડક પ્રતિબંધો લાદવામાં આવશે.

### ચિંતા અને આશાની બેવડી સ્થિતિ

એક તરફ જ્યાં ઉચ્ચ લાયકાત ધરાવતા ભારતીય એન્જિનિયરો માટે ગ્રીન કાર્ડ મેળવવાની આશા જાગી છે, તો બીજી તરફ સામાન્ય આઈટી કંપનીઓ દ્વારા મોકલવામાં આવતા કર્મચારીઓ માટે અમેરિકાના દરવાજા થોડા અઘરા બની શકે છે. 'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપરના વૈશ્વિક અહેવાલ મુજબ, આ પ્રસ્તાવિત નિયમો આગામી દિવસોમાં સત્તાવાર રીતે જાહેર કરવામાં આવશે. આ ફેરફારો ભારતીય આઈટી સેક્ટર (TCS, Infosys, Wipro) ના બિઝનેસ મોડલને પણ પ્રભાવિત કરી શકે છે, જેથી આખી દુનિયાની નજર અત્યારે વોશિંગ્ટન તરફ મંડાયેલી છે.

# સુરત પૂરનો અસલી ખેલ: કુમાર કાનાણીની 'માનવસર્જિત આફત'ની કબૂલાત, વેપારીના 'સ્ટીલના કીડા' અને હર્ષભાઈની 'ચાય પે ચર્ચા'નો જાદુ!

## મુખ્યમંત્રી એરપોર્ટથી જ પરત ફર્યા, સુરતીઓ ઘૂંટણસમા પાણીમાં 'દાદા'ના આશીર્વાદ વિના જ તરસતા રહ્યા – તપાસ સમિતિઓનો ફિયાસ્કો અને જનતાની નિયતિ!

પત્રકારિતાની પ્રાથમિક તાલીમમાં અમને એક સુવર્ણ નિયમ શીખવવામાં આવ્યો હતો કે, 'આલોચના જેટલી તમારી તીક્ષ્ણ હોય, ભાષામાં એટલી જ શાલીનતા હોવી જરૂરી છે.' એટલે કોઈ ખરાબ શબ્દપ્રયોગ કરવાનો ટાળીને, પ્રવર્તમાન સ્થિતિ પર માત્ર એટલું જ કહીશ કે... 'પહોંચ ન હતી ને, તોપખાનામાં નામ લખાવ્યું!'

સુરતમાં આવેલા ભયાનક પૂર બાદ વેપારીઓ–પછી ભલે તે ટેક્સ્ટાઈલ માર્કેટના હોય કે અન્ય ક્ષેત્રના–તેમને અબજો રૂપિયાનું ભારે નુકસાન વેઠવું પડ્યું છે. શરૂઆતમાં તો બિચારા ભોળા સુરતીઓ આને 'કુદરતી આફત' સમજીને નસીબનો વાંક કાઢી રહ્યા હતા. પરંતુ, ભાજપના જ ધારાસભ્ય કુમાર કાનાણીના એક નિવેદને આખી બાજી પલટી નાખી. કાનાણીના નિવેદન બાદ આખા સુરતને સમજાયું કે આ કોઈ કુદરતી આફત નહોતી. કુદરતી આફત સામે તો સુરતીઓ ગમે ત્યારે લડી લે, પણ આ તો ભ્રષ્ટાચારની ગટર માથી નીકળેલી 'માનવસર્જિત આફત' હતી, જેમાં આખું સુરત થાપ ખાઈ ગયું.

### પોદાર આર્કેડના વેપારીનો આક્રોશ અને સોશિયલ મીડિયાની ક્રાંતિ

નુકસાનીના કારણે વેપારીઓનો રોષ જ્યારે પરાકાષ્ઠાએ પહોંચ્યો, ત્યારે પોદાર આર્કેડથી એક વેપારી પોતાના હાથમાં 'સ્ટીલના કીડા' (લોખંડના સળિયા) લઈને રસ્તા પર નીકળી પડ્યો હતો. તેનું ડિલિવરી લોકેશન બીજું કોઈ નહીં, પણ સુરતને ડુબાડનારા ભ્રષ્ટ અધિકારીઓનું શરીર હતું! આ રોષ અને આક્રોશથી ભરેલો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ અન્ય વેપારીઓમાં પણ હિંમત આવી ગઈ. ચારેય તરફ કોર્પોરેશનના અધિકારીઓ વિરુદ્ધ વીડિયોનો પૂર આવ્યો. જનતાનો ગુસ્સો એ હદે ફાટ્યો કે મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓએ પોલીસ પ્રોટેક્શન વગર બહાર નીકળવાનું બંધ કરવું પડ્યું.

બીજી તરફ, આ આફતમાં પોલીસની કામગીરી એટલી સરાહનીય હતી કે મુખ્યમંત્રી, ગૃહમંત્રી અને ખુદ સુરતીઓએ તેને બિરદાવી. આના કારણે આખી પરિસ્થિતિ સરકાર અને કોર્પોરેશન વિરુદ્ધ જઈ રહી હતી. બરાબર એ જ સમયે, શાસક પક્ષ માટે 'સંકટ મોચન'ના રૂપમાં એન્ટ્રી થઈ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની. સંઘવી ભલે ગમે તે હોદ્દા પર હોય, પણ સુરતીઓ તેમને હંમેશાં પોતાના 'હર્ષભાઈ' તરીકે જ જુએ છે.

### હર્ષભાઈના દર્શન અને 'સ્ટીલના કીડા'નું ઓગળવું!

હર્ષભાઈ પેલા સ્ટીલના કીડા લઈને ફરતા આક્રોશિત વેપારીને મળ્યા અને 'ચાય પે ચર્ચા'નો એક હાઈપ્રોફાઈલ કાર્યક્રમ યોજાયો. બસ, જેમ ભગવાન બુદ્ધને બોધિવૃક્ષની નીચે બેસીને જ્ઞાન




પ્રાપ્ત થયું હતું, તેમ હર્ષભાઈના દર્શન માત્રથી પેલા વેપારીને પણ બ્રહ્મજ્ઞાન લાધ્યું! જે સ્ટીલના કીડા અધિકારીઓને પાઠ ભણાવવા નીકળ્યા હતા, તે ચાની ચૂસકીઓ સાથે એકદમ સાદા કીડા થઈ ગયા, જેને માત્ર પેરાસીટામોલની એક ગોળીથી મારી શકાય! વીડિયો ધ્યાનથી જોશો તો સમજાશે કે વેપારીના મોઢામાંથી નીકળતા સંતોષના શબ્દો વાસ્તવમાં હર્ષભાઈની બોડી લેંગ્વેજ આપણી સમક્ષ રજૂ કરી રહી હતી.

સરકારે આશ્વાસન આપ્યું કે જવાબદાર અધિકારીઓને છોડવામાં નહીં આવે. આ સાંભળીને 'બેન્ડ-વાજાવાળા' રાજી થઈ ગયા કે હવે ભ્રષ્ટ અધિકારીઓનો વરઘોડો નીકળશે. પણ આ ખુશી લાંબો સમય ન ટકી. કારણ કે આઝાદી પછી આવી ઘટનાઓમાં તપાસ સમિતિઓ (કમિટીઓ) બેઠી હોવાના હજારો દાખલા છે, પણ એકપણ કમિટીના રિપોર્ટના આધારે કોઈ મોટા અધિકારીને જેલ ભેગો કરાયો હોય કે જવાબદાર ઠેરવાયો હોય તેવો એક પણ દાખલો ઈતિહાસમાં નથી. ખેર, આનંદ એ વાતનો છે કે વેપારીના સ્ટીલના કીડા હવે એકદમ નરમ પડી ગયા છે.

### 'દાદા' આવ્યા તો ખરા, પણ હવાઈ માર્ગેથી નવસારી નાસી ગયા!

સુરતમાં નેતાઓ અને કોર્પોરેટરો પર જનતાનો ભારે પિત્તો ગયો હતો, તેવામાં પણ હર્ષભાઈ લોકોની વચ્ચે ગયા તે બદલ તેમને ચોક્કસ અભિનંદન આપવા ઘટે. જોકે, હર્ષભાઈ એકલા આ સાહસ ખેડી રહ્યા નહોતા. આપણા 'દાદા' (મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ માટે મીડિયા આ શબ્દ વાપરે છે. જોકે મારી સમજ મુજબ 'દાદા' શબ્દ કાં તો બાહુબલી માટે વપરાય અથવા પરિવારના એવા વડીલ માટે વપરાય જે વિપત્તિના સમયે પરિવારની પડખે ઊભો રહે) પણ સુરત આવવા નીકળ્યા હતા.

દાદા સુરત પહોંચ્યા પણ ખરા. અસરગ્રસ્તોને રૂબરૂ મળવાનું આયોજન પણ હતું. પરંતુ, સુરતીઓના આક્રોશ અને રોષનો માપદંડ કદાચ એમને એરપોર્ટ પર જ મળી ગયો હશે! એટલે જ તેમણે પ્રજા વચ્ચે જવાનું ટાળીને બંધ બારણે સરકારી અધિકારીઓ સાથે એક બેઠક પતાવી અને સીધા નવસારી તરફ પોતાની યાત્રા વધારી દીધી. સુરતીઓ બિચારા ઘૂંટણસમા પૂરના પાણીમાં ઊભા રહીને વાટ જોતા રહ્યા, પણ 'દાદા'ના પ્રત્યક્ષ આશીર્વાદથી વંચિત રહી ગયા.

નિયતિનો ક્રૂર નિયમ અને ગ્રાહકનો સંતોષ!

વાર્તાનો અંત દર વખતની જેમ ફિક્સ જ છે:

સુરત ફરી બેઠું થશે અને ધબકશે.

આવતા વર્ષે ફરી આ જ રીતે પૂર આવશે.

પૂર રાહત અને પ્રી-મોન્સૂનના નામે ફરી ૫૦૦ કરોડ ફાળવવામાં આવશે.

તપાસ માટે નવી કમિટીઓ ફરીથી બેસશે.

### પણ જમીની પરિસ્થિતિ આવી ને આવી જ રહેશે.

એટલે જ, આ બધા લફરામાં પડ્યા વગર કોર્પોરેશનના અધિકારીઓના સુખમાં ભાગીદારી નોંધાવો. કારણ કે, જે વેપારી સિસ્ટમ સામે લડવા નીકળ્યો હતો, તેના સ્ટીલના કીડા હવે સ્ટીલ વગરના થઈ ગયા છે અને આપણા વેપારી મહાશયને સરકારી કામગીરીથી ૧૦૦ ટકા સંતોષ થઈ ગયો છે. આખરે, 'ગ્રાહકનો સંતોષ એ જ વેપારીનો મુદ્રાલેખ હોય છે!'

# અમેરિકી હુમલો બંધ, તો પછી ચાબહાર પર કોણે ઝીંકી મિસાઈલ? ઈરાનમાં રહસ્યમય એટેકથી સનસનાટી!

અમેરિકી સેનાની સેન્ટ્રલ કમાન્ડે ગુરુવારે ઈરાનના સ્થાનિક સમય અનુસાર સવારે અંદાજે 6:30 વાગ્યે જણાવ્યું કે, તેણે હુમલાનો એક રાઉન્ડ પૂરો કરી લીધો છે. પરંતુ ચિંતાની વાત એ છે કે, ઈરાન પર હુમલા આ જાહેરાત બાદ પણ ચાલુ રહ્યા છે, અને આ હુમલાની જવાબદારી અમેરિકાએ લીધી નથી. અમેરિકા તરફથી ઈરાન પર હુમલા બંધ કરવાની જાહેરાત બાદ પણ, ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાનને કોણ નિશાન બનાવી રહ્યું છે, તે એક મોટો સવાલ ઊભો થયો છે. અમેરિકાના હુમલા રોકવાના એલાન બાદ ઈરાન પર થયેલા રહસ્યમય અને કોઈ પણ દાવા વગરના હવાઈ હુમલાઓએ ઈરાની વહીવટીતંત્રને આશ્ચર્યમાં મૂકી દીધું છે. ગુરુવારે આ હુમલા એવા સમયે થયા, જ્યારે ઈરાન પોતાના દિવંગત સર્વોચ્ચ નેતા અયાતુલ્લાહ અલી ખામેનેઈને દફનાવવાની તૈયારી કરી રહ્યું હતું. આ હુમલાઓએ દક્ષિણ ઈરાનના ઘણા વિસ્તારોને પોતાની ઝપેટમાં લીધા હતા. ઈરાને આ હુમલા માટે સીધી રીતે કોઈને જવાબદાર ઠેરવ્યા નથી, જોકે એક સાંસદે સંયુક્ત આરબ અમીરાત (UAE)ને ચેતવણી આપી છે કે, તેણે ઈરાન વિરુદ્ધના અમેરિકી અભિયાનમાં કથિત રીતે મદદ કરી છે. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે, અમેરિકાની જાહેરાતના થોડા જ સમય બાદ ઈરાન પર ફરીથી હુમલા થયા. ઈરાનની ન્યૂઝ એજન્સીઓ અને સરકારી મીડિયાએ દેશના બુશેહર અને સિસ્તાન-બલુચિસ્તાન પ્રાંતો, અહવાઝ અને ચાબહાર શહેરો તેમજ અન્ય વિસ્તારોને નિશાન બનાવીને કરવામાં આવેલા અનેક હવાઈ હુમલા અને ધડાકાઓની માહિતી આપી છે. સેન્ટ્રલ કમાન્ડે આ હુમલાઓ અંગે ટિપ્પણીના વિનંતીનો કોઈ જવાબ આપ્યો નથી. તો સવાલ એ છે કે, ઈરાન પર આ હુમલા કોણે કર્યા? આ પહેલા ગુરુવારે થયેલા હુમલાના જવાબમાં ઈરાને મધ્ય પૂર્વમાં બહેરીન, જોર્ડન, કુવૈત અને કતારને નિશાન બનાવીને ઘણા હુમલા કર્યા હતા. આ ચારેય દેશોમાં મિસાઈલ એલર્ટ સાયરન વાગવા લાગ્યા હતા, જેના કારણે લોકો સુરક્ષિત સ્થળો તરફ ભાગવા લાગ્યા હતા. ઈરાનના હુમલાના થોડા સમય બાદ UAEના નેતા શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાન કુવૈત ગયા, જેથી તેઓ તેલથી સમૃદ્ધ આ નાના દેશના શાસક અમીરને મળી શકે. ખાડીના આરબ દેશોએ કતારના વિદેશ મંત્રી સાથે પણ વાતચીત કરી હતી.




પાક્કો ગુજરાત
શનિવાર । 11 જુલાઈ 2026 । અમદાવાદ

# ઈડરમાં ખનીજ માફિયાઓની દાદાગીરી: સરકારી અધિકારીઓને જોઈ ડમ્પર ચાલકોએ ચાલુ ગાડીએ રસ્તા પર રેતી ઢોળી, ફિલ્મી ઢબે ભાગ્યા!

ઈડર

સાબરકાંઠા જિલ્લામાં ખનીજ માફિયાઓ કેટલા બેફામ અને બેખૌફ બન્યા છે, તેનો જીવતોજાગતો અને ચોંકાવનારો કિસ્સો ઈડર તાલુકામાં સામે આવ્યો છે. અધિકારીઓની પકડમાંથી બચવા માટે ખનીજ ચોરોએ તમામ હદો વટાવી દીધી અને રસ્તા પર ચાલુ ગાડીએ રેતી ઠાલવીને ફિલ્મી સ્ટાઈલમાં નાસી છૂટ્યા હતા. આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં ચર્ચાનો વિષય બન્યો છે, ત્યારે બીજી તરફ ભૂસ્તરશાસ્ત્રી અને પોલીસના નિવેદનોમાં મોટો વિરોધાભાસ સામે આવતા અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે.

મળતી વિગતો મુજબ, ઈડર તાલુકાના ચોડપ અને હડોલ ગામ વચ્ચેથી પસાર થતી સાબરમતી નદીના પટમાંથી મોટા પાયે ગેરકાયદેસર રેતીનું ખનન થતું હોવાની બાતમી માઈનિંગ વિભાગને મળી હતી. બાતમીના આધારે સાબરકાંઠા જિલ્લા ભૂસ્તરશાસ્ત્રીની ટીમે આજે સવારે આ વિસ્તારમાં દરોડો પાડ્યો હતો. સરકારી વાહનોને જોઈને જ ગેરકાયદે રેતી ભરીને જતા ડમ્પર ચાલકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો અને તેમણે પોતાના વાહનો પૂરપાટ ઝડપે ભગાવ્યા હતા. અધિકારીઓની ગાડીએ આ ખનીજ ચોરોનો પીછો કર્યો હતો. પરંતુ, જ્યારે માફિયાઓને લાગ્યું કે હવે તેઓ કાયદાના સકંજામાં ફસાઈ જશે, ત્યારે તેમણે ગામના મુખ્ય માર્ગ પર જ એક ખતરનાક યુક્તિ અજમાવી. ગામમાં પ્રવેશતાની સાથે જ ડમ્પર ચાલકોએ ચાલુ ગાડીએ પાછળના ડાલા ઊંચા કરી દીધા હતા અને રસ્તાની વચ્ચોવચ રેતીનો આખો ઢગલો ઠાલવી દીધો હતો! માફિયાઓનો હેતુ પાછળ આવી રહેલી અધિકારીઓની ગાડીને રોકીને પોતાનો રસ્તો સાફ કરવાનો હતો, જેમાં તેઓ સફળ પણ રહ્યા. ચોડપ અને હડોલ ગામના મુખ્ય માર્ગ પર જ્યારે આ હાઈ-વોલ્ટેજ ડ્રામા અને પીછો ચાલી રહ્યો હતો, ત્યારે ત્યાંથી પસાર થતા શાળાના માસૂમ વિદ્યાર્થીઓ, અશક્ત વૃદ્ધો અને ગ્રામજનોના જીવ અધ્ધર થઈ ગયા હતા. જો સહેજ પણ ચૂક થઈ હોત તો મોટો અકસ્માત સર્જાઈ શક્યો હોત અને નિર્દોષ લોકોના જીવ જઈ શક્યા હોત. આ ઘટના સાબિત કરે છે કે સાબરકાંઠામાં ખનીજ માફિયાઓ માટે કાયદો અને વ્યવસ્થા જેવું કંઈ રહ્યું જ નથી. આ સનસનાટીપૂર્ણ ઘટના અંગે જ્યારે સાબરકાંઠા જિલ્લા ભૂસ્તરશાસ્ત્રી કિશનભાઈ પટેલનો ટેલિફોનિક સંપર્ક કરવામાં આવ્યો, ત્યારે તેમણે દાવો કર્યો હતો કે, 'અમને બાતમી મળી હોવાથી અમે ત્યાં તપાસમાં ગયા હતા. સરકારી વાહન જોઈને ડમ્પર ચાલકે પૂરઝડપે વાહન ભગાવી નાસવાનો પ્રયાસ કર્યો હતો. આ અંગે અમે ઈડર પોલીસ સ્ટેશનમાં કાયદેસરની ફરિયાદ પણ નોંધાવી દીધી છે.'



# અંકલેશ્વર ગેરેજમાંથી 1.09 લાખનો વિદેશી દારૂ ઝડપાયો : રાજપીપળા ચોકડી પાસે બુટલેગરની ધરપકડ..

ભરૂચ, રંગુની જાકીર

અંકલેશ્વરની રાજપીપળા ચોકડી પાસે આવેલા મન્નુ ઓટો ગેરેજમાંથી જીઆઈડીસી પોલીસે વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે દારૂના વેચાણ કરતા એક બુટલેગરની પણ ધરપકડ કરી છે. જીઆઈડીસી પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે તેમને બાતમી મળી હતી કે રાજપીપળા ચોકડી નજીક સર્વિસ રોડ પર આવેલા મન્નુ ઓટો ગેરેજમાં એક વ્યક્તિ વિદેશી દારૂનું વેચાણ કરી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક દરોડો પાડ્યો હતો.

દરોડા દરમિયાન ગેરેજમાંથી વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે અંદાડાની હરિકૃપા સોસાયટીમાં રહેતા અને મૂળ ઉત્તરાખંડના રાકેશ હંસરાજ



ચૌહાણ નામના બુટલેગરની ધરપકડ કરી હતી. ગેરેજમાંથી 1 લાખ 9 હજારનો વિદેશી દારૂ અને એક મોબાઈલ ફોન સહિત કુલ 1 લાખ 14 હજારનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**ડભોઇના કુકડ ગામે તંત્રની ઘોર આળસ**

# એક મહિનાથી દિશા સૂચક બોર્ડ અને વણાંકના ચિહ્નો જમીનદોસ્ત : અંધારામાં મોતનું નોતરું...!

ડભોઇ

ડભોઈ તાલુકાના કુકડ ગામના મુખ્ય માર્ગો પર સરકારી તંત્રની એક એવી ઘોર બેદરકારી અને આળસ સામે આવી છે, જે ગમે ત્યારે કોઈ નિર્દોષ વાહનચાલકનો ભોગ લઈ શકે છે. કુકડ ગામ નજીક આવેલા કેટલાક અત્યંત મહત્વના વણાંક દર્શાવતા સાઈન બોર્ડ અને ગામનું નામ દર્શાવતું મુખ્ય દિશા સૂચક બોર્ડ છેલ્લા એક મહિનાથી તૂટીને જમીનદોસ્ત થઈ ગયું છે. આ ગંભીર બાબતને આખો મહિનો વીતી ગયો હોવા છતાં, માર્ગ અને મકાન વિભાગ (રોડ ખાતું) ના અધિકારીઓના પેટનું પાણી પણ હલતું નથી! રસ્તાની સાઈડમાં ધૂળ ખાતા પડેલા આ બોર્ડને ફરીથી ઊભા કરવાની તસ્દી કોઈ ભ્રષ્ટ કે આળસુ અધિકારીએ લીધી નથી, જેને કારણે સ્થાનિક ગ્રામજનો અને વાહનચાલકોમાં તંત્ર સામે ભારે રોષ ભભૂકી ઊઠ્યો છે. દિવસના સમયે તો જેમ-તેમ રસ્તો કપાઈ જાય છે, પરંતુ રાત્રિના ઘાઢ અંધારામાં આ માર્ગ પરથી પસાર થતા અજાણ્યા વાહનચાલકો માટે પરિસ્થિતિ અત્યંત કટોકટીભરી અને ભયજનક બની જાય છે. રસ્તા પરના જોખમી વણાંક દર્શાવતા ચિહ્નો જ ગાયબ હોવાને કારણે રાત્રે સ્પીડમાં આવતા વાહનચાલકોને કયો વણાંક ક્યાં વળે છે તેની ખબર પડતી નથી. હેડલાઈટના અજવાળામાં પણ સાઈન બોર્ડ ન દેખાતા અહીં ગંભીર અકસ્માત સર્જાવાની પૂરેપૂરી સંભાવના ઊભી થઈ છે.



આટલું ઓછું હોય તેમ, કુકડ ગામનું નામ દર્શાવતું મુખ્ય બોર્ડ પણ જમીન પર પટકાયેલું હોવાથી બહારથી આવતા મુસાફરો કે સગા-સંબંધીઓને કયું ગામ આવ્યું તેની કોઈ માહિતી મળતી નથી. પરિણામે, અજાણ્યા લોકો રાત્રિના સમયે રસ્તાઓ ભટકી રહ્યા છે અને ભારે હાલાકી ભોગવી રહ્યા છે.

**મોડાસામાં પાલિકાનું બુલડોઝર ફર્યું**

# કોલેજ રોડ પરથી 24 કાચાં-પાકાં દબાણો હટાવાયા, સ્થાનિકોમાં ભારે રોષ

### સ્થાનિક રહીશોનો આક્ષેપ છે કે, નવી નોટિસમાં 6 મીટરનો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો

મોડાસા

મોડાસામાં કોલેજ રોડ પર આવેલા છાપરા વિસ્તારમાં પાલિકા દ્વારા અચાનક હાથ ધરવામાં આવેલી દબાણ હટાવવાની કામગીરીને પગલે સમગ્ર પંથકમાં ભારે ખળભળાટ મચી ગયો છે. રોડ પહોળો કરવાના હેતુસર તંત્ર દ્વારા સપાટો બોલાવીને 24 જેટલાં કાચાં અને પાકાં દબાણો તોડી પાડવામાં આવ્યા હતા. તંત્રની આ અચાનક થયેલી કાર્યવાહીથી સ્થાનિક રહીશોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો, અને મોટી સંખ્યામાં લોકો ઘટનાસ્થળે એકઠા થઈને વિરોધ નોંધાવ્યો હતો.



મળતી માહિતી મુજબ, બાલાપીરથી પહાડપુરને જોડતો આ કોલેજ રોડ અગાઉ R&B સ્ટેટ વિભાગ હસ્તક હતો, જે થોડા સમય પહેલા જ R&B પંચાયત વિભાગને તબદીલ કરવામાં આવ્યો હતો. આ રોડ પર વર્ષોથી વસવાટ કરતા લોકોને દબાણ અંગે સૌ પ્રથમ વર્ષ 2011માં R&B સ્ટેટ વિભાગ દ્વારા નોટિસ આપવામાં આવી હતી. ત્યારબાદ વર્ષ 2023માં R&B પંચાયત વિભાગ દ્વારા ફરીથી રહીશોને નોટિસ પાઠવવામાં આવી હતી.

સ્થાનિક રહીશોનો આક્ષેપ છે કે, નવી નોટિસમાં 6 મીટરનો કોઈ ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો. તેમ છતાં પાલિકા દ્વારા સીધો 9 મીટરનો રોડ ગણીને તેનાથી આગળ આવેલા તમામ બાંધકામોને તોડી પાડવામાં આવ્યા છે.

આ અંગે વોર્ડ-7ના કાઉન્સિલર જી. આઈ. ખાલકે જણાવ્યું હતું કે, અસરગ્રસ્ત રહીશોને સાથે રાખીને આ બાબતે કલેક્ટર કચેરીએ રજૂઆત કરવામાં આવશે. રહીશો સવાલ ઉઠાવી રહ્યા છે કે જો 2011માં 6 મીટર નક્કી થયું હતું, તો અચાનક 9 મીટર કેવી રીતે ગણી શકાય?

# જિલ્લા પ્રાયોજના વહીવટદાર એમ. એન. ડોડિયાએ નેત્રંગની પી.એમ. શ્રી શ્રી કૃષ્ણ આશ્રમ શાળાની આકસ્મિક મુલાકાત લીધી

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકાના થવા ખાતે કાર્યરત પી.એમ.શ્રી શ્રી કૃષ્ણ આશ્રમ શાળાની જિલ્લા પ્રાયોજના વહીવટદાર શ્રી એમ. એન. ડોડિયા દ્વારા આકસ્મિક મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે શાળામાં ચાલતા શૈક્ષણિક, વહીવટી તેમજ ભૌતિક વિકાસના કાર્યોની વિસ્તૃત સમીક્ષા કરી ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું.

પ્રાયોજના વહીવટદારશ્રીએ મુલાકાત વેળાએ શાળાના સ્માર્ટ ક્લાસરૂમ, અદ્યતન વિજ્ઞાન પ્રયોગશાળા, પુસ્તકાલય, કોમ્પ્યુટર લેબ અને રમતગમતની સુવિધાઓ સહિત વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ વિવિધ શૈક્ષણિક સવલતોનું પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું હતું. આ ઉપરાંત, તેમણે શાળાના આચાર્યશ્રી, શિક્ષકમંડળ અને સ્ટાફ સાથે સંવાદ સાધીને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સંસ્થા દ્વારા ચલાવવામાં આવતી શૈક્ષણિક અને સહ-શૈક્ષણિક પ્રવૃત્તિઓની વિસ્તૃત માહિતી મેળવી હતી.



મુલાકાતના અંતે મુલાકાત પુસ્તકમાં પોતાના સુખદ અનુભવો નોંધતા શ્રી એમ. એન. ડોડિયાએ જણાવ્યું હતું કે, આ આશ્રમ શાળાની મુલાકાત ખૂબ જ પ્રેરણાદાયી રહી છે. શાળાનું સુચારૂ સંચાલન, શિક્ષકોની ફરજ પ્રત્યેની નિષ્ઠા, વિદ્યાર્થીઓમાં જોવા મળતી શિસ્ત અને ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રશંસનીય છે.

**સોશિયલ મીડિયાની સામાન્ય અદાવતમાં બોટાદ લોહીથી ખરડાયું**

# ઈન્સ્ટાગ્રામ રિક્વેસ્ટની માથાકૂટમાં 23 વર્ષના હરપાલ ખાચરની કરપીણ હત્યા, બે ગંભીર...!

બોટાદ

આજના ડિજિટલ યુગમાં સોશિયલ મીડિયા માત્ર મનોરંજનનું સાધન નથી રહ્યું, પરંતુ હવે તે ખૂની ખેલનું મેદાન બની રહ્યું છે. બોટાદના ખસ રોડ પર ઈન્સ્ટાગ્રામ આઈડી પર ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલવા જેવી અત્યંત સામાન્ય બાબતમાં એક આશાસ્પદ યુવાને પોતાનો જીવ ગુમાવવો પડ્યો છે. સામાન્ય માથાકૂટના સમાધાન માટે એકઠા થયેલા યુવાનો પર અસામાજિક તત્વોએ તીક્ષ્ણ હથિયારો વડે હિચકારો અને ઘાતક હુમલો કર્યો હતો. આ ખૂની ખેલમાં ૨૩ વર્ષીય યુવાન હરપાલભાઈ ખાચરનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે, જ્યારે અન્ય બે યુવાનો ગંભીર રીતે ઘાયલ થતાં સમગ્ર બોટાદ પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે અને અરેરાટી વ્યાપી ગઈ છે.



મળતી વિગતો મુજબ, ઈન્સ્ટાગ્રામ પર ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલવા બાબતે યુવાનો વચ્ચે સામાન્ય બોલાચાલી થઈ હતી. આ મામલાને શાંત પાડવા અને સમાધાન કરવા માટે ખસ રોડ પર બેઠક યોજાઈ હતી. પરંતુ, હિંસક માનસિકતા ધરાવતા હુમલાખોરો સમાધાન કરવાના બદલે લોહી વહાવવાના ઈરાદા સાથે જ આવ્યા હતા. ચર્ચા દરમિયાન જ મામલો ઉગ્ર બન્યો હતો અને હુમલાખોરોએ ધારદાર તીક્ષ્ણ હથિયારો કાઢી હરપાલભાઈ અને તેમના મિત્રો પર તૂટી પડ્યા હતા. ઘાતક ઘા વાગવાને કારણે હરપાલભાઈનું સ્થળ પર જ પ્રાણપંખેરૂ ઊડી ગયું હતું, જ્યારે લોહીલુહાણ હાલતમાં અન્ય બે યુવાનોને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા છે.

આ સનસનાટીભરી હત્યાના બનાવની જાણ થતાં જ બોટાદના પોલીસ વડા (SP) ધર્મેન્દ્ર શર્મા, લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) અને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) સહિતનો ઉચ્ચ પોલીસ અધિકારીઓનો મોટો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો.

પોલીસે તુરંત જ મૃતદેહને પીએમ અર્થે ખસેડી, સમગ્ર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવી રાખવા માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો છે.

# અંકલેશ્વરમાં પત્રકાર પર જીવલેણ હુમલો : કથિત ઓનલાઈન સટ્ટા-બેટિંગનું શૂટિંગ કરતાં હુમલાખોરોનો આતંક





ભરૂચ, રંગુની જાકીર

અંકલેશ્વરમાં કથિત ઓનલાઈન સટ્ટા-બેટિંગની પ્રવૃત્તિનો વીડિયો બનાવી પોતાની પત્રકારત્વની ફરજ બજાવી રહેલા એક પત્રકાર પર કેટલાક શખ્સોએ ધાડસપૂર્વક હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. હુમલામાં પત્રકારને ગંભીર ઈજાઓ પહોંચતા વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી.

ઈજાગ્રસ્ત પત્રકારને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક સારવાર બાદ તેમની ગંભીર હાલતને ધ્યાનમાં રાખીને વધુ સારવાર માટે ભરૂચ સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

ઘટનાની જાણ થતાં પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને સમગ્ર મામલે ગુનો નોંધવાની તેમજ હુમલાખોરોને ઝડપી પાડવાની કાર્યવાહી શરૂ કરી છે.

હુમલામાં સંડોવાયેલા તમામ શખ્સોની ઓળખ કરી તેમની સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે, એવી માહિતી પોલીસ સૂત્રોમાંથી મળી રહી છે. સાથે જ કથિત ઓનલાઈન સટ્ટા-બેટિંગના નેટવર્ક અંગે પણ તપાસ હાથ ધરવામાં આવી છે.

આ ઘટનાએ કાયદો અને વ્યવસ્થા તેમજ પત્રકારોની સુરક્ષાને લઈને ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે.

**ડભોઇમાં ભ્રષ્ટાચાર કે તંત્રની ઘોર બેદરકારી**

# સ્ટેચ્યુ ઓફ યુનિટી માર્ગ પર માત્ર 15 દિવસ પહેલાં નખાયેલી લાખોની જાળીઓ ગાયબ

ડભોઇ

ડભોઈ યાત્રાધામ એકતાનગર (કેવડિયા)ને જોડતા અતિ મહત્વના એવા સ્ટેચ્યુ ઓફ યુનિટી હાઈવે પર ડભોઈ નગરની શિનોર ચોકડીથી લઈને નાદોદી ભાગોળ સુધીના માર્ગ પર તાજેતરમાં જ લગાવવામાં આ વેલી લોખંડની મજબૂત સેફ્ટી રેલિંગ (જાળીઓ) ગાયબ થતાં ભારે ચર્ચા જાગી છે. આશ્ચર્યની વાત એ છે કે આ કામગીરી પૂર્ણ થયાને હજુ માંડ ૧૫ દિવસ પણ થયા નથી, ત્યાં જ રસ્તાની વચ્ચેથી લોખંડની કિંમતી જાળીઓ ગાયબ થઈ જતાં સરકારી તંત્રની કામગીરી અને તેની સુરક્ષા સામે અનેક મોટા સવાલો ઊભા થયા છે જાળીઓ લગાવવાનો મુખ્ય ઉદ્દેશ્ય રોડ સેફ્ટીનો હતો આ વ્યસ્ત હાઈવે પરથી રોજ હજારો વાહનો પસાર થાય છે. માર્ગની વચ્ચે રખડતા ઢોર કે અન્ય જાનવરો અચાનક આવી ન જાય અને તેના કારણે સર્જાતા ગંભીર અકસ્માતો અટકાવી શકાય, તેવા ઉમદા આશય સાથે સરકાર દ્વારા લાખો-કરોડોના ખર્ચે આ ડિવાઈડર પ્રોટેક્શન જાળીઓ લગાવવામાં આવી હતી પરંતુ ૧૫ દિવસના ટૂંકા ગાળામાં જ રેલિંગો ગાયબ થઈ જતાં વાહનચાલકોની સુરક્ષા ફરી રામભરોસે મુકાઈ ગઈ છે સૌથી મોટો અને ચોંકાવનારો





સવાલ એ છે કે જ્યાંથી આ રેલિંગો ગાયબ થઈ છે, તેની બિલકુલ નજીકમાં જ માર્ગ અને મકાન વિભાગ (PWD)ની કચેરી આવેલી છે. પોતાની નાકની નીચેથી જ સરકારી અસ્ક્યામત ગાયબ થઈ જાય છતાં તંત્ર ઘોર નિદ્રામાં હોય તેમ જણાય છે. આ જાળીઓ કોઈ તસ્કર ગેંગ ચોરી ગઈ છે કે પછી કોઈ અકસ્માતમાં આ જાળીઓ તૂટીને નીકળી ગઈ છે અને તેને કચેરીમાં જમા લેવાઈ છે જો અકસ્માત થયો હોય તો જવાબદારો સામે કેમ કોઈ પગલાં નથી લેવાયા તે એક મોટો સસ્પેન્સ બની ગયો છે.સ્થાનિકોમાં તંત્ર સામે ઉગ્ર રોષ લોકોમાં ચર્ચા છે કે કાં તો આ જાળીઓની ફિટિંગમાં ભારે ભ્રષ્ટાચાર થયો છે જેથી તે સહેલાઈથી નીકળી ગઈ, અથવા તો તંત્રની રહેમનજર હેઠળ ચોરીઓ થઈ રહી છે. ગણતરીના દિવસોમાં સરકારી મિલકતનું ધોળા દિવસે ધોવાણ થઈ રહ્યું હોવા છતાં જવાબદાર અધિકારીઓ કેમ મૌન સેવીને બેઠા છે તે સમજવું પરે છે. સ્થાનિક નાગરિકો હવે આ મામલે ઉચ્ચ સ્તરીય તપાસ અને ગુનેગારો સામે કડક કાયદાકીય કાર્યવાહીની માંગ કરી રહ્યા છે.

**વહીવટદાર જોડી રાકેશ-પરેશની ભ્રષ્ટ સિન્ડિકેટનો પર્દાફાશ**

# નડિયાદ પશ્ચિમ પોલીસનો 'ખુદ હી કમાન્ડર, ખુદ હી બુટલેગર' ખેલ : SMC ના ડરથી પોતાના જ પાળેલા બુટલેગર પર પાડી રેડ!

નડિયાદ

ખેડા જિલ્લાના નડિયાદ પશ્ચિમ પોલીસ સ્ટેશનમાં ચાલતા કથિત ભ્રષ્ટ વહીવટ અને પોલીસ-બુટલેગર નેક્સસનો એક એવો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જેને જોઈને કાયદો અને વ્યવસ્થા શરમાઈ જાય. પશ્ચિમ પોલીસ સ્ટેશનના કથિત ભ્રષ્ટ વહીવટદારો રાકેશ અને પરેશની સીધી છત્રછાયા હેઠળ ધમધમતા અર્જુન કાગસિયાના દારૂના અડ્ડા પર ખુદ પશ્ચિમ પોલીસે જ દરોડો પાડવો પડ્યો છે. જોકે, આ કોઈ પ્રામાણિક કામગીરી નથી, પણ ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ના તોળાતા ડરના કારણે પોતાની ચામડી બચાવવા ખેલાયેલો પાવર ગેમ હોવાની વ્યાપક ચર્ચા જાગી છે.

મળતી વિગતો મુજબ, નડિયાદની અનેરી હાઈટ્સ નહેર પાસે અર્જુન કાગસિયા છેલ્લા કેટલાય સમયથી ખુલ્લેઆમ વિદેશી દારૂનો વેપલો ચલાવતો હતો. ચર્ચા તો એવી પણ છે કે, પશ્ચિમ પોલીસની આ કથિત ભ્રષ્ટ વહીવટદાર




જોડી રાકેશ અને પરેશે બુટલેગરોને સેફ ઝોન આપવા માટે વિદેશી દારૂના સ્ટોકની મર્યાદા નક્કી કરી આપી હતી અને માત્ર ૫ પેટી દારૂ રાખવાની 'મૌખિક મંજૂરી' આપી હતી. પરંતુ, બુટલેગર અર્જુન કાગસિયા વહીવટદારોની આ સૂચના ઓળંગી ગયો અને ઈન્દિરાનગરી લીંબડી ફળિયામાં આવેલા પોતાના ઘરમાં વિદેશી દારૂનો મોટો જથ્થો ઉતારી દીધો.

આ મોટા જથ્થાની બાતમી જ્યારે વહીવટદારોને મળી, ત્યારે તેમના પગ નીચેથી જમીન સરકી ગઈ. જો આ બાતમી ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) સુધી પહોંચી ગઈ હોત, તો આખું પશ્ચિમ પોલીસ સ્ટેશન અને વહીવટદારો લપેટામાં આવી જાય તેમ હતા. SMC ની રેડ પડે તો સસ્પેન્શન પાકું હતું! આથી, તાબડતોડ હરકતમાં આવેલી રાકેશ-પરેશની જોડીએ પોતાના જ માનીતા બુટલેગર પર દરોડો પાડી દીધો. એટલું જ નહીં, ખુદ કહેવાતો વહીવટદાર પરેશ પોતે ફરિયાદી બની ગયો અને કેસ ઠોકી દીધો. આ રીતે ચોપડે કામગીરી પણ દેખાઈ ગઈ અને ગાંધીનગરના સકંજામાંથી પોલીસ બચી પણ ગઈ. પોલીસે આ દરોડામાં અર્જુન કાગસિયા પાસેથી વિદેશી દારૂના ક્વાટર નંગ ૧,૧૫૨ (કિંમત ૩,૧૪,૪૦૦), બિયરના ટીન નંગ ૧,૦૮૦ (કિંમત ૨,૩૭,૬૦૦) અને મોબાઈલ મળી કુલ ૫,૫૭,૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કેસમાં દારૂ સપ્લાય કરનાર બુટલેગર સચિન ઠાકોર, તેની પત્ની અલ્પા ઠાકોર અને ડ્રાઈવર સામે પણ ગુનો નોંધાયો છે. પશ્ચિમ પોલીસની આ 'ડરપોક' કામગીરી બાદ સ્થાનિક જાગૃત નાગરિકોમાં ગંભીર સવાલો ઉઠી રહ્યા છે.



### આ ફિલ્મ 26 ઓગષ્ટના રોજ રિલીઝ થઈ રહી છે

# યશની 'TOXIC' ફિલ્મ માટે કિયારા અડવાણીએ વસૂલ કરી તોતિંગ ફી

મુંબઇ

બોલિવૂડની દમદાર વોઈસ ધરાવતી એક્ટ્રેસ કિયારા અડવાણીની નવી ફિલ્મ 'ટોક્સિક'માં એકથી એક બોલ્ડ સીન આપ્યા છે. બોલ્ડ સીનના કારણે તે ચર્ચામાં રહી છે. આ ફિલ્મ 26 ઓગષ્ટના રોજ રિલીઝ થઈ રહી છે. આ પહેલા ફિલ્મનું ગીત તબાહી રિલીઝ કરવામાં આવ્યું હતું. જેમાં કિયારાનો એક અલગ અંદાજ જોવા મળી રહ્યો છે. યશ માટે 2026નું વર્ષ ખૂબ જ મોટું સાબિત થઈ શકે છે, જો તેની ફિલ્મ 'ટોક્સિક' બોક્સ ઓફિસ પર સારો દેખાવ કરશે તો આ ફિલ્મ એના માટે માઈલસ્ટોન બની શકે છે.'KGF 2' પછી તેની કોઈ ફિલ્મ રિલીઝ થઈ નથી. કિયારા અડવાણીએ સુપરસ્ટાર યશની ફિલ્મ 'ટોક્સિક' માટે આશરે 15 કરોડ ફી લીધી છે; આટલી મોટી રકમ પહેલા ક્યારેય કોઈ પ્રોજેક્ટ માટે મળી નથી. આ દરમિયાન યશ ફિલ્મ માટે નફા-શેરિંગ મોડેલ પર કામ કરી રહ્યો છે, કારણ કે તે સહ-નિર્માતા પણ છે. એવી પણ અટકળો છે કે તેણે 50 કરોડ ફી લીધી છે. કિયારા અડવાણી ઉપરાંત, યશ અને ફિલ્મ નિર્માતાઓને પણ આ ફિલ્મના અંતરંગ દ્રશ્યો પર ભારે ટ્રોલનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને દિગ્દર્શક ગીતુ મોહનદાસને ફિલ્મની રચના અને તેમાં મહિલાઓને દર્શાવવાની રીત અંગે ટીકાનો સામનો કરવો પડી રહ્યો છે,જોકે આ બધા વચ્ચે કિયારા અડવાણી માટે આ એક મોટી ફિલ્મ છે. યશની ફિલ્મમાં પાંચ અભિનેત્રીઓ કામ કરી રહી છે. કિયારા અડવાણી, નયનતારા, રુક્મિણી વસંત, હુમા કુરેશી અને તારા સુતારિયાનો સમાવેશ થાય છે. જોકે, કિયારા ફિલ્મમાં યશની પ્રેમિકાની ભૂમિકા ભજવે છે.

સાઉથની મોટી ફિલ્મ બની શકે કિયારાએ આ ફિલ્મ માટે સારી એવી મહેનત પણ કરી છે. આ ફિલ્મ હીટ જશે તો કિયારના ફિલ્મ કેરિયરની આ સૌથી મોટી ફિલ્મ સાબિત થશે. આ ઉપરાંત પૈસાની દ્રષ્ટિએ પણ અગાઉ કરતા મોટી રકમ પ્રાપ્ત થતા ફિલ્મ ખરા અર્થમાં માઈલસ્ટોન બની રહેશે. ત્રણ-ત્રણ વાર ફિલ્મ રિલીઝની ડેટમાં ફેરફાર કર્યા બાદ અંતે ઓગષ્ટ મહિનામાં રિલીઝ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. એક ફિમેલ ડાયરેક્ટર તરીકે મેઈલ ડોમિનન્સી વાળી ફિલ્મ ડાયરેક્ટ કરવી એક ચેલેન્જ સમાન માનવામાં આવે છે. પણ યશે જે પાત્ર પ્લે કર્યું છે એની પાછળ ગીતુ મોહનદાસનું દમદાર અને ક્રિએટિવ દિમાગ છે. આ ફિલ્મ સાઉથની સૌથી મોટી ફિલ્મ પણ સાબિત થઈ શકે છે. બોલિવૂડની દમદાર વોઈસ ધરાવતી એક્ટ્રેસ કિયારા અડવાણીની નવી ફિલ્મ 'ટોક્સિક'માં એકથી એક બોલ્ડ સીન આપ્યા છે. બોલ્ડ સીનના કારણે તે ચર્ચામાં રહી છે.

**કિયારા અડવાણીએ સુપરસ્ટાર યશની ફિલ્મ 'ટૉક્સિક' માટે આશરે ₹15 કરોડ ફી લીધી છે**

# બોલીવુડના ટોચના એક્ટરને શૂટિંગમાં જીવડું કરડી જતાં હાલત ગંભીર

### પશ્ચિમ બંગાળની એક હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે, તેના ફેંસ અને સેલેબ્સ જલદી સ્વસ્થ થવાની પ્રાર્થના કરી રહ્યા છે



મુંબઇ

બોલીવુડના ટોચના એકટરને શૂટિંગમાં જીવડું કરડી જતાં હાલત ગંભીર છે. પ્રભાસની ફિલ્મના સેટ પર જીવડું કરડી જતાં એક્ટર રાજેશ શર્મા હાલ જીવન મોત વચ્ચે ઝઝૂમી રહ્યો છે. તેને પશ્ચિમ બંગાળની એક હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. તેના ફેંસ અને સેલેબ્સ જલદી સ્વસ્થ થવાની પ્રાર્થના કરી રહ્યા છે.

કઈ રીતે બની ઘટના ? પ્રભાસની ફિલ્મ 'ફૌજી'ના શૂટિંગ દરમિયાન કોઈ ઝેરી જીવડું રાજેશ શર્માને કરડી ગયું હતું, જેના કારણે ઈન્ફેક્શન વધીને પગથી ઘૂંટણ સુધી પહોંચી ગયું હતું. આના લીધે તેની હાલત ગંભીર બની હતી. અક્ષય કુમારે તેની હેલ્થને લઈને ચિંતા વ્યક્ત કરી છે. તેમણે તેના જલ્દી સાજા થવાની કામના કરી છે. અક્ષય કુમારે રાજેશ શર્માની હેલ્થ વિશે માહિતી મળતા જ એક્સ પર એક પોસ્ટ શેર કરી હતી. તેમણે રાજેશ સાથેનો એક ફોટો શેર કર્યો, જે ફિલ્મ 'ગોલ્ડ' ના સમયનો હતો. આ શેર કરવાની સાથે જ અક્ષયે લખ્યું, મારા વહાલા મિત્રને શૂટિંગ પછી કોઈ ઝેરી જીવડાએ કરડી લીધું, જેના પછી રાજેશની હેલ્થ કન્ડિશન બગડી ગઈ અને આ જાણીને હું ચિંતિત છું. આશા છે ભગવાન મહાદેવની કૃપા બની રહે અને તે જલ્દી જ સંપૂર્ણપણે સાજો થઈ જાય. અક્ષય કુમારે પોતાની પોસ્ટમાં ભાવુક થતાં આગળ લખ્યું, જલ્દી સાજો થઈ જા યાર, હજી સાથે બેસીને ખૂબ હસાવવાનું છે. અક્ષયની આ પોસ્ટ સામે આવ્યા પછી ફેન્સે પણ રાજેશની હેલ્થ જલ્દી સારી થઈ જાય તેવી કામના કરી રહ્યા છે. હોસ્પિટલના ડૉક્ટર અભિજીત ભટ્ટાચાર્યએ જણાવ્યું કે, જંતુનો ચેપ પગના અંગૂઠાથી લઈને ઘૂંટણ સુધી ફેલાઈ ગયો છે. અસરગ્રસ્ત ભાગ પર મોટા ફોલ્લા પડી ગયા છે. ડૉક્ટરના મતે હાલની સ્થિતિ વિશે સ્પષ્ટપણે કંઈપણ કહેવું વહેલું ગણાશે. રાજેશ શર્માને ડૉકટરોની સઘન દેખરેખ હેઠળ રાખવામાં આવ્યા છે. ડૉકટરોને ચિંતા છે કે ચેપને કારણે બ્લડ ક્લોટ (લોહીનો ગઠ્ઠો) બની શકે છે. જો આ ક્લોટ ફેફસાં સુધી પહોંચે છે, તો જીવનું જોખમ થઈ શકે છે.

# ₹1.68 લાખની સાડીમાં રશ્મિકા મંદાનાનો રોયલ લુક

### અજય દેવગન, રીતેશ દેશમુખ, અરશદ વારસી અને જાવેદ જાફરીની આ મલ્ટિસ્ટારર કોમેડી ફિલ્મ માટે સૌથી વધુ ક્રેઝ દિલ્હી-NCR અને મુંબઇ-પુણે સર્કિટમાં જોવા મળી રહ્યો છે

મુંબઇ

એક સાડી અને તદ્દન અલગ જ અંદાજ! જ્યારે પણ રશ્મિકા મંદાના કોઈ ખાસ લુકમાં સામે આવે છે, ત્યારે તે માત્ર એક આઉટફિટ નથી રહેતો, પરંતુ આખો એક નવો ટ્રેન્ડ બની જાય છે. તેમનો તાજેતરનો સાડી વાળો લુક પણ કંઈક આવો જ રહ્યો, જેમાં શાહી ઠાઠ અને સહજતા (એલિગન્સ) બંનેનો અદ્ભુત સમન્વય જોવા મળ્યો હતો. આ લુકમાં તેમણે પરંપરાગત કારીગરીને આધુનિક વિચારસરણી સાથે એવી રીતે જોડી કે બધું જ ખૂબ જ સંતુલિત અને આકર્ષક લાગતું હતું. આ ખાસ પ્રસંગ માટે રશ્મિકાએ ડિઝાઈનર મૃણાલિની રાવ દ્વારા તૈયાર કરાયેલી આઈવરી (હાથીદાંત જેવા સફેદ) રંગની સિલ્ક સાડી પસંદ કરી હતી, જેની કિંમત આશરે 1,68,000રૂપિયા હોવાનું કહેવાય છે. આ સાડીની કિનારીઓ (બોર્ડર) પર ઝીણવટભરી ફૂલોની જરી કઢાઈ (એમ્બ્રોઇડરી) કરવામાં આવી હતી, જે તેને વધુ ક્લાસી લુક આપતી હતી. આ મોંઘીદાટ સાડી સાથે તેમણે ઘેરા લાલ (ડીપ રેડ) રંગનો હાથથી કઢાઈ કરેલો બ્લાઉઝ પહેર્યો હતો. આ બ્લાઉઝની નાની સ્લીવ્સ અને તેની સુંદર ડિઝાઈન રશ્મિકાના સમગ્ર લુકમાં પરંપરાગત નજાકત અને ભવ્યતા ઉમેરતી હતી. ગળામાં કોઈ ભારે હાર પહેરવાના બદલે તેમણે માત્ર પોતાનું મંગળસૂત્ર જ રાખ્યું હતું અને હાથમાં સુંદર કંગન સાથે એક ક્લાસી ઘડિયાળ પહેરીને પોતાના આ સમગ્ર અંદાજને એકદમ સિમ્પલ છતાં પણ ખૂબ જ ખાસ બનાવ્યો હતો. એક સાડી અને તદ્દન અલગ જ અંદાજ! જ્યારે પણ રશ્મિકા મંદાના કોઈ ખાસ લુકમાં સામે આવે છે, ત્યારે તે માત્ર એક આઉટફિટ નથી રહેતો, પરંતુ આખો એક નવો ટ્રેન્ડ બની જાય છે. તેમનો તાજેતરનો સાડી વાળો લુક પણ કંઈક આવો જ રહ્યો, જેમાં શાહી ઠાઠ અને સહજતા (એલિગન્સ) બંનેનો અદ્ભુત સમન્વય જોવા મળ્યો હતો. આ લુકમાં તેમણે પરંપરાગત કારીગરીને આધુનિક વિચારસરણી સાથે એવી રીતે જોડી કે બધું જ ખૂબ જ સંતુલિત અને આકર્ષક લાગતું હતું. આ ખાસ પ્રસંગ માટે રશ્મિકાએ ડિઝાઈનર મૃણાલિની રાવ દ્વારા તૈયાર કરાયેલી આઈવરી (હાથીદાંત જેવા સફેદ) રંગની સિલ્ક સાડી પસંદ કરી હતી, જેની કિંમત આશરે 1,68,000રૂપિયા હોવાનું કહેવાય છે. આ સાડીની કિનારીઓ (બોર્ડર) પર ઝીણવટભરી ફૂલોની જરી કઢાઈ (એમ્બ્રોઇડરી) કરવામાં આવી હતી, જે તેને વધુ ક્લાસી લુક આપતી હતી.





# છૂટાછેડાની અફવાઓ પર પ્રિન્સ નરુલા-યુવિકા ચૌધરીએ તોડ્યું મૌન

### પ્રિંસે કહ્યું હતું કે તે સમય તેમના માટે ખુબ જ તનાવપૂર્ણ રહ્યો હતો, તે સમયગાળા દરમિયાન તેઓ પોતાના નવા ઘરનું કામ કરાવી રહ્યા હતા

મુંબઇ

પ્રખ્યાત સેલિબ્રિટી કપલ પ્રિન્સ નરુલા અને યુવિકા ચૌધરીના લગ્નજીવનને લઈને થોડા દિવસોથી સોશિયલ મીડિયા અને મીડિયામાં તેમના છૂટાછેડા થયાની અફવાઓની વાતે જોર પકડ્યું હતું. હવે આ સ્ટાર કપલે પહેલીવાર આ બાબતો પર ખુલીને વાત કરીને પોતાનું મૌન તોડ્યું હતું. નેહા ધૂપિયા અને અંગદ બેદીના ટોક શૉ 'ડબલ ડેટ' માં પ્રિન્સ અને યુવિકાએ જણાવ્યું હતું કે, એક નાની ગેરસમજણે કેટલું મોટું રૂપ લઇ લીધુ હતું. આ સાથે જ તેમણે પ્રેગ્નેન્સી, ડિલિવરી પછીના માનસિક તણાવ અને પોતાના જીવનના સૌથી મુશ્કેલ સમય વિશે પણ હૃદયસ્પર્શી વાતો યાદ કરી હતી. છૂટાછેડાની ખબરોની હકીકત જણાવતા પ્રિન્સ નરુલાએ ખુલાસો કર્યો હતો કે, તેના એક બ્લોગની વાતથી લોકોએ કંઈક જુદું જ અર્થઘટન કાઢ્યું હતું. પ્રિંસે કહ્યું હતું કે તે સમય તેમના માટે ખુબ જ તનાવપૂર્ણ રહ્યો હતો. તે સમયગાળા દરમિયાન તેઓ પોતાના નવા ઘરનું કામ કરાવી રહ્યા હતા.

આ સાથે તેઓ પોતાની પ્રોફેશનલ લાઈફને પણ સાંભળી રહ્યા હતા. પ્રિન્સની એવી ઈચ્છા હતી કે, તેમનું બાળક નવા ઘરમાં પોતાના પગલાં માંડે.ઘરના રિનોવેશનના કારણે ત્યાં ઘણી ધૂળ-માટી હતા,જેનાથી યુવિકાને એલર્જી ના થાય, તેના લીધે પ્રિંસે તેને અમુક સમય સુધી તેના પિયર શિફ્ટ થવા માટેની સલાહ આપી હતી. એ જ સમયે પ્રિંસે એક વ્લોગમાં કહ્યું હતું કે 'અમે હવે સાથે નથી રહેતા', જેનો સીધો અર્થ એવો હતો કે અંતરના લીધે તેઓ અલગ અલગ ઘરોમાં રહે છે, પણ લોકોએ એવું માની લીધું કે તેમના સબંધનો અંત આવી ચુક્યો છે. કપલે કહ્યું કે, શરૂઆતમાં તેઓ આ અફવાઓથી ચિંતામાં ઘેરાયા હતા પણ ત્યારબાદ તેમને એવો અહેસાસ થયો કે બહારની દુનિયાને કોઈ ચોખવટ કરવાની જરૂર નથી. માતા બન્યા બાદ યુવિકાએ પોતાના અનુભવો પર વાત કરતા ડિલિવરી પછી થનારા શારીરિક અને માનસિક બદલાવો પર ખુલીને ચર્ચા કરી હતી. તેણે જણાવ્યું હતું કે, આ સફર માનસિક અને શારીરિક બન્ને રૂપથી ખુબ મુશ્કેલ હતી.

# દિલ્હી હાઇકોર્ટે રાજપાલ યાદવને 3 મહીનાની સજા ફટકારી

### હાઈકોર્ટે એક્ટર રાજપાલ યાદવને ચેક બાઉન્સના સાત કેસમાં ત્રણ મહિના સાદી કેસની સજા ફટકારી છે. આ ઉપરાંત કોર્ટે દરેક કેસમાં 1.05 કરોડનો દંડ પણ ફટકાર્યો છે. જેના લીધે રૂપિયા 7.35 કરોડનો દંડ ભરવો પડશે.

મુંબઇ

દિલ્હી હાઈકોર્ટે બોલીવુડ એક્ટર રાજપાલ યાદવને ચેક બાઉન્સ કેસમાં ત્રણ મહીનાની જેલની સજા ફટકારી છે. જેના પગલે એક્ટરને ફરી જેલમાં મોકલવામાં આવશે. આ કેસમાં દિલ્હી હાઈકોર્ટે એક્ટર રાજપાલ યાદવને સમજૂતી કરીને કેસ સમાપ્ત કરવાનો પ્રયાસ કર્યો હતો.પરંતુ આખરે સમજૂતી ના થઇ શકી. રૂપિયા 7.35 કરોડનો દંડ ભરવો પડશે આ કેસની વિગતો મુજબ દિલ્હી હાઈકોર્ટે એક્ટર રાજપાલ યાદવને ચેક બાઉન્સના સાત કેસમાં ત્રણ મહિના સાદી કેસની સજા ફટકારી છે. આ ઉપરાંત કોર્ટે દરેક કેસમાં 1.05 કરોડનો દંડ પણ ફટકાર્યો છે. જેના લીધે રૂપિયા 7.35 કરોડનો દંડ ભરવો પડશે. તેમને સમાધાન કરવા અંગે નિષ્ફળ ગયા હતા આ દંડમાંથી દરેક કેસમાં રૂપિયા 1 કરોડ ચાર લાખ પંચોતર હજાર ફરિયાદીને અને 25,000 રૂપિયા રાજ્યને ચુકવવા પડશે. કોર્ટે નોંધ્યું કે રાજપાલ યાદવને અનેક તકો આપવામાં આવી હતી. પરંતુ તેમને સમાધાન કરવા અંગે નિષ્ફળ ગયા હતા. હાઈકોર્ટે સખત નારાજગી વ્યક્ત કરી આ ઉપરાંત કોર્ટે જણાવ્યું કે, ગત સુનાવણી ચુકાદો સુરક્ષિત રાખવાવા આવ્યો હતો. તેમજ એક્ટર રાજપાલ યાદવે સમાધાન યોજનાનો વિરોધ કર્યો હતો અને કોર્ટને ભાવનાત્મક અપીલ કરી હતી. તેમજ બાકી લેણાંની ચુકવણી અંગે રાજપાલ યાદવના બદલાતા વલણ પર હાઈકોર્ટે સખત નારાજગી વ્યક્ત કરી હતી. વારંવાર ખાતરી આપવા છતાં બાકી રકમ ચૂકવવામાં આવી ન હતી કોર્ટે વધુમાં જણાવ્યું કે, રાજપાલ યાદવે વારંવાર ખાતરી આપવા છતાં બાકી રકમ ચૂકવવામાં આવી ન હતી. કોર્ટના સૂચન પર ફરિયાદી કંપનીએ અંતિમ સમાધાન તરીકે રૂપિયા 6 કરોડ સ્વીકારવા પણ રાજી હતી.જોકે, તેમ છતાં તે રાજીના થતાં ફરિયાદીને નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટની કલમ 138 હેઠળ કાનૂની કાર્યવાહી કરવાની ફરજ પડી હતી.



પાક્કો ગુજરાત
શનિવાર | 11 જુલાઈ 2026 | અમદાવાદ

### ભારતીય ટીમ 158 રન જ બનાવી શકી હતી. ઇંગ્લેન્ડે હેરી બ્રૂકના 79 અને ફિલ સોલ્ટના 59 રનની મદદથી 14.1 ઓવરમાં જ લક્ષ્ય મેળવી શ્રેણી જીતી લીધી

# ચોથી T20માં પણ ઇન્ડિયાની શરણાગતિ, ઇંગ્લેન્ડે 9 વિકેટે જીતી સિરીઝ પર કર્યો કબજો

મુંબઈ

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાયેલી ચોથી T20 મેચમાં પણ ભારતીય ટીમનો શરમજનક પરાજય થયો છે. બ્રિસ્ટલ ખાતે રમાયેલા આ મુકાબલામાં ઈંગ્લેન્ડે ભારતને 9 વિકેટે હરાવીને 5 મેચની સિરીઝમાં 3-0ની અજેય લીડ મેળવી લીધી છે. સિરીઝ જીતવાની કે ડ્રો કરવાની આશા સાથે મેદાન પર ઉતરેલી ભારતીય ટીમ ટોપ ઓર્ડરની નિષ્ફળતા અને નબળી બોલિંગને કારણે મેચ ગુમાવી બેઠી હતી. ચેસ્ટર-લે-સ્ટ્રીટમાં રમાયેલી પ્રથમ મેચ વરસાદને કારણે રદ થઈ હતી, જ્યારે બાકીની ત્રણેય મેચો જીતીને ઈંગ્લેન્ડે શ્રેણી પોતાના નામે કરી લીધી છે. કેપ્ટન શ્રેયસ અય્યરની વન-મેન આર્મી જેવી લડત

ટોસ જીતીને પહેલા બેટિંગ કરવા ઉતરેલી ભારતીય ટીમની શરૂઆત ફરી એકવાર ખરાબ રહી હતી. ઓપનર વૈભવ સૂર્યવંશી 15 રન અને ઈશાન કિશન 4 રન બનાવીને સસ્તામાં આઉટ થઈ ગયા હતા. જોકે, કેપ્ટન શ્રેયસ અય્યરે મોરચો સંભાળ્યો હતો અને 49 બોલમાં 80 રનની શાનદાર અણનમ ઈનિંગ રમી હતી. તેને શિવમ દુબે (22) નો થોડો સાથ મળ્યો હતો, જેના કારણે ભારતે 7 વિકેટે 158 રનનો સન્માનજનક સ્કોર બનાવ્યો હતો. ઈંગ્લેન્ડ તરફથી જોશ ટંગ અને જોફ્રા આર્ચરે 2-2 વિકેટ લીધી હતી. ઈંગ્લેન્ડના બેટ્સમેનોનો તરખાટ, 43 બોલ બાકી રહેતા જીત મેળવી 159 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ઈંગ્લેન્ડની ટીમે ભારતીય બોલરોની લાઈન-લેન્થ બગાડી નાખી હતી. જોકે, ત્રીજી ઓવરમાં અર્શદીપ સિંહે જોસ બટલરને 8 રને આઉટ કરીને ભારતને પહેલી સફળતા અપાવી હતી, પરંતુ તે પછી ભારતીય બોલરો એક પણ વિકેટ ઝડપી શક્યા નહોતા. ઈંગ્લેન્ડના કાર્યવાહક કેપ્ટન હેરી બ્રૂકે માત્ર 35 બોલમાં 79 રનની અને




ઓપનર ફિલ સોલ્ટે 42 બોલમાં 59 રનની તોફાની અણનમ ઈનિંગ રમીને પોતાની ટીમને 14.1 ઓવરમાં જ જીત અપાવી દીધી હતી. હવે સિરીઝની છેલ્લી મેચ સાઉથમ્પટનમાં રમાશે. 159 રનનો પીછો કરવા ઉતરેલી ઈંગ્લેન્ડે 13 રન પર પહેલી વિકેટ ગુમાવી દીધી. અર્શદીપ સિંહે જોસ બટલર (8 રન)ને આઉટ કર્યા. ત્યારબાદ કેપ્ટન હેરી બ્રૂક અને ફિલ સોલ્ટે ભારતીય બોલરોને કોઈ તક આપી નહીં. બંનેએ બીજી વિકેટ માટે 68 બોલમાં અણનમ 146 રનની ભાગીદારી કરીને મેચ એકતરફી બનાવી દીધી. બ્રૂકે માત્ર 35 બોલમાં અણનમ 79 રન બનાવ્યા હતા. તેમણે 8 ચોગ્ગા અને 4 છગ્ગા લગાવ્યા હતા. બ્રૂકે 225.71ની સ્ટ્રાઈક રેટથી બેટિંગ કરી હતી. ફિલ સોલ્ટે 42 બોલમાં અણનમ 59 રનની ઈનિંગ રમી હતી. આમાં 9 ચોગ્ગા અને 1 છગ્ગો સામેલ રહ્યો. ઈંગ્લેન્ડે 37 બોલ બાકી રહેતા ટાર્ગેટ હાંસલ કરી લીધો હતો. શિવમ દુબેએ 22, અભિષેક શર્માએ 16, તિલક વર્માએ 11, ઈશાન કિશને 4, વોશિંગ્ટન સુંદરે 5 અને અક્ષર પટેલે 1 રન બનાવ્યો. ઈંગ્લેન્ડ તરફથી બોલિંગમાં જોફ્રા આર્ચર અને જોશ ટંગે 2-2 વિકેટ લીધી. વિલ જેક્સ અને આદિલ રશીદને એક-એક વિકેટ મળી.

## ફ્રાન્સ સતત ત્રીજા વર્લ્ડ કપ સેમિફાઈનલમાં પહોંચ્યું

મેક્સિકો સિટી

ફ્રાન્સે મોરોક્કોને 2-0થી હરાવીને ફૂટબોલ વર્લ્ડ કપ 2026ની સેમિફાઈનલમાં સ્થાન મેળવી લીધું છે. ટીમે સતત ત્રીજી વખત સેમિફાઈનલમાં સ્થાન બનાવ્યું. આ પહેલા ટીમ 2018 અને 2022ની ફાઈનલમાં પહોંચી હતી. પ્રથમ હાફમાં પેનલ્ટી ચૂકી ગયેલા કેપ્ટન કિલિયન એમ્બાપ્પેએ બીજા હાફની 60મી મિનિટે ગોલ કર્યો. તેના 6 મિનિટ પછી ઉસ્માન ડેમ્બેલેએ બીજો ગોલ કરીને ફ્રાન્સની જીત પાકી કરી દીધી. હવે સેમિફાઈનલમાં ફ્રાન્સનો મુકાબલો સ્પેન અને બેલ્જિયમ વચ્ચે રમાનારી બીજી ક્વાર્ટર ફાઈનલના વિજેતા સાથે થશે. આ ટુર્નામેન્ટમાં એમ્બાપ્પેના 8 ગોલ થઈ ગયા છે. તેણે આર્જેન્ટિનાના લિયોનેલ મેસ્સીની બરાબરી કરી લીધી છે. જોકે, 3 આસિસ્ટને કારણે એમ્બાપ્પે ગોલ્ડન બૂટની રેસમાં પ્રથમ



સ્થાને પહોંચી ગયો છે, જ્યારે મેસ્સીના નામે 8 ગોલ અને 1 આસિસ્ટ છે. તમામ વર્લ્ડ કપ મળીને એમ્બાપ્પે હવે 20 ગોલ કરી ચૂક્યા છે. તેનાથી આગળ માત્ર મેસ્સી છે, જેના નામે 21 ગોલ નોંધાયેલા છે. તે જ સમયે, મોરોક્કોની હાર સાથે ટુર્નામેન્ટમાંથી આફ્રિકાની છેલ્લી ટીમ પણ બહાર થઈ ગઈ. ફ્રાન્સે શરૂઆતથી જ મોરોક્કો પર દબાણ બનાવ્યું. પાંચમી મિનિટે એમ્બાપ્પેના શોટને ગોલકીપર યાસીન બૂનુએ શાનદાર રીતે બચાવ્યો. ત્યારબાદ દાયો ઉપામેકાનોનો હેડર પણ બૂનુએ રોકી દીધો. ઉસ્માન ડેમ્બેલે, દેજિરે ડુએ અને માઈકલ ઓલિસેએ પણ સતત શોટ માર્યા, પરંતુ મોરોક્કોના ડિફેન્ડર્સ અને ગોલકીપરે ફ્રાન્સને લીડ લેવા દીધી નહીં.

### ભારત મેચ હારતા ગંભીર સામે સવાલો

## ગૌતમ ગંભીર પર લટકતી તલવાર? મોટો નિર્ણય લેવાની તૈયારીમાં BCCI: રિપોર્ટમાં દાવો

મુંબઈ

ભારતીય ક્રિકેટ ટીમના હેડ કોચ ગૌતમ ગંભીર માટે મુશ્કેલીના વાદળો ઘેરાયા છે. ઈંગ્લેન્ડ સામે રમાઈ રહેલી 5 મેચોની T20I શ્રેણીમાં ભારતીય ટીમને સતત 3 મેચોમાં મળેલી કારમી હાર અને 3-0થી શ્રેણી ગુમાવ્યા બાદ હવે હેડ કોચ તરીકે ગંભીરની નોકરી જોખમમાં હોવાના અહેવાલો વહેતા થયા છે. સૂર્યકુમાર યાદવ બાદ શ્રેયસ અય્યરની કપ્તાની હેઠળ ટીમ ઈન્ડિયાના સતત કથળતા પ્રદર્શન અને રણનીતિઓ ફ્લોપ સાબિત થતાં સોશિયલ મીડિયાથી લઈને ક્રિકેટ ગલીયારામાં ગંભીરના ભવિષ્યને લઈને સવાલો ઉભા થઈ રહ્યા છે. શું ગૌતમ ગંભીરની રજા થશે? રિપોર્ટનું મોટું વિશ્લેષણ સૂત્રો અને તાજેતરના અહેવાલો અનુસાર, માર્ચ 2026માં




ભારતને T20 વર્લ્ડ કપ જીતાડ્યા બાદથી ટીમ ઈન્ડિયાનું પ્રદર્શન ગ્રાફ સતત નીચે જઈ રહ્યો છે. આયરલેન્ડ પ્રવાસ પર 0-2થી મળેલી શરમજનક હાર અને હવે ઈંગ્લેન્ડ સામે ચોથી T20I મેચમાં 9 વિકેટે થયેલા પરાજય બાદ બીસીસીઆઈના વરિષ્ઠ અધિકારીઓ અને ટીમ મેનેજમેન્ટ વચ્ચે ગંભીર મંથન શરૂ થયું છે. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે જો ભારતીય ટીમ વર્ષ 2026ના અંત સુધીમાં ICC T20I રેન્કિંગમાં પોતાનું નંબર વન સ્થાન ગુમાવશે અને લોસ એન્જલસ ઓલિમ્પિક 2028 માટે ડાયરેક્ટ ક્વાલિફિકેશન મેળવવામાં નિષ્ફળ રહેશે, તો હેડ કોચ ગૌતમ ગંભીર પર મોટી કાર્યવાહી થઈ શકે છે. ગૌતમ ગંભીર અને કેપ્ટન શ્રેયસ અય્યરની જોડી હજુ સુધી એક પણ મેચ જીતવામાં સફળ રહી નથી.

## પહેલીવાર ચેક રિપબ્લિક 2 ખેલાડીઓ વચ્ચે વિમ્બલડન ફાઇનલ

### મુહોવા અને નોસ્કોવા વચ્ચે ટક્કર આજે ટક્કર: ફેન્સમાં ભારે ઉત્સાહ

લંડન

વિમ્બલ્ડન ટેનિસ ચેમ્પિયનશિપના લેડીઝ સિંગલ્સમાં આ વખતે ચેક રિપબ્લિકની 2 ખેલાડીઓ વચ્ચે ફાઈનલ મુકાબલો થશે. ટુર્નામેન્ટના ઈતિહાસમાં 19 વર્ષ પછી એક જ દેશની 2 ખેલાડીઓ ફાઈનલમાં પહોંચી છે. આ પહેલા 2009માં અમેરિકાની વિલિયમ્સ સિસ્ટર્સ વચ્ચે ફાઈનલ રમાઈ હતી. ચેક રિપબ્લિકની 29 વર્ષીય કેરોલિના મુહોવાએ સાતમો સીડ અમેરિકી ટેનિસ સ્ટાર કોકો ગૉફને 6-2, 1-6, 7-6 (12-10)થી હરાવીને પહેલીવાર ફાઈનલમાં પ્રવેશ કર્યો. તેના થોડા કલાકો પછી લિન્ડા નોસ્કોવાએ યુક્રેનની માર્તા કોસ્ત્યુકને 6-4, 6-4થી હરાવીને ટાઈટલ રાઉન્ડમાં સ્થાન બનાવ્યું. બંને વચ્ચેની મેચ શનિવારે સેન્ટર કોર્ટ પર રમાશે. ચેક રિપબ્લિકની કેરોલિના




મુહોવા સેમિફાઈનલ જીત્યા પછી અમેરિકાની કોકો ગોફને ભેટી. ચેક રિપબ્લિકની કેરોલિના મુહોવા સેમિફાઈનલ જીત્યા પછી અમેરિકાની કોકો ગોફને ભેટી. મુચોવાએ ત્રીજા સેટમાં મેચ પોઈન્ટ બચાવ્યો નિર્ણાયક સેટમાં બંને ખેલાડીઓ વચ્ચે કાંટાની ટક્કર રહી. ટાઈ-બ્રેકરમાં સ્કોર 8-8 થતાં સર્વિસમાં વિલંબને કારણે મુહોવાને ટાઈમ વાયોલેશનની ચેતવણી મળી. આગળના જ પોઈન્ટ પર તેનો ફોરહેન્ડ બહાર ગયો અને કોકો ગૉફને મેચ પોઈન્ટ મળ્યો. જોકે, ગૉફ નેટ પર ડ્રોપ શોટ રમવામાં ચૂકી ગઈ. મુચોવાએ તેનો પૂરો ફાયદો ઉઠાવ્યો અને સતત બે પોઈન્ટ જીતીને ફાઈનલની ટિકિટ મેળવી લીધી. જીત બાદ જશ્ન મનાવતી કેરોલિના મુહોવા.

ડોકટરોએ કહ્યું હતું- ટેનિસ છોડી દો મુહોવાની કારકિર્દી સતત ઈજાઓથી પ્રભાવિત રહી છે. તે કાંડા, પેટ, પીઠ, જાંઘ, પગની ઘૂંટી અને પગની ઘણી ગંભીર ઈજાઓથી ઝઝૂમી ચૂકી છે. 2022માં ડોકટરોએ તેને ટેનિસ છોડવા સુધીની સલાહ આપી હતી. ત્યારબાદ 2023 અને 2024માં તેના જમણા કાંડાની સર્જરી થઈ, જેના કારણે તે લગભગ 10 મહિના કોર્ટની બહાર રહી. હવે શાનદાર કમબેક કરતા તે પોતાના પહેલા ગ્રાન્ડ સ્લેમ ટાઈટલથી માત્ર એક જીત દૂર છે. ગૉફની સર્વિસ હારનું મોટું કારણ બની મુહોવાએ પ્રથમ સેટમાં ગૉફની નબળી સર્વિસનો પૂરો ફાયદો ઉઠાવ્યો. તેણે ત્રીજા અને પાંચમા ગેમમાં સર્વિસ બ્રેક કરીને 6-2થી સેટ પોતાના નામે કર્યો. બીજા સેટમાં ગૉફે જોરદાર કમબેક કરતા 6-1થી જીત મેળવી અને મુકાબલો નિર્ણાયક સેટ સુધી પહોંચાડ્યો. જોકે, અંતિમ સેટના દબાણભર્યા પળોમાં મુચોવાએ શ્રેષ્ઠ રમત બતાવીને જીત નોંધાવી. મુહોવાએ કહ્યું, ‘ફાઈનલમાં પહોંચવું મારા માટે ખૂબ જ ખાસ ક્ષણ છે. મુકાબલો ખૂબ જ મુશ્કેલ હતો અને આખી મેચમાં સતત ઉતાર-ચઢાવ આવતા રહ્યા. કોર્ટ પર વિચારવાનો વધુ સમય નહોતો. અંત સુધી મુકાબલો ખૂબ જ તણાવપૂર્ણ રહ્યો.’




### ચીન અને અમેરિકામાં વિદેશી રોકાણમાં ઘટાડો

## ભારત વિશ્વનું 11મું સૌથી મોટું FDI સ્પોટ

મુંબઈ

યુનાઈટેડ નેશન્સ કોન્ફરન્સ ઓન ટ્રેડ એન્ડ ડેવલપમેન્ટ (અંકટાડ) દ્વારા જાહેર કરાયેલા વર્લ્ડ ઈન્વેસ્ટમેન્ટ રિપોર્ટ ૨૦૨૬ અનુસાર, ભારત બે સ્થાન વધીને વિદેશી સીધા રોકાણ (એફડીઆઈ) મેળવનાર વિશ્વનો ૧૧મો સૌથી મોટું દેશ બન્યો છે. સેવાઓ, ઉત્પાદન અને સપ્લાય ચેઈનમાં સતત રોકાણ દ્વારા ભારતનું સ્થાન મજબૂત બનતા ભારતે ૨૦૨૫ માં એક મુખ્ય રોકાણ સ્થળ તરીકે પોતાની સ્થિતિ મજબૂત કરવાનું ચાલુ રાખ્યું હતું. ભારતમાં એફડીઆઈ પ્રવાહ ૨૦૨૫ માં આશરે ૪૪ ટકા વધીને ૩૮.૮૯ બિલિયન ડોલર થયો હતો. ૨૦૨૪ માં, ભારતે એફડીઆઈમાં ૨૭.૦૯ બિલિયન ડોલર મેળવ્યા હતા, તે વખતે ૧૩મા ક્રમે હતો. બીજીતરફ વિકાસશીલ દેશોમાં એફડીઆઈ



પ્રવાહ માત્ર ૨ ટકા વધ્યો હતો, વિકાસશીલ એશિયન દેશોમાં એફડીઆઈ પ્રવાહ ૩ ટકા વધ્યો છે. તેનાથી વિપરીત, ભારતની સ્થિતિ મજબૂત રહી છે. ચીનમાં એફડીઆઈ પ્રવાહ ૨૦૨૫ માં ઘટીને ૧૦૪.૬૬ બિલિયન ડોલર થયો હતો, જે ૨૦૨૪ માં ૧૧૬.૨૪ બિલિયન ડોલર હતો. જોકે, એફડીઆઈ પ્રવાહના સંદર્ભમાં ચીને તેનું ચોથું સ્થાન જાળવી રાખ્યું છે. સૌથી વધુ એફડીઆઈ પ્રવાહ ધરાવતો દેશ યુનાઈટેડ સ્ટેટ્સમાં પણ, પ્રવાહ ૨ ટકા ઘટીને ૨૭૭ બિલિયન એફડીઆઈ રહ્યો હતો. જોકે, ભારતમાં રોકાણ વધવા સાથે, ૨૦૨૫ માં દક્ષિણ એશિયામાં એફડીઆઈ પ્રવાહ વધીને ૪૬ બિલિયન ડોલર થયો, જે એક વર્ષ અગાઉ ૩૪ બિલિયન ડોલર હતો. અંકટાડ એ તેના અહેવાલમાં ચેતવણી આપી હતી કે ટેરિફ અનિશ્ચિતતા, સપ્લાય ચેઈન ફેરફારો અને નબળા વૈશ્વિક રોકાણ નવા ઉત્પાદન અને માળખાગત પ્રોજેક્ટ્સની ગતિને અસર કરી રહ્યા છે. ભારતમાં કુલ એફડીઆઈ પ્રવાહમાં વધારો થયો હોવા છતાં, પ્રોજેક્ટ સૂચકાંકો સાવચેતીભર્યું રોકાણ સૂચવે છે. ભારતમાં નવા પ્રોજેક્ટ્સમાં રોકાણ ૨૦૨૪ માં ૧૧૧.૧૪ બિલિયન ડોલરથી ઘટીને ૨૦૨૫ માં ૭૪.૧૨ બિલિયન ડોલર રહ્યું હતું.

### TCSના સારા પરિણામોને કારણે IT શેરોમાં ભારે ખરીદી નીકળી

## અમેરિકા-ઈરાન યુદ્ધ વચ્ચે ભારતીય શેરબજારમાં તેજી, સેન્સેક્સ-નિફ્ટીમાં મોટો ઉછાળો થયો

મુંબઈ

મિડલ ઈસ્ટમાં અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ સતત વધી રહ્યો હોવા છતાં ભારતીય શેરબજારમાં શુક્રવારે શાનદાર તેજી જોવા મળી રહી છે. વૈશ્વિક કટોકટી અને હોર્મુઝ જળમાર્ગ પર વધતા તણાવ વચ્ચે પણ બજારે મજબૂતી જાળવી રાખી છે. શુક્રવારે કારોબાર દરમિયાન Sensex 800 પોઈન્ટ અથવા 1.04% ના ઉછાળા સાથે 77,543 ના લેવલ પર ટ્રેડ કરી રહ્યો હતો. બીજી તરફ, Nifty પણ 250 પોઈન્ટ અથવા 1.04% વધીને 24,212 ના સ્તરે પહોંચી ગયો હતો. આ તેજીની વચ્ચે Nifty Bank માં પણ 680 પોઈન્ટનો જોરદાર વધારો જોવા મળ્યો છે. BSE સેન્સેક્સમાં જબરદસ્ત તેજી BSE ના ટોપ 30 શેરોની વાત કરીએ તો, Zomato અને Bharti Airtel ને બાદ કરતાં બાકીના તમામ 28 શેરો લીલા નિશાન સાથે કારોબાર કરી રહ્યા હતા. માર્કેટમાં




સૌથી વધુ તેજી TCS માં 3%, Adani Ports માં 2.50%, Tata Steel માં 2.37% અને Tech Mahindra ના શેરોમાં 2% ની નોંધાઈ હતી. ટાટા ગ્રુપની દિગ્ગજ કંપની અને ભારતની સૌથી મોટી આઈટી ફર્મ ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (TCS) ના ત્રિમાસિક પરિણામો અપેક્ષા કરતાં ઘણા સારા આવવાને કારણે આજે આઈટી શેરોમાં ભારે ખરીદી નીકળી હતી, જેણે સમગ્ર માર્કેટને મજબૂત સપોર્ટ આપ્યો હતો. TCS ની પાછળ Infosys, HCL Tech અને Wipro જેવી અન્ય IT કંપનીઓના શેરો પણ ઉછળ્યા હતા. વૈશ્વિક સ્તરે, સેમિકન્ડક્ટર અને AI શેરોમાં આવેલી શાનદાર ખરીદીને કારણે એશિયન માર્કેટ્સમાં પણ મોટો ઉછાળો જોવા મળ્યો હતો. સાઉથ કોરિયાનો Kospi ઈન્ડેક્સ 4% અને Hang Seng ઈન્ડેક્સ 2% સુધી વધી ગયા હતા. આ પોઝિટિવ સેન્ટિમેન્ટને કારણે ભારતીય માર્કેટમાં ડરનો ગ્રાફ દર્શાવતો ઈન્ડિકેટર India VIX 6% સુધી ગગડીને 12.63 ના લેવલ પર આવી ગયો હતો, જે બજારમાં સ્થિરતાનો સંકેત આપે છે.

### જીડીપી અંદાજમાં ઘટાડો છતાં વિશ્વના મોટા દેશોમાં ભારત ઝડપથી વિકસતા અર્થતંત્ર તરીકે જળવાઈ રહેશે

## અમેરિકા-ઈરાન વચ્ચે ફરી તણાવ ઊભો થતા ભારતના જીડીપી અંદાજમાં ઘટાડો

### ક્રુડ તેલના ઊંચા ભાવ તથા પરિવહન ખર્ચમાં વધારાથી ગ્રાહકોના સેન્ટિમેન્ટ તથા ખાનગી માગ પર પ્રતિકૂળ અસર થશે એમ એડીબીએ અંદાજમાં ઘટાડો કરવા પાછળના પોતાના કારણોમાં જણાવ્યું છે

મુંબઈ

અમેરિકા-ઈરાન વચ્ચે ફરી તણાવ ઊભો થતા વિવિધ રેટિંગ એજન્સીઓ દ્વારા ભારતના વર્તમાન નાણાં વર્ષ માટેના આર્થિક વિકાસ દરના અંદાજમાં ઘટાડો કરાયો છે. તણાવને કારણે ક્રુડ તેલના ભાવમાં ફરી ઉછાળો આવતા અંદાજમાં ઘટાડો આવી પડયો છે.

એશિયન ડેવલપમેન્ટ બેન્ક (એડીબી)એ તેના જુલાઈના રિપોર્ટમાં ભારતનો નાણાં વર્ષ ૨૦૨૭માં ભારતના આર્થિક વિકાસ દરના પોતાના અંદાજને ૬.૯૦ ટકા પરથી ઘટાડી ૬.૬૦ ટકા કર્યો છે.

ક્રુડ તેલના ઊંચા ભાવ તથા પરિવહન ખર્ચમાં વધારાથી ગ્રાહકોના સેન્ટિમેન્ટ તથા ખાનગી માગ પર પ્રતિકૂળ અસર થશે એમ એડીબીએ અંદાજમાં ઘટાડો કરવા પાછળના પોતાના કારણોમાં જણાવ્યું છે. બીજી બાજુ ઈન્ટરનેશનલ મોનિટરી ફન્ડ (આઈએમએફ) દ્વારા ભારતના જીડીપી અંદાજને ઘટાડી ૬.૪૦ ટકા કરાયો છે. ક્રુડ તેલના ઊંચા ભાવને





કારણે વપરાશકારોની ખરીદ શક્તિમાં ઘટાડો થશે જેને કારણે ખાનગી માગ નબળી પડશે એમ એડીબીએ જણાવ્યું હતું. અંદાજમાં ઘટાડો કરાયો હોવા છતાં મોટા અર્થતંત્રોમાં ભારત ઝડપથી વિકસતું અર્થતંત્ર જળવાઈ રહેશે તેવી પણ એડીબીએ અપેક્ષા વ્યકત કરી છે. વિદેશી મૂડી આકર્ષવા ભારત સરકાર દ્વારા નીતિવિષયક ટેકા, ઈંધણ પરના ટેકસમાં ઘટાડા, સેવા ક્ષેત્રની મજબૂત નિકાસ તથા ઊંચા જાહેર મૂડી ખર્ચને પરિણામે ભારત ઝડપથી વિકસતું અર્થતંત્ર બની રહેશે. આઈએમએફ દ્વારા ભારતના આર્થિક વિકાસ દરના પોતાના અંદાજને ૬.૫૦ ટકા પરથી સાધારણ ઘટાડી ૬.૪૦ ટકા કરાયો છે. જો કે નાણાં વર્ષ ૨૦૨૮ માટેનો અંદાજ ૬.૭૦ ટકા મુકાયો છે. ક્રુડ તેલના ઊંચા ભાવને કારણે ભારતના આયાત બિલમાં વધારો થયો છે જેને પરિણામે ડોલર સામે રૂપિયા પર દબાણ જોવા મળ્યું છે. જો કે જો જે ૭૦૦ અબજ ડોલરના ફોરેકસ રિઝર્વ સાથે ભારત ૧૧ મહિનાના આયાત બિલને પહોંચી વળવાની ક્ષમતા ધરાવે છે. અમેરિકા-ઈરાન વચ્ચે ફરી તણાવ ઊભો થતા વિવિધ રેટિંગ એજન્સીઓ દ્વારા ભારતના વર્તમાન નાણાં વર્ષ માટેના આર્થિક વિકાસ દરના અંદાજમાં ઘટાડો કરાયો છે. તણાવને કારણે ક્રુડ તેલના ભાવમાં ફરી ઉછાળો આવતા અંદાજમાં ઘટાડો આવી પડયો છે.

## સેન્સેક્સ 238 પોઈન્ટ વધીને 76,742 પર બંધ

- નિફ્ટીમાં 81 પોઈન્ટનો ઉછાળો રહ્યો, રિયલ્ટી અને મીડિયા શેર્સમાં વધુ ખરીદી

મુંબઈ

શેરબજારમાં આજે એટલે કે 9 જુલાઈએ વધારો જોવા મળ્યો. સેન્સેક્સ 238 પોઈન્ટના ઉછાળા સાથે 76,742 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 81 પોઈન્ટનો વધારો રહ્યો, તે 23,963 પર બંધ થયો. રિયલ્ટી અને મીડિયા શેર્સમાં આજે વધુ ખરીદી રહી. આ પહેલા ગઈકાલે એટલે કે 8 જુલાઈએ શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ 1677 પોઈન્ટ અથવા 2.15% ઘટીને 76,504 પર બંધ થયો હતો. જ્યારે નિફ્ટી 516 પોઈન્ટ અથવા



2.12% ઘટીને 23,882 પર બંધ થયો હતો. ક્ષેત્રીય સૂચકાંકોની દ્રષ્ટિએ, નિફ્ટી રિયલ્ટી, નિફ્ટી મીડિયા અને નિફ્ટી કન્ઝ્યુમર ડ્યુરેબલ્સમાં સૌથી નોંધપાત્ર વધારો જોવા મળ્યો. બીજી તરફ, નિફ્ટી આઈટી ઈન્ડેક્સ દબાણ હેઠળ રહ્યો, જેમાં સેક્ટરમાં વેચાણનો ટ્રેન્ડ જોવા મળ્યો. તે જ સમયે, નિફ્ટી આઈટી ઈન્ડેક્સ સૌથી વધુ ઘટાડા સાથેનું ક્ષેત્ર હતું, જેના કારણે ટેક શેરો પર દબાણ હતું. તાજેતરના દિવસોમાં પશ્ચિમ એશિયામાં વધતા ભૂ-રાજકીય તણાવને કારણે વૈશ્વિક નાણાકીય બજારોમાં ચિંતા વધી ગઈ છે. આ વચ્ચે, કોટક મહિન્દ્રા એસેટ મેનેજમેન્ટ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર નિલેશ શાહ, પ્રવર્તમાન ભૂ-રાજકીય પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રોકાણકારોને તેમની વળતરની અપેક્ષાઓ મધ્યમ રાખવાની સલાહ આપે છે.

# ભગવાન જગન્નાથજીની 149મી રથયાત્રા પૂર્વે અમદાવાદ પોલીસ એક્શન મોડમાં

## કોમી દ્રષ્ટિએ સંવેદનશીલ અને અતિ-સંવેદનશીલ ગણાતા વિસ્તારોમાં પોલીસ કાફલાએ પગપાળા ફરીને સ્થિતિની સમીક્ષા કરી હતી

અમદાવાદ

અમદાવાદના આરાધ્ય દેવ ભગવાન જગન્નાથજીની આગામી ૧૪૯મી ભવ્ય રથયાત્રાને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે, ત્યારે સમગ્ર શહેરમાં ભક્તિ અને ઉત્સાહનો માહોલ જામી રહ્યો છે. આ આખીય રથયાત્રા શાંતિપૂર્ણ, કોમી એકતા અને કડક સુરક્ષા વચ્ચે સંપન્ન થાય તે માટે અમદાવાદ સિટી પોલીસ અત્યારથી જ એક્શન મોડમાં આવી ગઈ છે. રથયાત્રાના રૂટ પર સુરક્ષા વ્યવસ્થાને લોખંડી અને વધુ મજબૂત બનાવવાના ભાગરૂપે અમદાવાદ પોલીસ દ્વારા એક વિશેષ અને વ્યાપક 'ફૂટ પેટ્રોલિંગ'નું આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદ સિટી પોલીસના ઉચ્ચ પોલીસ અધિકારીઓની સીધી દેખરેખ અને આગેવાની હેઠળ આ મેગા ફૂટ પેટ્રોલિંગ યોજાયું હતું. જેમાં કોઈ એકાદ શાખા નહીં, પરંતુ શહેરની સુરક્ષાની કરોડરજ્જુ ગણાતી તમામ મહત્વની એજન્સીઓ જેવી કે: સાયબર ક્રાઈમ સેલ (Cyber Crime), ક્રાઈમ બ્રાન્ચ (Crime Branch), એસ.ઓ.જી. (Special Operation Group - SOG) સહિત સ્થાનિક પોલીસ સ્ટેશનના જવાનો અને મહિલા પોલીસ કર્મચારીઓ પણ આ કવાયતમાં મોટા પાયે જોડાયા હતા.

રથયાત્રા જે-જે વિસ્તારોમાંથી પસાર થવાની છે તે તમામ રૂટ, ખાસ કરીને કોમી દ્રષ્ટિએ સંવેદનશીલ અને અતિ-સંવેદનશીલ ગણાતા વિસ્તારોમાં પોલીસ કાફલાએ પગપાળા ફરીને સ્થિતિની સમીક્ષા કરી હતી. પોલીસ અધિકારીઓએ રૂટ પર આવતા ધાબા, મકાનોની ભૌગોલિક સ્થિતિ અને અવાવરૂ જગ્યાઓનું પણ બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું. આ પેટ્રોલિંગનો મુખ્ય હેતુ સુરક્ષામાં રહેલી કોઈ પણ નાની ખામીને સમયસર શોધીને તેને સુધારવાનો અને લો એન્ડ ઓર્ડર જાળવી રાખવાનો છે.

આ વર્ષે માત્ર જમીન પર જ નહીં, પરંતુ ડિજિટલ પ્લેટફોર્મ પર પણ લોખંડી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. સાયબર ક્રાઈમની ટીમ સોશિયલ મીડિયા પર સતત વોચ રાખી રહી છે જેથી રથયાત્રા દરમિયાન કોઈ અસામાજિક તત્વો અફવાઓ ન ફેલાવે કે કોમી વૈમનસ્ય ઉભું ન કરી શકે. શંકાસ્પદ પોસ્ટ કરનારાઓ સામે તાત્કાલિક કડક પગલાં લેવાની પણ તૈયારીઓ કરી લેવામાં આવી છે.

આ ફૂટ પેટ્રોલિંગ દરમિયાન પોલીસ અધિકારીઓએ સ્થાનિક નાગરિકો અને શાંતિ સમિતિના સભ્યો સાથે પણ સંવાદ સાધ્યો હતો અને રથયાત્રાને શાંતિપૂર્ણ રીતે આવકારવા અપીલ કરી હતી. અમદાવાદ પોલીસે સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે 'નાગરિકોની સુરક્ષા એ જ અમારો પરમ સંકલ્પ છે.' પોલીસની આ સરાહનીય અને આક્રમક સુરક્ષા સમીક્ષાને પગલે શહેરીજનોમાં પણ સુરક્ષાનો અહેસાસ મજબૂત બન્યો છે અને ૧૪૯મી રથયાત્રાના શાંતિપૂર્ણ આયોજન માટેનો આત્મવિશ્વાસ વધ્યો છે.

### ■ પોલીસ બંદોબસ્તની સાથે કોર્પોરેશનની ટીમ હાજર રહેશે: મેયર

મેયર હિતેશ બારોટે જણાવ્યું કે, 16મી તારીખે નીકળનારી ભગવાન જગન્નાથની 149મી રથયાત્રાના રૂટનું આજે જગન્નાથ મંદિરના ટ્રસ્ટી, ડેપ્યુટી મેયર, ચેરમેન અને ધારાસભ્ય કૌશિકભાઈની આગેવાનીમાં નિરીક્ષણ કરવામાં આવ્યું છે.

કોર્પોરેશન દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ આગોતરું આયોજન કરાયું છે, જેમાં રૂટ પરના તમામ જર્જરિત મકાનોને નોટિસ આપીને જે ઉતારવા જેવા ભાગ હતા તે ઉતારી લેવાયા છે અને સુરક્ષા માટે ત્યાં ગ્રીન કવર કે પતરા લગાડી દેવાયા છે. આ ઉપરાંત રથને કે શ્રદ્ધાળુઓને અડચણ ન થાય તે માટે મોટા વૃક્ષોનું નિરીક્ષણ કરી તેનું ટ્રિમિંગ કરવામાં આવશે.

### ■ એક પણ જગ્યાએ કોઈ ખામી જોવા મળી નથી : મંદિર ટ્રસ્ટી

જમાલપુર જગન્નાથ મંદિરના ટ્રસ્ટી મહેન્દ્ર ઝાએ જણાવ્યું કે, ભગવાન જગન્નાથજીની રથયાત્રાને લઈને કોર્પોરેશન અને પોલીસ વિભાગ દ્વારા ખૂબ જ સરાહનીય કામગીરી કરવામાં આવી છે. જમાલપુર મંદિરથી ભગવાનના મોસાળ સરસપુર રણછોડજી મંદિર સુધીના સમગ્ર રૂટનું નિરીક્ષણ કરવામાં આવ્યું, જેમાં એક પણ જગ્યાએ એવી કોઈ ખામી જોવા મળી નથી. આ વખતે તંત્ર દ્વારા અગાઉ જ તમામ કામો પૂર્ણ કરી લેવામાં આવ્યા છે, જેનો અમને ઘણો હર્ષ છે. કોર્પોરેશન અને પોલીસ દ્વારા સારી કામગીરી કરવામાં આવી છે. યાત્રા દરમિયાન મુસાફરો અને ભક્તોની તબીબી સહાય માટે હેલ્થ વિભાગ દ્વારા રથયાત્રાની આગળ અને પાછળ 1-1 એમ્બ્યુલન્સ દોડતી રાખવામાં આવશે.




# ડેટા સેન્ટર્સને સ્ટેમ્પ ડ્યુટીમાંથી મુક્તિ, 'સિંગલ વિન્ડો સિસ્ટમ' થી પ્રોજેક્ટ મંજૂરી, નવી પોલિસી જાહેર કરાઇ

## વૈશ્વિક સ્તરે ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં મોટા પાયે રોકાણ આકર્ષવાના હેતુથી ઘડવામાં આવેલી આ પોલિસીના મુખ્ય લક્ષ્યાંકોમાં 7.5 ગીગાવોટ ડેટા સેન્ટર ક્ષમતા વિકસાવવાનો સમાવેશ થાય છે

અમદાવાદ

વિશ્વમાં અંદાજે 12 હજાર ડેટા સેન્ટર્સ છે અને તેમાંથી 70 ટકા અમેરિકા-ચીનમાં છે. એટલું જ નહીં, વિશ્વના કુલ ડેટામાં ભારતનો હિસ્સો વૈશ્વિક ડેટા સેન્ટરમાં માત્ર 3 ટકા છે. હવે દેશ અને ગુજરાતને અગ્રણી હાઈપર્સ્કેલ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત ડેટા સેન્ટર વિકસિત કરવા માટે 'વિકસિત ગુજરાત ડેટા સેન્ટર નીતિ 2026-29' જાહેર કરવામાં આવી છે.



વૈશ્વિક સ્તરે ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં મોટા પાયે રોકાણ આકર્ષવાના હેતુથી ઘડવામાં આવેલી આ પોલિસીના મુખ્ય લક્ષ્યાંકોમાં 7.5 ગીગાવોટ ડેટા સેન્ટર ક્ષમતા વિકસાવવાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ધોલેરામાં સ્થાપિત પ્રોજેક્ટ માટે 10 વર્ષ સુધી 2.5 ટકા મૂડી સહાય અપાશે. એટલું જ નહીં સ્ટેમ્પ ડ્યુટી-નોંધણી ફીમાંથી 100 ટકા મુક્તિ, પ્લાન્ટ મશીનરી-બિલ્ડિંગ-ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઓપરેશન સેવા પર 100 ટકા સુધીની એસજીએસટીની ભરપાઈ કરવામાં આવશે. રાજ્ય સરકારના જણાવ્યાનુસાર, ગુજરાતને કુલ 10 ગીગાવોટ ક્ષમતાના ડેટા સેન્ટરના પ્રસ્તાવો મળ્યા છે. જેમાંથી 8 ગીગાવોટ સુધીની ક્ષમતા વિકસાવવાનું રાજ્ય સરકારનું આયોજન છે. આ માત્ર ડેટા સ્ટોરેજ પૂરતું મર્યાદિત નથી, પરંતુ આ સમગ્ર દેશ અને દુનિયા માટે એક સંપૂર્ણ એઆઈ ઈકોસિસ્ટમ તૈયાર કરવાનો એક ભાગ છે. માત્ર ધોલેરામાં જ પોલિસીની ક્ષમતા કરતાં બમણી ડિમાન્ડ છે. જેના કારણે ધોલેરામાં વિશ્વનું સૌથી મોટું ડેટા સેન્ટર સિટી બનશે. ડેટા સેન્ટર સ્થાપવાની સાથે આગામી સમયમાં ધોલેરાને ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સનું હેડક્વાર્ટર બનાવાશે. ડેટા સેન્ટરમાં વીજળી અને પાણીની જરૂરિયાત મહત્તમ હોય છે. આ પોલિસી હેઠળ ડેટા સેન્ટરોમાં વપરાતી કુલ ઊર્જામાંથી 51 ટકા ઊર્જા ફરજિયાતપણે ગ્રીન એનર્જી જ વાપરવી પડશે. આ ઉપરાંત ખેડૂતો કે અન્ય ઉદ્યોગોના ભોગે નહીં, પરંતુ દરિયાના પાણીને મીઠું કરવા માટેના ડીસેલીનેશન પ્લાન્ટ પર ભાર મૂકીને પાણી પુરવઠો આપવામાં આવશે.

# અમદાવાદમાં DPS સ્કૂલની બસનો ભયાનક અકસ્માત: પૂરપાટ ઝડપે આવતી બસે એક્ટિવા સવાર યુવકને કચડ્યો

અમદાવાદ

શહેરમાં સ્કૂલ બસોના ચાલકો બેફામ બન્યા હોય તેમ વધુ એક હૃદયદ્રાવક અકસ્માતની ઘટના સામે આવી છે. અમદાવાદના શાસ્ત્રીનગર વિસ્તારમાં ડીપીએસ (DPS) સ્કૂલની બસે એક એક્ટિવા સવાર યુવકને અડફેટે લેતા તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. અકસ્માત એટલો ભયાનક હતો કે પૂરપાટ ઝડપે આવતી બસે યુવકને સરેઆમ કચડી નાખ્યો હતો. આ દુર્ઘટનાને પગલે સ્થાનિકોમાં ભારે રોષ ફાટી નીકળ્યો હતો.

મળતી વિગતો મુજબ, શાસ્ત્રીનગર પાસે આવેલા રોડ પરથી એક યુવક પોતાનું એક્ટિવા લઈને પસાર થઈ રહ્યો હતો. બરાબર એ જ સમયે માતેલા સાંઢની જેમ દોડતી DPS સ્કૂલની એક બસના ચાલકે સ્પીડ પરનો કાબૂ ગુમાવ્યો હતો અને એક્ટિવા સવાર યુવકને જોરદાર ટક્કર મારી દીધી હતી. ટક્કર વાગતા જ યુવક રોડ પર પટકાયો હતો અને બસના તોતિંગ વ્હીલ નીચે આવી જતાં તેનું ઘટનાસ્થળે જ પ્રાણપંખેરું ઊડી ગયું હતું.

અકસ્માત સર્જાયા બાદ આસપાસના લોકો મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા. ભીડ એકઠી થતી જોઈને કાયદાના ડરથી સ્કૂલ બસનો ડ્રાઈવર અને કંડક્ટર વાહન મૂકીને ત્યાંથી નવદોગિયારા થઈ ગયા હતા એટલે કે ફરાર થઈ ગયા હતા.

**સોલા હાઇકોર્ટ પોલીસે બોલેરો ગાડી અને લોખંડના ફર્મા સાથે ત્રણ રીઢા ગુનેગારોને દબોચ્યા!**

# અમદાવાદના છારોડીમાં કન્સ્ટ્રક્શન સાઈટ પર ત્રાટકનારી 'શટરિંગ ચોર ગેંગ'નો પર્દાફાશ

અમદાવાદ

અમદાવાદ શહેરમાં બાંધકામ સાઈટો પરથી મોંઘા સાધનો અને લોખંડની ચોરી કરતી ગેંગ સામે સોલા હાઈકોર્ટ પોલીસે લાલ આંખ કરી છે. અમદાવાદના છારોડી વિસ્તારમાં આવેલી એક નવી બનતી કન્સ્ટ્રક્શન સાઈટ પરથી લાખો રૂપિયાના શટરિંગના સાધનો (લોખંડના ફર્મા) ચોરી કરનાર ત્રિપુટીને પોલીસે ગણતરીના દિવસોમાં ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધી છે. પોલીસની આ ત્વરિત કાર્યવાહીથી કન્સ્ટ્રક્શન વ્યવસાય સાથે સંકળાયેલા બિલ્ડરો અને કોન્ટ્રાક્ટરોએ રાહતનો શ્વાસ લીધો છે.

મળતી વિગતો મુજબ, છારોડીમાં નવી બની રહેલી 'શિવાય અલાય' નામની બિલ્ડિંગ સાઈટ પરથી બાંધકામમાં સ્લેબ ભરવા માટે ઉપયોગમાં લેવાતા કિંમતી લોખંડના ફર્મા (શટરિંગ) રાતોરાત ગાયબ થઈ ગયા હતા. સાઈટ પર ચોરી થઈ હોવાની જાણ થતાં જ સોલા હાઈકોર્ટ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસે ગુનાની ગંભીરતાને સમજીને તાત્કાલિક અલગ-અલગ ટીમો બનાવી, સીસીટીવી ફૂટેજ અને બાતમીદારોના નેટવર્કને એક્ટિવ કરીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.




સોલા હાઈકોર્ટ પોલીસે સચોટ બાતમીના આધારે વોચ ગોઠવીને આ ચોરી કરનાર ગેંગના ત્રણ સાગરીતોને રાઉન્ડઅપ કર્યા હતા. પકડાયેલા આરોપીઓના નામ નીચે મુજબ છે: ૧. અબ્દુલશા દિવાન, ૨. ઈમરાન પઠાણ, ૩. સલમાન પઠાણ પોલીસે આ આરોપીઓ પાસેથી ચોરીમાં ગયેલા તમામ લોખંડના ફર્મા તેમજ ચોરીના માલની હેરફેર કરવા માટે ઉપયોગમાં લેવાયેલી મહિન્દ્રા બોલેરો ગાડી સહિત કુલ ૩.૧૦ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે આ કોઈ સામાન્ય ચોર નથી, પરંતુ રીઢા ગુનેગારો છે. પકડાયેલા આરોપીઓ પૈકી ઈમરાન પઠાણ અને સલમાન પઠાણ અમદાવાદ ગ્રામ્યના ધોળકા પંથકમાં પણ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે અને અગાઉ પણ ગુનાઓમાં સંડોવાયેલા છે.

**ગુજરાત યુનિ.એ તમામ વિભાગોને આપ્યા મહત્વના નિર્દેશ**

# કેમ્પસ સુરક્ષા માટે તમામ વિભાગોને જવાબદારી સોંપાઇ

## વિદ્યાર્થીઓ, શિક્ષકો અને કર્મચારીઓની સલામતીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને સમયસર રિપેરિંગ કરવાની જવાબદારી સંબંધિત અધિકારીઓને સોંપવામાં આવી છે

અમદાવાદ

ગુજરાત યુનિવર્સિટીએ કેમ્પસને વધુ સુરક્ષિત, સુવ્યવસ્થિત અને શૈક્ષણિક રીતે વધુ સક્ષમ બનાવવા માટે કેટલાક મહત્વના નિર્ણયો લીધા છે. યુનિવર્સિટી પ્રશાસન દ્વારા તમામ વિભાગો અને સંલગ્ન સંસ્થાઓને શૈક્ષણિક ભવનની સુરક્ષા અને જાળવણી પર વિશેષ ધ્યાન આપવા માટે કડક સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત, કેમ્પસમાં કોઈપણ પ્રકારની અનધિકૃત પ્રવૃત્તિ રોકવા માટે સિક્યુરિટી એજન્સીને હાઈ એલર્ટ પર રહેવા જણાવાયું છે. બીજી તરફ, ભવિષ્યની શૈક્ષણિક યોજનાઓ અને વિકાસના રોડમેપ માટે તમામ વિભાગો પાસેથી પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન (PPT) પણ મંગાવવામાં આવ્યું છે. ગુજરાત યુનિવર્સિટીના કુલસચિવ (Registrar) દ્વારા તમામ વિભાગોના વડાઓ, ડિપાર્ટમેન્ટના ડાયરેક્ટર અને એસ્ટેટ વિભાગને આ અંગે સત્તાવાર પત્ર લખવામાં આવ્યો છે. આ પત્રમાં શૈક્ષણિક બિલ્ડિંગની નિયમિત તપાસ કરીને તેની યોગ્ય જાળવણી સુનિશ્ચિત કરવા આદેશ કરાયો છે.

બિલ્ડિંગમાં કોઈપણ પ્રકારની તિરાડ, માળખાકીય ખામી, વીજ વ્યવસ્થામાં ગરબડ, પાણીની લાઈનનું લીકેજ અથવા અન્ય કોઈ સુરક્ષા સંબંધિત ખામી જણાય તો તેનું તાત્કાલિક સમારકામ કરાવવા જણાવાયું છે.

વિદ્યાર્થીઓ, શિક્ષકો અને કર્મચારીઓની સલામતીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને સમયસર રિપેરિંગ કરવાની જવાબદારી સંબંધિત અધિકારીઓને સોંપવામાં આવી છે.

સમગ્ર કેમ્પસમાં કાયદો અને વ્યવસ્થા તેમજ સુરક્ષા વ્યવસ્થા વધુ કડક બનાવવા માટે યુનિવર્સિટીએ વિશેષ ગાઈડલાઈન જાહેર કરી છે. કેમ્પસમાં કોઈપણ શંકાસ્પદ વ્યક્તિ, અનધિકૃત પ્રવૃત્તિ કે અજાણી બિનવારસી વસ્તુ જોવા મળે તો તેની તાત્કાલિક જાણ યુનિવર્સિટીના સુરક્ષા વિભાગને કરવાની રહેશે. સુરક્ષા એજન્સી સાથે સતત સંકલન રાખીને વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ માટે ભયમુક્ત વાતાવરણ જળવાઈ રહે તે માટે પ્રોફેસરો અને વહીવટી સ્ટાફને સતર્ક રહેવા જણાવાયું છે. વિદ્યાર્થીઓની સલામતીને ધ્યાનમાં રાખીને ખાસ તકેદારી રાખવા સિક્યુરિટી એજન્સીને પણ અલગથી તાકીદ કરવામાં આવી છે. શૈક્ષણિક ગુણવત્તા સુધારવા માટે ગુજરાત યુનિવર્સિટી દ્વારા તમામ વિભાગોને તેમની ઉપલબ્ધિઓ, પડકારો અને આગામી કાર્યયોજનાને આવરી લેતું પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન તૈયાર કરવા જણાવાયું છે.

# અમિત શાહના હસ્તે રૂપિયા 60.68 કરોડના ખર્ચે બનેલા 188 આધુનિક આવાસોનું થશે ઈ-લોકાર્પણ

અમદાવાદ

અમદાવાદમાં ફરજ બજાવતા રાજ્ય સરકારના અધિકારીઓ અને કર્મચારીઓ માટે ખૂબ જ મોટા અને આનંદના સમાચાર સામે આવ્યા છે. સરકારી કર્મચારીઓને તેમના ફરજના સ્થળે જ તમામ સુવિધાઓથી સજ્જ અને આધુનિક રહેઠાણ મળી રહે તેવા ઉદાત્ત અભિગમ સાથે સરકારે એક મોટો પ્રોજેક્ટ પૂર્ણ કર્યો છે. આગામી તા. 12 જુલાઈના રોજ કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે અમદાવાદ ખાતે નવનિર્મિત 188 સરકારી આવાસોનું ભવ્ય ઈ-લોકાર્પણ થવા જઈ રહ્યું છે.

રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ સમગ્ર પ્રોજેક્ટનું આયોજન અને નિર્માણ કરવામાં આવ્યું છે. ગુણવત્તાયુક્ત કન્સ્ટ્રક્શન અને આધુનિક સુવિધાઓને ધ્યાનમાં રાખીને કુલ 4 ગગનચુંબી ટાવરો તૈયાર કરવામાં આવ્યા છે. આ પ્રોજેક્ટ પાછળ સરકારે કુલ 60.68 કરોડનો માતબર ખર્ચ કર્યો છે. આ ટાવરોમાં ૨૪ કલાક પાણી, સિક્યોરિટી, પાર્કિંગ, લિફ્ટ અને બાળકો માટે પ્લે-એરિયા જેવી તમામ જરૂરી વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવી છે.



**અમદાવાદમાં સરકારી કર્મચારીઓ માટે દિવાળી જેવો માહોલ**

આ પ્રોજેક્ટની સૌથી મોટી ખાસિયત એ છે કે આમાં કોઈ એક ચોક્કસ કેડર નહીં, પરંતુ રાજ્ય સરકારની સેવામાં કાર્યરત વિવિધ વર્ગના કર્મચારીઓનો ખ્યાલ રાખવામાં આવ્યો છે. આ લોકાર્પણ બાદ સરકારી સેવાના: વર્ગ-1 (ક્લાસ-1), વર્ગ-2 (ક્લાસ-2), વર્ગ-3 (ક્લાસ-3)ના કુલ 188 અધિકારીઓ અને કર્મચારીઓને પરિવાર સાથે રહેવા માટે આ સરકારી આવાસોની ફાળવણી કરવામાં આવશે.

સરકારના આ સકારાત્મક નિર્ણયથી કર્મચારીઓને હવે ખાનગી સોસાયટીઓ જેવા જ આધુનિક અને સુરક્ષિત મકાનો સરકારી ક્વોટર્સ તરીકે મળશે. ફરજના સ્થળની નજીક જ આવા ઉત્તમ આવાસો મળવાને કારણે કર્મચારીઓનો મુસાફરીનો સમય બચશે, જેની સીધી હકારાત્મક અસર તેમની કાર્યક્ષમતા પર પડશે. પોતાના પરિવારને એક સારું અને સુવિધાજનક વાતાવરણ મળવાને કારણે કર્મચારીઓમાં પણ ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. તા. 12 જુલાઈના આ કાર્યક્રમને લઈને તંત્ર દ્વારા તમામ વહીવટી તૈયારીઓ આખરી ઓપમાં છે.

# 195 ગામડાઓમાંથી સુભાષબ્રિજ-વસ્ત્રાલ RTOમાં નોંધણી કરાવશો તો AMC ટેક્સ લેશે

## SMCમાં આ નિયમ લાગુ કરવામાં આવેલો હોવાથી હવેથી SMC પાસેથી AMCને શીખ લઈને આ નિર્ણય લીધો

અમદાવાદ

અમદાવાદ, ગાંધીનગર, ખેડા અને મહેસાણા જિલ્લાની આસપાસના ગામડાઓના રહેવાસીઓ હવે જો અમદાવાદના સુભાષ બ્રિજ અને વસ્ત્રાલ આરટીઓમાંથી ગાડી પાર્સિંગ કરાવશે તો તેમણે અમદાવાદ કોર્પોરેશનનો વ્હીકલ ટેક્સ ચૂકવવો પડશે. આજે 10 જુલાઈના રોજ મળેલી રેવન્યુ કમિટીની પ્રથમ બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. જોકે ગાંધીનગર અથવા મહેસાણા આરટીઓમાંથી પાસિંગ થશે તો તેમણે AMCનો ટેક્સ ચૂકવવો પડશે નહી. સુરત મહાનગરપાલિકામાં આ નિયમ લાગુ કરવામાં આવેલો હોવાથી હવેથી સુરત મહાનગરપાલિકા પાસેથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને શીખ લઈને આ નિર્ણય લીધો છે. રેવન્યુ કમિટીના ચેરમેન મુકેશ પટેલ અને ડેપ્યુટી ચેરમેન વિરાટ પુરોહિતે જણાવ્યું હતું કે આજે મળેલી રેવન્યુ કમિટીની બેઠકમાં અમદાવાદ જિલ્લાના સાણંદ, દસ્ક્રોઈ અને ધોળકા તેમજ ગાંધીનગરના કલોલ, કડી, દહેગામ, ગાંધીનગર, ખેડા જિલ્લાના મહેમદાવાદ, ખેડા અને મહેસાણા જિલ્લાના કડી તાલુકાના 195 જેટલા ગામો જે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની 10 કિલોમીટરની ત્રિજ્યામાં આવતા હોય તેઓ અમદાવાદના સુભાષ બ્રિજ અને વસ્ત્રાલ આરટીઓમાંથી જો વાહન પાસિંગ કરાવશે તો તેમણે મ્યુનિસિપલ કોર્પોરેશનનો વ્હીકલ ટેક્સ ચૂકવવો પડશે.



જેનાથી વાર્ષિક 10 કરોડ રૂપિયાની આવક વધારે થઈ શકે તેવો અંદાજ છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં ઉપયોગમાં લેવાતા વાહનો ઉપર વાહનવેરો વસૂલવાની જોગવાઈ છે. તેમ છતાં હાલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદને અડીને આવેલા AUDA તથા ગ્રામપંચાયત વિસ્તારોના ઘણા વાહન માલિકો નવું વાહન ખરીદતી વખતે ગ્રામ પંચાયતનો રહેઠાણનો દાખલો રજૂ કરીને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો વાહનવેરો ભરતા નથી, પરંતુ તેઓ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના રોડ-રસ્તાઓનો નિયમિત ઉપયોગ કરે છે. પરિણામે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને આવકનું નુકસાન થાય છે તથા સમાન પરિસ્થિતિમાં શહેરના રહેવાસીઓ વાહનવેરો ભરે છે જ્યારે AMC હદને અડીને આવેલા બહારના વિસ્તારોના વાહન માલિકો વેરો ભર્યા વિના સમાન સુવિધાનો લાભ લેતા હોવાથી સમાનતા જળવાતી નથી.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI